ઓપિનિયન

यो वै भूमा तत् सुखम्।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 18 • પ્રકરણ : 02 • સળંગ અંક : 206 | **26 મે 2012** | **ડિજિટલ અવતાર – છવીસ**

वृतेश्च वाग्डम्बरः।

• વિપુલ કલ્યાણી

'કેટલાક લોકો ઘંટી જેવા હોય છે; તેઓ પીસે છે બીજાને, અને બૂમો પોતે પાડે છે.'

– રામકૃષ્ણ પરમહંસ

•

આજકાલ વિલાયતમાં, જેમ્સ અને રૂપર્ટ મરડોકના પટ હેઠળ, 'ન્યૂઝ ઇન્ટરનેશનલ'ની કામ કરવાની પદ્ધતિ વિશે, જ્યાં ત્યાં, ઉપરતળે, ચર્ચા જામેલી છે. પોલિસ તરતપાસ તો થઈ; મેલું સંકેલી લેવાનાં કહેવાતાં કારસ્તાન થયાં; સંસદગૃહોમાં લાંબી ચર્ચાઓ ચાલી; સંસદીય સમિતિઓમાં પેશગી થઈ; છાલાં કાઢી લેતો હેવાલ પણ પ્રસિદ્ધ થયો; અને લૉર્ડ લેવેસનના વડપણ હેઠળના અધિકૃત ન્યાયી તપાસ પંચમાં ય તેનાં વિષદ પરિણામોની ચકાસણી થવા લાગી. સમૂહ-માધ્યમોમાં ય જાણે કે લાંબા અરસાથી તે છલોછલ છવાઈ રહ્યો. સો વાતની એક વાત : છપ્પનની છિનાળી કાઢવી થઈ ! રૂપર્ટ મરડોક સામે, એક દા, આંગળી સુધ્ધાં ચીંધી શકાતી નહોતી ત્યાં આજે વસમી અને ઘાતક પસ્તાળ પડી રહી છે. 'ન્યૂઝ ઇન્ટરનેશનલ'ના તાબાવાળા સમૂહ-માધ્યમોમાં પોતાની જાત અને વાત આવ્યા કરે તેની જીજિવિષા રાખતા રાજકારણીઓ અને રાજકીય પક્ષો ય હવે છત્રીસ ઈંચના પનાની છાતી કાઢતા થઈ ગયા છે ! મુલકી વડા પ્રધાન જે આરંભથી તેમની આરતી ઉતાર્યા કરતા હતા તે ય હવે કાગારોળ કરે છે. અરે, તિસમારખાં ય સામૂકા નબળાં જાહેર થાય તેવી સેખી વચ્ચાળે જાણે કે જાજમ હેઠળ કચરોકૂડો હડસેલ્યા કરે છે. ટૂંકામાં, બાજી બદલાઈ ગઈ છે અને તેથી ચાલ નોખી પડે છે. … ખેર ! અભિવ્યક્તિને નામ ત્રાગડાં છે; લોકશાહીને નામ ચોપાટની રમત જામેલી છે.

> **सहचिन्तनम् करवावहै !**
>
> …જાગતિક સવાલો પર આપણી નજર રહેવી જોઈશે જ, પણ ઘરઆંગણે હિંદની જે વિકટ સમસ્યાઓ છે તેની ઉપર આપણું ધ્યાન સવિશેષ કેન્દ્રિત થવું જોઈશે. ગુજરાતના નાના મોટા પ્રશ્નો નરવી રીતે સમજવા મથવું એ તો સૌથી મહત્ત્વનું છે. દુનિયાના પરિચય દ્વારા માણસે જાતપરિચય પામવાનો છે. દુનિયાની ઘટનાઓની ઓળખ દ્વારા ગુજરાતમાં બનતી ઘટનાઓની ઓળખ વધુ સ્વચ્છ–વધુ સુરેખ કરવાની છે, જ્યાં ઊભા છીએ ત્યાં કામ કરવાની શક્તિ વધુ ધારદાર બનાવવાની છે.
>
> રાષ્ટ્રસંઘના પ્રથમ મંત્રી દાગ હેમરશુલ્ડે કહ્યું છે તેમ "આપણા જમાનામાં પવિત્ર જીવનનો માર્ગ અવશ્યપણે કર્મની સૃષ્ટિમાંથી જ પસાર થાય છે." ફરજનો બોજ ફગાવી દઈને નહીં પણ એ ઉમંગભેર ઉઠાવીને જ માણસ હળવો ફૂલ ફરી શકે.
>
> આમ માનનારા સૌએ એકમેકને શોધતા–કહેતા રહેવું જોઈએ: ચાલો, આપણે સાથે વિચારીએ – सहचिन्तनम् करवावहै !
>
> ૭–૮–૧૯૬૮ ઉમાશંકર જોશી

સદ્‌ભાવ : "નિરીક્ષક"

અને હવે, દોસ્ત, જરા ધીરા પડીએ. ખોખારો ખાઈએ, જોઈએ તો પાણીનો ઘૂંટ પણ પીએ અને પછી સ્વસ્થતાથી આવી ઘટનાને આપણા માહોલમાં પ્રતિબિંબિત કરી લઈએ. આપણી ચોમેરેય વરવું ચિત્ર નથી શું ? ગુજરાતી સમાજમાં, ભલા, કેવુંક જોવા અનુભવવા મળે ? અહીંયાં અને ત્યાંની વારતા માંડવા જેવી છે. ખરું કે નહીં ?

તળ ગુજરાતમાં, ધોરી માર્ગના બે જોધમલ્લ ધુણીરો માંહેમાંહે બાઝતા રહ્યા, અને જેને તેને પોતાની જોડે અને / અથવા સામાવાળાની ઝોળીમાં બેસાડતા ગયા. આવાં છાપાંના વેપાર જો કે જોરમાં રહ્યા - હા, ગ્રાહક, વાચકને સરિયામ ભોગે. તેમાં કોમની સેવાની વાત ક્યાંથી વર્તાતી હોય ! ટૂંકામાં, એક દા જે 'મિશન' હતું તે 'કમિશન' બની બેઠું હતું, અને મલાઈ જમવાની જ મૂળગત લડાઈ ખેલાતી રહી. અહીં, વિલાયતમાં, આથી કોઈ નોખું ચિત્ર હતું કે ? તપાસવા જેવું છે.

લાંબા પટે નિહાળીએ તો ઠેર ઠેર પથરાયેલા ગુજરાતી આલમમાં એક છદ્મવેશી તિરાડ જોવા મળે છે. આવું આફ્રિકે અનુભવ્યું અને હવે વિલાયતમાં પણ … હું વાત કરું છું વેપારી વર્ગ અને વ્યવસાયી વર્ગ વચ્ચેની મસ્સમોટી દીવાલની. દક્ષિણ આફ્રિકામાં, કદાચ, મો.ક. ગાંધીને "ઇંડિયન ઓપીનિયન" સારુ છૂટો હાથ હતો. જ્યારે કેન્યામાં, ઉદાહરણરૂપે "ડેયલી ક્રૉનિકલ"ને સતત પડકાર રહ્યો. હારૂન અહમદ, પ્રાણલાલ શેઠ જેવા જેવાઓને આ મતમતાંતર નવ નેજાં પાણી ઊતારતું હતું. કદાચ આવી હોંસાતોંસીને કારણે આ જાજ્વલ્યમાન સામયિકને સમેટી લેવાનો વારો આવેલો. ત્યાંના ગુજરાતી ભાષી સામયિકોમાં, બહુધા, વેપારીવર્ગની બોલબાલા રહેલી. ગુજરાતી ડાયસ્પોરા જગતમાંના મુંબઈ, કલકત્તા, કરાંચી શા નગરોથી પ્રગટ થતાં ગુજરાતી સામયિકોની વલે તપાસવા, ચકાસવા જેવી ખરી. આવું આજે વિલાયત અને અમેરિકાના પટમાં ય ખરું. જાહેરખબરિયા વર્ગની વગ અને વેપાર વણજના અગ્રેસરોની 'પકડ' પૂરે વચ્ચ હોવાની અનેક સાહેદીઓ સાંપડે છે.

મેઘનાદ દેસાઈની "સન્ડે એક્સપ્રેસ"માં આવતી સાપ્તાહિકી કતાર રોચક હોય છે. છઠ્ઠી મે 2012ના અંકમાં 'Respectfully Yours' નામે પ્રગટ લેખમાં, ભારત નામે મુલકમાં લોકશાહીને નામે 65 સાલથી પ્રવર્તતી સામંતશાહી માનસિકતાની એમણે સોજ્જી રજૂઆત કરી છે. ચૂંટણી બાદ, ધારાસભ્યો અને સાંસદો રજવાડાના ભાયાતો હોય અને રાજકુંવરો/કુંવરીઓની જેમ વર્તતાં જોવા મળે છે, તેવું એમનું માનવું હતું. સંસદીય લોકશાહીની જનેતા એવા વેસ્ટમિનસ્ટર પેલેસમાં સાંસદો કેમ વર્તે છે તેનો ધડો લેવાનું આ મહેરબાનો ટાળે છે તેમ એ કહેતા રહ્યા. આમાંના કેટલાક ધારાસભ્યો તેમ જ સાંસદોના લગાતાર વિધવિધ ઉપાડાઓને કારણે કાર્યવાહી ઠપ્પ થઈ જાય છે અને દેશને વસમું થઈ પડે છે.

આ સૌમાંથી, કદાચ, જાણે કે કોઈક પ્રકારનો ઈશારોબોધ લઈ, દેખીતી રીતે વર્તતા વિલાયતી ગુજરાતી તંત્રીઓનું તુંડમિજાજી વલણ અનુભવે તાજુબી પેદા કરી જાય છે.

ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું ઇન્ટરનેટી માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૯મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના વાંચક ગમે તે અંકથી થઈ શકાય છે. રસ ધરાવનારાઓએ સત્વરે પોતાનો 'ઇ.મૈલ આઈ.ડી.' મોકલવો જરૂરી બને છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

•

સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Holly Cottage',
13 Ferring Close,
HARROW, Middlesex HA2 0AR [U.K.]

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

ભારત માટે સંપર્કનું ઠેકાણું

Villa Bellevue, 30, Avantikabai Gokhale Street, Opera House, MUMBAI - 400 004

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ

"ઓપિનિયન"નું આ ડિજિટલ અવતરણ છે. અને ગમતાનો ગુલાલ કરવાની દરેકને રજામજા જ હોય.

આશરે પાંચ દાયકાના આ ફલકે, "ગરવી ગુજરાત" તથા "ગુજરાત સમાચાર" વચ્ચેની સ્પર્ધા કોમને આડેધડ વેતરતી આવી છે. ક્યારેક આ સામાહિકોએ 'અણગમતાઓ'નાં છોડાં કાઢી લેતાં શરમ પણ અનુભવી નથી. માલિક / તંત્રીને પદે બેસનારાએ, પોતાનાં અંગત વેરઝેરને, પોતીકા પૂર્વગ્રહોને વહેતા રાખી, સામયિકની, ગ્રાહકની, વાચકની અવહેલના કરી રાખી હોય તેવા અનેક દાખલાઓ, ફાઈલમાંથી પસાર થતાં જોવા, અનુભવવા મળે. એક અઠવાડિક 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'ની સાહેદી પૂરી, જણાવે છે કે તે : 'ભારતીય જ્ઞાન - સાહિત્ય - સંસ્કૃતિ સમાચારનું પશ્ચિમી જગતનું અગ્રણી સામયિક' છે. જ્યારે બીજાનો ધ્રુવમંત્ર છે : 'દરેક દિશામાંથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ'. આ નિર્દેશક સંજ્ઞાઓને કેન્દ્ર કરી, કસોટી જોઈએ તો ઉત્તીર્ણ થવા જોઈતા ગુણાંકન મેળવવાની ઉભયને મુશ્કેલી જ આવે.

આ વરસો દરમિયાન, કેટકેટલી નાનીમોટી ગુજરાતી સંસ્થાઓ તેમ જ વ્યક્તિઓ આ 'પીળા પત્રકારત્વ'નો ભોગ બની છે, તેની જો માત્ર યાદી જ કરીએ તો ય પુસ્તક ભરાય ! તે વિશે કોઈએ સંશોધન કરવાની આવશ્યકતા ય ખરી !! ઊગતા સૂર્યને લગાતાર પૂજતા આ પૂજકોએ, સરિયામપણે, ગ્રાહકની અને વાચકની અવહેલના કરી છે. તેના અનેક વરવા દાખલા, અમાસની અંધારી રાતે ય, તગતગતા જોવા પામીએ.

કોમની સેવાને ઠેકાણે મલાઈલાભ જમવાના સતત ખેલ અહીં પડતા આવ્યા છે. અને એથીસ્તો, હવે તોબાતોબા પોકારીને કહેવાનું જ મન થાય : ખમૈયા કરો ! અન્યથા, મહાભારતના વેદ વ્યાસની જેમ હાથ ઊંચા કરી દઈ, જોમભેર કહેતા રહીએ : नात्र कश्चित् श्रृणोति मे –

ટૂંકામાં, કવિ દલપરામ ડાહ્યાભાઈની એક જાણીતી કવિતા વાગોળતાં વાગોળતાં લવ્યા કરીએ :

ઊંટ કહે : આ સભામાં, વાંકા અંગવાળાં ભૂંડાં;
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે;
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી;
કૂતરાની પૂછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા;
ભેંશને તો શિર વાંકાં, શિંગડાંનો ભાર છે.
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ :
'અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે.'

પાનબીડું :

(શાર્દૂલવિક્રીડિત)

स्त्रीणां यौवनमर्थिनामनुगमो
राज्ञः प्रतापः सतां
स्वास्थ्यं स्वल्पधनस्य संहितरसद् -
वृतेश्च वाग्डम्बरः।
स्वाचारस्य सदर्चनं परिणते -
र्विद्या कुलस्यैकता
प्रज्ञाया धनमुन्नतेरतिनतिः
शान्तेर्विवेको बलम्।

(અનુવાદ)

સ્ત્રીનું યૌવન, યાચકોની હઠ ને
તેજસ્વિતા ભૂપની,
સંતોનું બળ સ્વાસ્થ્ય, સંઘ દીનનું,
દુષ્ટોનું દંભીપણું,
સ્વાચારીનું સુસંગ, સંપ કુળનું,
વિદ્યા પરિપક્વનું,
પ્રજ્ઞાનું ધન, નમ્રતા ચઢતીનું,
વિવેક છે શાંતિનું.

સ્ત્રીનું બળ તેની જુવાની છે, માંગણનું બળ તેનું ત્રાગું છે, રાજાનું બળ તેનો પ્રભાવ છે, સત્પુરુષોનું બળ તેમની સ્વસ્થતા, ગરીબોનું બળ તેમના સમૂહમાં-સંઘમાં છે, દુર્જનોનું બળ તેની દંભી વાણી છે, સદાચારીનું બળ સારી વસ્તુનો આદર કરવામાં, અનુભવી અને શાણાનું બળ વિદ્યા છે, કુળનું બળ સંપ છે, તીવ્ર બુદ્ધિનું બળ ધન, ચઢતીમાં બળ નમ્રતા અને શાંત વ્યક્તિનું બળ વિવેક-સારા નરસાની પરખમાં છે.

(સદ્ભાવ : 'સુભાષિત' - સંપાદક : અનુવાદક : કુલીનચંદ્ર યાજ્ઞિક, પૃ. 8, "અખંડ આનંદ", માર્ચ 2012)

e.mail : vipoolkalyani.opinion@btinternet.com



જાત સમજ્યા તો જગત સમજ્યા

• વાડીલાલ ડગલી

નર્મદ સાહિત્ય સભા તરફથી મને જ્યારે પત્ર મળ્યો કે મારા નિબંધસંગ્રહ 'શિયાળાની સવારનો તડકો'ને નર્મદચંદ્રક આપવાનો નિર્ણય થયો છે, ત્યારે મને સાહિત્યિક સ્વીકૃતિ મળ્યાનો આનંદ થયો. દુન્યવી સ્વીકૃતિનો આનંદ કેફી છે, જ્યારે સાહિત્યિક સ્વીકૃતિનો આનંદ મધ જેવો નિર્દોષ છે. નિર્દોષ આનંદ એ જિંદગીનું અપૂર્વ સૌભાગ્ય છે. આપે આમ મારી જિંદગીમાં એક અનન્ય આનંદકણ ઉમેર્યો છે તે માટે આપ સૌનો હું ઋણી છું.

એ એક સુભગ યોગાનુયોગ થયો કે જેમના નામ સાથે આ ચંદ્રક સંકળાયેલો છે તેમના જન્મની દોઢ શતાબ્દીની ઉજવણી સમયે આ ચંદ્રક એનાયત થયાની જાહેરાત થઈ. મને એ વાતનો વિશેષ આનંદ છે કે મારા નિબંધસંગ્રહને ગુજરાતી નિબંધના પિતા ગણાયેલા નર્મદનું નામ ધરાવતો ચંદ્રક પ્રાપ્ત થાય છે. હું નર્મદ જેવો કલમવીર નથી, પણ સ્થૂળ દ્રષ્ટિએ કહું તો, હું કલમ ઉપર જ જીવ્યો છું. લખવા સિવાય બીજો કોઈ વ્યવસાય મેં કર્યો નથી. એટલે કલમનો મારા પર મોટો ઉપકાર છે. આ કારણે પણ નર્મદચંદ્રકનું મૂલ્ય મારા માટે મોટું છે.

ઘણુંખરું હું અંગ્રજીમાં લખું છું પણ આજથી વીસેક વર્ષ પહેલાં કવિ હરીન્દ્ર દવેએ ટકોર કરી : 'આ તમે અંગ્રજીમાં લખો છો તે મોટા ભાગનું પત્રકારત્વ છે; પણ જો તમે ગુજરાતીમાં લખો તો ક્યારેક તે સાહિત્ય થઈ બેસશે.' એ વખતે હરીન્દ્ર "સમર્પણ" પાક્ષિકના સંપાદક હતા. તેમણે મારી પાસે ગુજરાતીમાં કાંઈક માંગ્યું અને મેં એક અંગત નિબંધ તેમને આપ્યો. પછી દર પખવાડિયે આ નિબંધો લખાતા ગયા.

[20.11.1926 — 06.12.1985]
નિબંધસંગ્રહ 'શિયાળાની સવારનો તડકો'ને સુરતની 'નર્મદ સાહિત્ય સભા' તરફથી ૧૯૭૫–૧૯૭૯ના ગાળા દરમ્યાન પ્રગટ થયેલા સર્વોત્તમ નિબંધસંગ્રહ તરીકે 'નર્મદચંદ્રક' પ્રદાન કરવામાં આવ્યો તે પ્રસંગે એપ્રિલ ૧૫, ૧૯૮૪ના રોજ સુરતમાં વાડીલાલ ડગલીએ કરેલું નિવેદન.

ગુજરાતીમાં અંગત નિબંધો લખવા એવો વિચાર મને પહેલાં છેક ૧૯૪૯માં આવેલો. તે વખતે હું અમેરિકામાં યુનિવર્સિટી ઓફ કેલિફૉર્નિયામાં ભણતો હતો. આંતરરાષ્ટ્રીય કાયદાનો પણ હું અભ્યાસ કરતો. અમારા પ્રોફેસર હાન્સ કેલ્સન હતા. એ યહૂદી હતા અને નાઝી દળોના ઓસ્ટ્રીયા પરના આક્રમણ પછી તે અમેરિકા ગયા. ફ્રૉઈડ અને આઈન્સ્ટાઈનના એ અંગત મિત્ર હતા. આંતરરાષ્ટ્રીય કાયદાના તે મહાપંડિત હતા. એમનો સ્વભાવ બાળક અને ઋષિના મિશ્રણ જેવો. હું એમને મળું ત્યારે ગાંધીજી વિષે સવાલો પૂછે.

એકવાર તેમણે મને કહ્યું કે યુરોપે પણ ગાંધી જેવો માણસ પેદા કર્યો છે. તેમણે મને સોળમી સદીના ફ્રેન્ચ નિબંધકાર માઈકલ મૉન્તેઈન (૧૫૩૩–૧૫૯૨)ના નિબંધો વાંચવા આપ્યા. મૉન્તેઈનના નિબંધો યુરોપીય સાહિત્યનું એક શિખર ગણાય છે તેનું મહત્ત્વ મને સમજાવા માંડ્યું. આ નિબંધોમાં મૉન્તેઈન કેવળ પોતાની જાત વિષે વાચક સાથે વાત કરે છે. તેમણે આમ તો અનેક વિષયો ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે, પણ આ વિચારોનું માધ્યમ જાતપરિક્ષણ છે. 'હું શું જાણું છું?' એ મૉન્તેઈનના નિબંધોનું ચાલક બળ હતું. માણસ માટે દોષમાં પડવું સહજ છે અને આ દોષને સમજવા માટે ઉપયોગી થાય તેટલું જ જ્ઞાન માણસના જીવન માટે પ્રસ્તુત છે. તેમણે નિબંધોના ત્રણ પુસ્તકો લખ્યાં પણ એ એક જ પુસ્તકના ત્રણ ભાગ હતા. તેમના જીવનના છેલ્લા નિબંધોમાં એવું તારણ કાઢ્યું કે જીવન એ સુંદર ચીજ છે. દુનિયાના બીજા માણસો સાથે તમારે શાંતિ અને ગૌરવથી જીવવું હોય તો તમારે સૌથી પહેલાં તમારો પોતાનો સ્વભાવ કેવો છે તે શોધવું જોઈએ.

નાટક, ઉર્મિકાવ્ય, નવલિકા કે નવલકથા કોણે શરૂ કરી એ વિષે કોઈ સંદિગ્ધતા નથી. ૧૫૭૧ના માર્ચ મહિનામાં મૉન્તેઈન જીવનની જંજાળોમાંથી નિવૃત્ત થઈ એમના મહાલયની એક વિશાળ લાઈબ્રેરીમાં જઈ બેઠા અને પોતાની જાત સાથે જાત વિષે મૌન વાર્તાલાપ શરૂ કર્યો, તે મહિનામાં નિબંધનું ગર્ભાધાન થયું. બરાબર નવ વર્ષ પછી ૧૫૮૦માં જ્યારે તેમના નિબંધો પ્રસિદ્ધ થયા ત્યારે નિબંધનો જન્મ થયો. આમ આજથી ૪૦૦ વરસ પહેલાં ફ્રેન્ચ ભાષામાં મૉન્તેઈને પ્રથમ નિબંધ લખ્યો. અને ખૂબીની વાત એ છે કે મૉન્તેઈન પછી અનેક પ્રતિભાશાળી નિબંધકારો થઈ ગયા પણ કોઈ તેમના પેંગડામાં પગ ઘાલી શક્યા નથી.

મૉન્તેઈનની નિબંધ લખવાની શૈલી એકસાથે વિદ્વતાભરી અને સ્વૈરવિહારી છે. વર્જિલની કવિતા ટાંકતા ટાંકતા એ પોતે ક્યારે જમે છે, કેવી રીતે સૂએ છે, એમને કેમ કોઈ વસ્તુ બહુ યાદ રહેતી નથી, વગેરે અનેક વાતો તમને એ એવી રીતે કહે કે તમને એમ લાગે કે તમારી પોતાની જાત આમાં છતી થઈ રહી છે. મૉન્તેઈને એક નિબંધમાં કહ્યું છે કે સત્ય અને સ્વતંત્રતાની શોધ માટે નમ્રતા વિષેની સામાન્ય સમજણને એક બાજુ મૂકી દેવી જોઈએ. આથી જ તેમણે આ વિખ્યાત વિધાન કર્યું :

'હું જ્યારે કંઈ કહું છું ત્યારે મારા વિષે નહિ પણ કેવળ મારા વિષે જ કહેતો હોઉં છું : જ્યારે બીજી કોઈ વસ્તુ વિષે લખતો હોઉં છું ત્યારે હું આડોઅવળો ચાલ્યો જાઉં છું અને જે વિષય ઉપર વાત કરતો હોઉં છું તે વિષય બાજુએ રહી જાય છે. મને કંઈ મારી જાત પ્રત્યે એટલો બધો પ્રેમ નથી, કે મને મારી જાત પ્રત્યે એટલી બધી આસક્તિ નથી, કે હું મારી પોતાની જાતને અળગી કરીને કોઈ વૃક્ષ કે કોઈ પાડોશીની જેમ જોઈ ન શકું. આપણું પોતાનું ખરું મૂલ્ય વ્યક્ત ન કરવું કે હોય તે કરતાં વધારે કહેવું તે બન્ને ક્ષતિ છે.'

મૉન્તેઈન વિષે એમ કહેવાય છે કે તે આધુનિક યુગનો પહેલો મોટો 'અદનો આદમી' હતો. એમણે પોતાની નાનપ જે રીતે છતી કરી તેમાં તેમની મોટાઈ હતી. પોતાની સુગ્રથિત જાતનો તેમણે તાગ મેળવ્યો અને એ રીતે મનુષ્યસ્વભાવના સત્યને એ પામ્યા. આ અનુભવને કારણે મૉન્તેઈનને એમ લાગ્યું કે મનુષ્યજીવનમાં ઊંડાણ અને આનંદ બન્ને છે.

મૉન્તેઈનના નિબંધોના વિષયો ભારે વિવિધતાવાળા છે. હું થોડાં શીર્ષકો આપીશ : 'મોત ન આવે ત્યાં સુધી કોણ સુખી છે તે નક્કી ન કરશો', 'આળસુ', 'બાળકોનું શિક્ષણ', 'મૈત્રી', 'પુસ્તકો', 'આપણા કૃત્યોની અતાર્કિકતા', 'ઘોડાઘાડીઓ' અને 'તમારી ઈચ્છાશક્તિ નાથવા વિષે.'

૧૯૪૯–૫૦માં, એટલે આજથી ૩૫ વર્ષ પહેલાં, આ નિબંધો મેં વાંચ્યા ત્યારે મારું મન આનંદથી છલકાઈ ગયું. પ્રો. કેલ્સને મૉન્તેઈનને ગાંધીજી સાથે સરખાવ્યા તેમાં મને બહુ અતિશયોક્તિ ન લાગી. ફેર એટલો હતો કે ગાંધીજી વિચારવીર અને કર્મવીર હતા. મૉન્તેઈન કેવળ વિચારવીર હતા. પણ આ બન્નેમાં એક સમાન તત્ત્વ હતું : જાત સમજવાની તાલાવેલી. મૉન્તેઈનના નિબંધો મેં વાંચ્યા પછી એક તારણ કાઢ્યું : જાત સમજ્યા તો જગત સમજ્યા.

હું અમેરિકા ભણવા ગયો તે પહેલાં મેં કવિતા અને એકાંકી નાટકો લખ્યાં હતાં. અમેરિકામાં મૉન્તેઈનને મળ્યા પછી નિબંધે મારા ચિત્તનો કબજો લીધો. મનમાં થયું કે હવે ગુજરાતીમાં લખું તો મૉન્તેઈન જેવા અંગત નિબંધો લખું. આ માટે સૌથી પહેલો પ્રયત્ન 'ગણવેશની આરતી' નામનો નિબંધ લખીને કર્યો. લશ્કરપૂજા વિરુદ્ધનો આ નિબંધ "સંસ્કૃતિ"માં પ્રગટ થયો, જેમાં શરૂઆતમાં અંગત નિબંધનું તત્ત્વ હતું. પછી એ દલીલગદ્ય (પોલેમિક) બની

ગયું. આ નિબંધે ઠીકઠીક ચર્ચા જગાવી. થોડાં વર્ષ પછી ૧૯૬૨માં ભારત પરનું ચીનનું આક્રમણ આવ્યું. મેં મારી ટોપી બદલી. લશ્કર માટે નાણાં કેમ એકઠાં કરવાં તે વિષે લેખો લખવા માંડ્યા. આ કારણે આ પ્રમાણમાં પ્રસિદ્ધ નિબંધને ‘શિયાળાની સવારનો તડકો’માં મેં સામેલ કરવાનું પ્રમાણિક માન્યું નહિ. આ પછી બે–ત્રણ નિબંધો લખ્યા પણ અંગત નિબંધની શરૂઆત, મને સ્મરણ છે ત્યાં સુધી, ‘જ્યાં ઊભા ત્યાં આશ્રમ’થી થઈ. “સમર્પણ”માં આ નિબંધો દર પખવાડિયે પ્રગટ થતા તેની પાછળ ભાઈ હરીન્દ્રનો તકાદો અને વાચકોનો ઉમળકાભર્યો પ્રતિભાવ હતા.

આ નિબંધો હું લખતો હતો ત્યારે મારા મનમાં એક વિચાર સતત રહેતો હતો : આપણે અંદર છીએ એવા બહાર દેખાઈએ તો કેવું સારું ! બાહ્ય પરિસ્થિતિ પણ આ નિબંધોનું ચાલક બળ હતું. નીતિનાં અને વ્યવહારના જુદાં કાટલાંને કારણે સ્વતંત્ર ભારતના સમાજમાં દંભનું એટલું મોટું ધુમ્મસ ફેલાયું હતું કે સીધી લીટીએ જીવવા માટે કોઈ માર્ગ જ દેખાય નહિ. કોઈ સમાજ કેવળ આત્યંતિક વિચારથી આગળ ન વધી શકે. ગાંધીજીના ઉપકાર ગણાય નહિ તેટલા, પણ તેમના સત્તાધારી અનુયાયીઓએ તેમના બાહ્ય વિચારો છાતીસરસા ચાંપ્યા અને તે વિચારો પાછળના આત્માને ઓલવી નાખ્યો ત્યારે મારી દૃષ્ટિએ ગાંધીજીને ફરી વાર ત્રણ ગોળી વાગી. મને સમાજ કરતાં મારી પોતાની માનસિક તબિયતની વધારે ચિંતા હતી. હું જ જો અપ્રમાણિકતાના પૂરમાં તણાવા માંડુ તો દેશ નક્કી ખાડે જશે. જેવો હું તેવો હિન્દુસ્તાન. ‘ત્યાગની ટોપી’, ‘મોંઘી સાદગી’ અને ‘હું મહાત્મા ગાંધી છું’ નિબંધોમાં મેં આ વિચાર શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

મને એક અચંબો થયા કરે છે કે આનંદને આપણી સંસ્કૃતિ કેમ એક અજુગતી પ્રવૃત્તિ ગણે છે ? નિર્દોષ આનંદ, નાના વ્યસનો અને થોડી આળસ એ કંઈ ગુનો નથી. પણ આપણે એમ માનીએ છીએ કે માણસ ધર્મગ્રંથનું કોઈ પાનું છે. આ એક ખોટી માન્યતા અને દંભપોષક માન્યતા છે. નિરૂપદ્રવી આનંદ જેવું કોઈ પ્રસ્તુત સત્ય નથી. જીવન કેવળ નિયમ પ્રમાણે ચાલે તે પણ સત્ય નથી. ‘શિયાળાની સવારનો તડકો’માં મેં આ વાત આમ કહી છે : ‘આ દુનિયા મારા–તમારા જેવા જાત સાથે બાથોડિયાં ભરતા એકાદ ડગલું આગળ વધતા બે ડગલાં પાછળ જતા અને ફરી પાછી બાંયો ચડાવી આગળ ચાલવા માંડતા નિર્બળ માણસોની બનેલી છે તેથી જ તે રસભરી બની છે.’

મને કોઈ વિચારે આકર્ષ્યો હોય તો તે લિબરલ સ્પિરિટે. આનો અનુવાદ મેં ‘મનની ઉઘાડી બારી’ કર્યો છે. મનની ઉદારતા પણ લિબરલ સ્પિરિટનો પર્યાય છે. જેમની પાસે રહીને હું વિચાર કરતાં શીખ્યો અને જેમને મેં આ નિબંધસંગ્રહ અર્પણ કર્યો છે તે પંડિત સુખલાલજી કહેતા કે ક્રિયાકાંડ વગેરે ધર્મનો બાહ્ય દેહ છે જ્યારે વિવેક અને ઉદારતા જેવા સદ્‌ગુણો ધર્મનો આત્મા છે.

એમના કહેવાનો દૃષ્ટિએ સાર આટલો છે : ધર્મ એટલે ઉદારતા. મૉન્તેઈને તેમના એક નિબંધમાં કહ્યું છે કે ‘અતિ ઉગ્ર ચર્ચા દરમિયાન પણ પોતાની અતાર્કિક દલીલ છોડી દેવી, પોતાની ભૂલ જાહેર રીતે સુધારવી ને પોતાનું મન બદલવું તે અનન્ય, વીર્યવાન તત્ત્વજ્ઞાનીને શોભે તેવા ગુણો છે.’ મનની બારી ઉઘાડી કેમ રાખવી તે મારા નિબંધોની સતત શોધ છે.

આ નિબંધોની ભાષા વિષે ઠીકઠીક ચર્ચા થઈ છે. જ્યારે કૉલેજના અધ્યાપકોને મળું છું ત્યારે પણ આની ભાષા વિષે સવાલ પૂછાય છે. હું ભાષા વિષે વાત કરું છું ત્યારે એક આનુષંગિક હકીકતનો નિર્દેષ કરવો જોઈએ. અંગ્રેજી લખાણ હું સેક્રેટરીને લખાવતો હોઉં છું, ગુજરાતી કવિતા પોતે લખું છું પણ ગદ્ય વિષે મારું ગુજરાતીના સમર્થ નિબંધકાર કાકાસાહેબ જેવું છે.

કાકાસાહેબ એમના નિબંધો લખાવતા. હું પહેલાં શબ્દોનો ઉચ્ચાર કરું છું પછી તે લખાય છે. આમા ફાયદા ને ગેરફાયદા બન્ને છે. પણ એક ફાયદો એ છે કે ગદ્ય બોલચાલની ભાષાની નજીક રહે છે. મારું સ્વપ્ન એવું ગદ્ય લખવાનું છે કે જેમાં બોલચાલની ભાષાનો વેગ અને તાજગી હોય. બોલચાલની ભાષાનો બીજો ફાયદો એ છે કે તમે ભાષામાં બહુ કૃત્રિમ થઈ શક્તા નથી. મનમાં જે આવે તે હોઠ પર આવે હોઠ પર આવે તે લખાતું જાય. આમાં ક્યારેક શબ્દો ગુલાટિયાં ખાઈ જાય પણ સાથે સાથે એમની પારદર્શકતા તીવ્ર બને. વળી આમાં ફાયદો એ પણ છે કે જોઈતો શબ્દ શોધવા માટે લખાવતી વખતે તમે થોડા શ્વાસ લઈ શકો. જ્યારે પોતે લખીએ ત્યારે ચેકચાક છેકછાક કરીને જોઈતા શબ્દ ભણી જવાય છે પણ લખાવતી વખતે ચિત્તનાં જળ થોડી વાર પણ સ્થિર રાખીએ તો ક્યારેક જોઈતો શબ્દ સપાટી પર આવી જાય છે.

હું બીજી ભાષા તરીકે ફ્રેન્ચ ભણ્યો, સંસ્કૃતનું મારું જ્ઞાન બિલકુલ નહિ, હજુ પણ કેટલીય વાર સંસ્કૃતના અર્થ સમજવા માટે શબ્દકોષ જોવો પડે તેવી મારી સ્થિતિ છે. અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષા સાથેના પરિચયને કારણે મારા ગુજરાતી ગદ્યમાં એ ભાષાઓની કેટલીક લાક્ષણિકતાઓ આવી હોય એવો મને અંદેશો છે. જ્યારે સંસ્કૃતના લાઘવ અને માધુર્યનો આ ગદ્યને લાભ મળ્યો નથી. પણ મારે કહેવું જોઈએ કે હું ઉગ્ર ગુજરાતીપ્રેમી છું. મારી ગુજરાતી ભાષા કેવળ ગુજરાતી પ્રજાની બોલચાલ, રીતરિવાજ, સંસ્કાર અને સ્વભાવનું પ્રતિબિંબ બને એ જોવાનો મારો મનસૂબો છે. સંસ્કૃત, અંગ્રેજી કે બીજી કોઈ ભાષાની શૈલી અને શબ્દો ગુજરાતી ભાષાના લોહીમાં સહજ રીતે ભળી જાય તે મારે માટે અખાદ્ય છે. મારી આ વૃત્તિને કારણે હું એવી ગુજરાતી ભાષા લખવા પ્રયત્ન કરતો હોઉં છું જે ગુજરાતી પ્રજાના લોહીના ધબકાર સાથે બરાબર તાલ મેળવતી હોય. આ નિબંધસંગ્રહ વાંચી આપણી ભાષાના એક સારા વિવેચક ભૃગુરાય અંજારિયાએ મને જણાવ્યું કે ‘આ નિબંધોમાં મને ગુજરાતી ભાષા વાંચવા મળે છે.’

નિબંધોની ભાષા વિષે મારે એક બીજી વાત પણ નોંધવી જોઈએ. પદ્યના લયની જેમ ગદ્યનો પણ લય હોવો જોઈએ એમ હું માનું છું. ગદ્યનો લય એટલે શું ? ગદ્યનો લય એટલે વાક્યરચનાની ચડઉતરની સંવાદિતા. આમ તો ગદ્યખંડમાં વાક્યોની ચડઉતર ન હોય તો ગદ્ય વાંચતાં બગાસા આવે. એટલે સાધારણ કક્ષાના ગદ્યમાં પણ વાક્યોની ચડઉતર હોય છે. પણ આ ચડઉતર શબ્દપસંદગી કરતાં ય વિશેષ શબ્દસમૂહના વૈવિધ્ય અને ગોઠવણીને કારણે કળામય બને છે. ગદ્ય લખાવતા હોઈએ ત્યારે શબ્દોનો સ્વર કાનને સંભળાય છે એટલે વાક્યોનો લય અનાયાસે પકડાય છે. લખાણમાં વાગ્મિતા આવે તો તે પણ આથી પકડાઈ જાય છે. એવી દલીલ થઈ છે કે લખાવવા માંડો એટલે લખાણમાં ભાષણખોરોની વાગ્મિતા આવી જાય. પણ જો લખાવનાર વિચાર, શબ્દ અને સંવાદિતા એ ત્રણેયને લક્ષમાં લે તો આમાંથી બચી જવાય.

મારો એક વિચાર એવો હતો કે વ્યક્તવ્યમાં હું નિબંધ વિષે વાત કરું. પણ જે નિબંધસંગ્રહ સાથે હું સંકળાયેલો છું તેની જીવનકથા ન કહું તો વર વિનાનો વરઘોડો કાઢ્યો કહેવાય. પણ અંતમાં નિબંધ વિષે એકાદ–બે વિચાર મૂકવાની ઈચ્છા થાય છે. તમે અર્થશાસ્ત્રથી માંડી વૈદક પર નિબંધો લખી શકો. નિબંધ એ મુક્ત સાહિત્યપ્રકાર છે. તમારે કંઈ કહેવું હોય અને તમે કોઈ બંધન વિના અનૌપચારિક રીતે લખો તો તે નિબંધ કહેવાય. નિબંધ આમ બે મનુષ્યો વચ્ચેની વાતનો પ્રકાર છે. નિબંધ લખનાર અને વાંચનાર એ બેની ગોષ્ઠિ એ નિબંધનો સંસાર છે. સામો માણસ તમારી આ ગોષ્ઠિમાં સામે બેઠો નથી. તમે કલ્પી લો કે તમે એક માણસ સાથે વાત કરી રહ્યા છો.

પણ અંગત નિબંધ ત્રિવેણી જેવો છે. તમે પોતે, તમારા અંદરની જાત અને સામો માણસ – એ ત્રણે જાણે કે કોઈ રેડિયો સ્ટેશન પરથી ચર્ચા કરી રહ્યા છે. અંગત નિબંધની કસોટી એટલી જ છે કે તે ઓછામાં ઓછો અપ્રમાણિક હોવો જોઈએ. નિબંધ લેખક મનમાં આવ્યું તે પણ વાચકને કહે અને પોતાની જાત જે કહે તે પણ વાચકને કહી દે. વિષયો તો ખીંટી છે. અંગત નિબંધકાર આ ખીંટી ઉપર પોતાની જાતને લટકાવે છે. અંગત નિબંધ એક રીતે જોઈએ તો કોઈ પાદરી સમક્ષ એક ખ્રિસ્તી ભક્ત કબૂલાતનામું કરે તેવું એક નિવેદન છે. પણ અહીં હાર્દમાં કોઈ ધર્મ નહિ પણ અંતરાત્મા છે. અંતરાત્માને આપણે જેટલી ધીરજ અને વીરતાથી સાંભળીએ તેટલા પ્રમાણમાં આપણી આત્મખોજ સફળ થાય.

****

હું તો બેઠી પરબ એક માંડી, કે પાણીડાં કોણ પીશે ?
લીલા લીમડાએ છાંયડી ઢાળી, કે પાણીડાં કોણ પીશે ?

– પ્રહ્લાદ પારેખ

નફરત નહીં - સંવાદ

• ડૉ. ઈઝેલદીન અબુલૈશ

અનુવાદક : પ્રફુલ્લ બા. દવે

પ્રફુલ્લ બા. દવે



ઈઝેલદીન અબુલૈશ

રેતી અને આકાશ

ગાઝા નગરથી અઢી માઈલ દૂર દરિયાકાંઠે મારાં સંતાનો સાથે બેઠો બેઠો સાગરની ભરતીનાં આવતાં જતાં મોજાંને નિહાળી રહ્યો છું. આ મોજાં જાણે કે ભૂતકાળને ધોઈ નાખીને ભવિષ્યની નવી શરૂઆતનું સૂચન કરી રહ્યાં છે. બાળકો સાગરમાં પાણી ઉડાડી રહ્યાં છે, રેતીમાં પોતાનાં નામ લખી રહ્યાં છે. એવું લાગે કે જાણે કોઈ સુખી કુટુંબ એકસાથે મજા માણી રહ્યું છે.

પરંતુ તેવું નથી. અમારા કુટુંબ પર આવી પડેલા દુઃખમાંથી શાંતિ મેળવવા અમે અહીં આવ્યા છીએ. ૧૨ ડિસેમ્બરે, ત્રણ માસ પહેલાં જ મારી પત્ની નાદિયા લ્યુકિમીયાથી (લોહીનું કેન્સર) મૃત્યુ પામી. પાછળ અમારાં આઠ બાળકોને છોડી ગઈ. સૌથી નાનો અબ્દુલ્લા છ વર્ષનો છે. રોગનું નિદાન થયું અને બે અઠવાડિયામાં જ તે મૃત્યુ પામી. તેના જવાથી અમારા કુટુંબનું સંતુલન ખોરવાઈ ગયું. આ દુઃખને ભૂલવા જબેલિયા સીટીના ઘોંઘાટભર્યા વાતાવરણથી દૂર અમે અહીં આવ્યા છીએ. બાળકોને આનંદથી રમતાં જોઉં છું, પરંતુ મને અમારા તથા ગાઝાપટ્ટીના વિસ્તારના ભવિષ્યની ચિંતા કોરી ખાય છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ઈઝરાયેલી લશ્કર ગાઝાપટ્ટી અને ઈજિપ્ત વચ્ચે આવ-જા માટેની ટનલ પર બૉંબવર્ષા કરી રહ્યું છે. ઈસ્લામિક કટ્ટરવાદીઓએ એક ઈઝરાયેલીને પકડ્યો ત્યારપછી ઈઝરાયેલ અને ઈજિપ્ત જવાના અમારા રસ્તા બંધ થઈ ગયા છે. બૉંબમારાનું પ્રમાણ પણ વધ્યું છે. થોડા લોકોના કરતૂતોને લીધે પેલેસ્ટાઈનના લોકો મુશ્કેલીમાં મૂકાયા છે, કારણ કે તે રસ્તેથી જ જીવન જરૂરી માલસામાન આવે છે, તે હવે બંધ છે. વિશ્વના પત્રકારોને ગાઝાપટ્ટીમાં આવવાની છૂટ નથી. ઈઝરાયેલીઓ નથી ઈચ્છતા કે ગાઝામાં જે બની રહ્યું છે તે સમગ્ર વિશ્વ જાણે. નાકાબંધી કરવાથી ગાઝાપટ્ટીના લોકો કેવી દુઃખદ પરિસ્થિતિમાં મૂકાય છે તેની વિશ્વને જાણ નથી. સતત વચનો તૂટી રહ્યાં છે, તકો ગુમાવાતી જાય છે.

યુનોના સર્વે મુજબ વિશ્વમાં સહુથી ગીચ વસ્તી ગાઝામાં છે. ૧૫ લાખ લોકો ત્યાં વસે છે, જેમાંના ઘણાખરાં રાહતશિબિરમાં રહે છે, ૮૦ ટકા ગરીબ છે, નિશાળ વિદ્યાર્થીઓથી ઊભરાય છે. રોડ બનાવવા કે હોસ્પિટલની સુવિધા આપવા માટે પૈસા નથી. આઠ રાહત કેમ્પોવાળી ગાઝાપટ્ટી વસતીથી ઊભરાય છે, ગંદી છે, ઘોંઘાટ છે. એક રાહત કેમ્પના અર્ધા માઈલના વિસ્તારમાં ૮૧ હજાર લોકો રહે છે. અહીંના લોકો પર જે દમન-ઉપેક્ષા થાય છે તેથી ગુસ્સામાં છે, સાથે હતાશ છે. બધાં લોકો ઉતાવળમાં હોય તેવું લાગે છે. માથું ઢાળીને જ ચાલે છે, અન્યો સાથે આંખ મિલાવતા નથી. અહીં રાંધવા માટે તેલ નથી, પીવા માટે પાણી નથી, શાકભાજી કે ફળો નથી. ચારેબાજુ ઈઝરાયેલની તોપો છે, ઉપર તેમના હેલીકોપ્ટરો ઊડે છે. અહીં બૉંબથી તૂટેલાં મકાનો છે, વેરવિખેર માળખાં છે. અમારી આ પરિસ્થિતિ માટે કોણ જવાબદાર છે? ઈઝરાયેલ? આંતરરાષ્ટ્રીય સમુદાય? હમાસ? ફાટા? ધાર્મિક કટ્ટરવાદીઓ? ઘણા લોકો ઈઝરાયેલને, યુનાઈટેડ સ્ટેટ્સને તથા ઇતિહાસને દોષ દે છે. અત્યારે તો ગાઝા માનવ ટાઈમ બૉંબ બની ગયું છે, જેની વિશ્વ ઉપેક્ષા કરી રહ્યું છે. ૨૦૦૬માં ચૂંટણીમાં હમાસ જૂથ જીત્યું પછી ઈઝરાયેલ પેલેસ્ટાઈન વચ્ચે તણાવ વધ્યો છે. પેલેસ્ટાઈન તરફથી ઈઝરાયેલ પર કાસમ બૉંબ ફેંકાય છે, આથી પેલેસ્ટાઈન ફરતી નાકાબંધી છે.

એક તબીબ તરીકે મને આ આત્મઘાતી વલણ લાગે છે. પરિસ્થિતિ નિરાશાજનક છે. અમને રોજબરોજની જીવનજરૂરી ચીજો મળતી નથી. અહીં સ્નાતક-અનુસ્નાતકની સંખ્યા ઘણી મોટી છે. પરંતુ તેઓની સામાજિક-આર્થિક સ્થિતિ ખરાબ છે. આથી આત્યંતિકતા વધી છે. મનથી માંદી વ્યક્તિ વિવેકથી વર્તે એવી અપેક્ષા રાખવી જોઈએ નહીં. લગભગ લોકો માનસિક રોગથી પીડાય છે.

ગાઝા વસતીના ૫૦ ટકા તો ૧૮ વર્ષથી નીચેની વયના છે. યુદ્ધ અને હિંસાને લીધે તેઓ સતત ગુસ્સામાં-હતાશામાં હોય છે. શિક્ષકોને પણ તેઓની વિચિત્ર વર્તણૂંકો વિશે ફરિયાદ છે. છેલ્લા દશકામાં સ્ત્રીઓ પ્રતિ હિંસાનું પ્રમાણ વધ્યું છે. તેઓને જીવનમાં કોઈ આશા જણાતી નથી.

વર્ષ ૧૯૫૫માં મારો જન્મ જબેલિયા રાહત કેમ્પમાં થયો હતો. છ ભાઈઓ અને ત્રણ બહેનોમાં હું સહુથી મોટો હતો. અમારું જીવન જરાયે સરળ નહોતું. મને બચપણથી શિક્ષણમાં રસ હતો. મારાં મા-બાપના અથાક પ્રયાસોને લીધે હું ડૉક્ટર બની શક્યો. ત્યાર પછી લંડન યુનિવર્સિટીની સ્ત્રીરોગ અંગેની ફેકલ્ટીના સહયોગમાં ચાલતી સાઉદી અરેબિયાની કોલેજમાંથી સ્ત્રીરોગ તથા પ્રસૂતિ વિજ્ઞાનનો ડિપ્લોમા મેળવ્યો. ૧૯૭૭માં મેં ઈઝરાયેલની સોરોકા હોસ્પિટલમાં સ્ત્રીરોગ અને પ્રસૂતિવિજ્ઞાન વિભાગમાં રેસીડન્સી મેળવી. ઈઝરાયેલની હોસ્પિટલોમાં હું પ્રથમ પેલેસ્ટાઈન ડૉક્ટર હતો. ત્યારપછી મેં ઈટાલીના મિલાનની હોસ્પિટલમાં ગર્ભસ્થ શિશુની સારવારનો અભ્યાસ કર્યો અને હું વંધ્યત્વ દૂર કરવાનો નિષ્ણાત બન્યો. આ સાથે મને લાગ્યું કે જો મારે પેલેસ્ટાઈનના લોકોને સહાય કરવી હોય તો મારે મૅનેજમેન્ટ તથા નીતિ નિર્ધારણ બાબતે કુશળતા પ્રાપ્ત કરવી જોઈએ. તેથી હું હાર્વર્ડ યુનિવર્સિટીમાં પબ્લિક હેલ્થના અભ્યાસ માટે જોડાયો. મેં ઈઝરાયેલની હોસ્પિટલમાં સિનિયર સંશોધક તરીકે પણ કામ કર્યું.

મેં મારી પુખ્ત ઉંમર અર્ધી ઈઝરાયેલમાં અને અર્ધી પેલેસ્ટાઈનમાં વીતાવી છે. લોકોને આરોગ્ય વિષયક સેવા આપી છે. મને હંમેશાં જણાયું છે કે તબીબીવિદ્યા લોકો વચ્ચે સેતુ બની શકે છે. ડૉક્ટર શાંતિનો દૂત બની શકે છે. હું રાહતકેમ્પમાં જન્મ્યો, ઉછર્યો, ઘણાં અપમાનો વેઠ્યાં, હતાશ-નિરાશ પણ થયો છું છતાં મારું સ્પષ્ટ માનવું છે કે બદલાની ભાવના આત્મઘાતી છે. પરસ્પર આદર, સમાનતા અને સહજીવન જ આગળ વધવાનો એકમાત્ર માર્ગ છે.

સમગ્ર કુટુંબને એકત્ર કરવા ૧૨ ડિસેમ્બર મેં એટલા માટે પસંદ કરેલી કે ત્યારપછી હજનો દિવસ આવે છે, જે ઈસ્લામિક કેલેન્ડર મુજબ પવિત્ર દિવસ ગણાય છે. તે દિવસ કુટુંબીજનો સાથે મળીને ચિંતન-પ્રાર્થના કરવાનો છે. જેઓ મક્કા જઈ શકતા નથી તેવા લાખો મુસ્લિમો પૂર્વમાં મોઢું રાખીને ગોઠણભેર પ્રણામ કરે છે અને પ્રાર્થના કરે છે. બીજા દિવસે બલિદાનની ઉજવણી થાય છે. તે અબ્રાહમે અલ્લાહની શીખ મુજબ પોતાના પુત્રનું બલિદાન આપેલું તેની યાદ અપાવે છે. અમે જબેલિયા કેમ્પમાં નાદિયા માટે પ્રાર્થના કરી.

તે દિવસે અમે દરિયાકાંઠે પહોંચ્યા તે પહેલાં મારે બાળકોને એક આશ્ચર્ય સાથે ભેટ આપવી હતી. દરિયાકાંઠાની નજીક મેં પા એકર જમીન ખરીદી હતી. જેના પર ઓલિવ વૃક્ષો હતાં. બાળકોને જ્યારે આ જાણ થઈ ત્યારે આનંદથી નાચી ઉઠ્યાં. બાળકો ત્યાં રમ્યા, ખડ કાઢ્યું, વૃક્ષોના છાંયામાં બેસીને અમે ભોજન કર્યું. મારી પત્ની-બાળકોની માનાં સંસ્મરણો વાગોળ્યાં.

મારે બાળકોને એક બીજું આશ્ચર્ય આપવાનું હતું. મને કેનેડાની ટોરન્ટો યુનિર્વિસટીમાંથી ઓફર આવી હતી. તે સમાચારે બધાંએ આનંદ વ્યક્ત કર્યો. ત્યાં અનેક પડકારોનો સામનો કરવાનો હતો. અંગ્રેજીના વર્ગો ભરવાના હતા, અલગ આબોહવા-પરિસ્થિતિ-સંસ્કૃતિમાં ગોઠવાવાનું હતું. પરંતુ અહીં ગાઝામાં અમે સતત માનસિક તણાવમાં રહેતા હતાં, તેમાંથી મુક્તિ મળવાની હતી. અહીં બાળકો તેની મા વિના હિજરાતાં હતાં. ઘણાં દિવસો પછી મેં બાળકોના મોંઢાં પર આશાવાદ જોયો. કેનેડા જવાના પ્રસ્તાવથી પણ તેઓ ખુશ હતાં.

નાદિયા સાથે લગ્ન થયાં તે પહેલાંથી તેના કુટુંબને હું ઓળખતો હતો. નાદિયા શાંત-બુદ્ધિશાળી સ્ત્રી હતી. કુટુંબ સાથે રહેવું તેને ગમતું. મારે નોકરી અંગે બહાર રહેવાનું બનેલું ત્યારે નાદિયા બાળકોને સાચવવા ગાઝામાં જ રહેલી.

નાદિયાના મૃત્યુ પછી મારી મોટી પુત્રી બેસને માની ભૂમિકા સ્વીકારીને, બાળકોની જવાબદારી ઉપાડી લીધી હતી. મારે રિસર્ચ વર્ક માટે તેલઅવિવ રોકાવાનું થતું. મેં તે કામ છોડી દેવાનું વિચારેલું પરંતુ બાળકોએ કહ્યું, 'તમે અમારી ચિંતા ન કરો. અમે ઘર સંભાળીશું.' પરંતુ મને સતત ચિંતા રહેતી. તેઓએ કેનેડા આવવાનું સ્વીકાર્યું તેથી મને નિરાંત થઈ.

મારી પુત્રીઓએ મને સતત કહેતાં સાંભળ્યો છે કે લોકો-લોકો વચ્ચે સહજીવન શક્ય છે. તેઓએ પેલેસ્ટાઈન અને ઈઝરાયેલના આયોજકો દ્વારા ન્યુ મેક્સિકોમાં યોજાયેલ ક્રિએટીવીટી ફોર પીસ 'કેમ્પ'માં ભાગ લીધેલો. ત્યારે તેના આયોજકોએ કહેલું કે યુવાશક્તિ જ બંને દેશો વચ્ચેની કડવાશ દૂર કરી શકશે. હું ઈચ્છતો હતો કે મારી પુત્રીઓ ઈઝરાયેલની યુવતીઓને મળે - તેની સાથે રહે જેથી બંને એકબીજાને નજીકથી ઓળખે. તેઓના માનસિક ઘાવ રુઝાય. ઈઝરાયેલ-પેલેસ્ટાઈનની પાંચ-પાંચ બહેનો સાથે અમેરિકા ગઈ હતી. તેઓ સાથે રહેલી. એકબીજાને સમજવાનો પ્રયાસ કરેલો. તેઓ વચ્ચે જે ચર્ચા થયેલી તેનું રેકોર્ડિંગ થયેલું. તેમાં બેસને કહેલું, 'પ્રશ્નને ઉકેલવાના ઘણા રસ્તા હોય છે. ત્રાસવાદને ત્રાસવાદથી કે હિંસાને હિંસાથી નહીં ઉકેલી શકાય. ભૂતકાળને ભૂલીને ભવિષ્ય તરફ નજર માંડીએ. આપણે એકબીજાને દુશ્મન જ ગણીએ છીએ. ક્યારે ય મળતા નથી. મને લાગે છે કે આપણે બધાં એકસમાન માનવીઓ જ છીએ.'

દરિયાકાંઠે આનંદનો સમય વિતાવ્યાને ૩૫ દિવસ પછી ૧૬ જાન્યુઆરીના રોજ ઈઝરાયેલી ટેંકોએ અમારા ઘર પર, પુત્રીઓના રૂમ પર જ બોંબ ફેંક્યા. જેમાં મારી ત્રણ પુત્રીઓ અને ભત્રીજી મૃત્યુ પામી. અન્ય બાળકો પણ ઘવાયા. ઈઝરાયેલની મિલિટરીએ બહારના પત્રકારોને ગાઝામાં આવવાની મનાઈ કરી હતી. જેથી ગાઝામાં શું થઈ રહ્યું છે તેની બહારના વિશ્વને જાણ ન થાય. પરંતુ આ ઘટનાનું જીવંત પ્રસારણ ઈઝરાયેલના ટી.વી. પર થયું. ઈઝરાયેલની એક સ્ત્રીએ લખ્યું, ''પેલેસ્ટીનિયનોનું દુ:ખ મોટાભાગના ઈઝરાયેલીઓ જોવા ઈચ્છતા નથી. પરંતુ આ ઘટનાએ તેઓનો અવાજ-ચહેરો સ્પષ્ટ કર્યો છે. સરકારે જે અદૃશ્ય રાખ્યું હતું તે દૃશ્યમાન થયું છે. જેના ઘર પર હુમલો કર્યો તે કંઈ આપણો દુશ્મન નહોતો. આ વ્યક્તિની કથા-વ્યથા-કરૂણાંતિકા આપણે જોઈ. જે આપણા માટે શરમજનક છે.'

આ મારા કુટુંબની કથા છે. ગાઝાની કથા છે.

નિરાશ્રિત બચપણ

પેલેસ્ટાઈનના બહુ ઓછા લોકોને ઈઝરાયેલમાં કામ કરવાની પરમીટ મળે છે, જેમાંનો હું એક છું. હું અઠવાડિયામાં બે વખત ઈરેઝ નાકામાંથી પસાર થાઉં છું. જો નાકું બંધ ન હોય તો રવિવારે હું ઈઝરાયેલ કામ પર જાઉં છું અને ગુરુવારે પાછો ઘેર આવું છું. ઈઝરાયેલમાં દાખલ થવા માટે ઈરેઝ નાકું છે જે મારા ઘરથી (karમાં) ત્યાં પહોંચતા ૧૦ મિનિટ થાય. અન્ય નાકું કરની છે, જે માલસામાન દરિયાવાટે લઈ જવા માટે છે તથા (Rafah) - રાફાહ નાકું ઈજિપ્ત જવા માટે છે જે લગભગ બંધ રહે છે. આ નાકામાંથી પસાર થતાં જે મુશ્કેલીઓ-કનડગત અનુભવવી પડે છે તે અન્ય દેશોના નાગરિક સમાજને માનવામાં નહીં આવે. અપમાન, ભય, શારીરિક મુશ્કેલીઓ, કોઈ કારણ વિના રોકી રાખે, ધરપકડનો પણ ભય. ત્યાંથી પસાર થતાં થાક અને ભયનો અનુભવ થાય. બીજી ઈન્ટીફ્ડા ચળવળ પછી, પેલેસ્ટાઈનના વતનીની કાર નથી દાખલ થવા દેતા. ગાઝામાં જીવન જરૂરી ચીજો મળતી નથી તેથી ગુરુવારે ઘેર જતી વખતે ઈઝરાયેલમાંથી જ ખરીદી કરીને પહેલા ચેક પોઈન્ટે પહોંચું છું. ત્યાં મારો સામાન, પાસપોર્ટ વગેરે તપાસવામાં આવે છે. તેમાં કેટલો સમય લેશે અને કેટલી બારીકાઈથી બધું તપાસશે તે અધિકારી પર નિર્ભર રહે છે. ત્યાંથી સામાન સાથે બીજા નાકે પહોંચું, ત્યાં ત્રાસવાદીઓની તપાસ કરતા હોય તેમ બધી તપાસ કરે, પછી જવા દે. ગાઝામાં પહોંચ્યા પછી હમાસના ચોકીદારો બધી તપાસ કરે. ઈજિપ્તમાં દાખલ થવા માટે પણ ત્યાંના ચેકપોઈન્ટ પર પણ આ પ્રકારની મુશ્કેલીઓ હોય છે. તે નાકું બે-પાંચ મહિને, બે-ચાર દિવસ માટે, ખૂલે ત્યારે જ જઈ શકાય. ગાઝામાંથી બહાર શા માટે જવું છે તે માટેના પૂરતા કાગળો-સર્ટીફિકેટો જોઈએ. ખુલવાનો દિવસ પણ ઓચિંતો જાહેર થાય. એક જ ઉદાહરણ આપું. એક દિવસ ઈજિપ્ત જવા માટે હું સવારે સાત વાગે ચેક પોઈન્ટ પર પહોંચ્યો. ત્યાં ઘણી બધી તપાસને અંતે ૧૧ વાગે બસ ઉપડી, જેનું ચેકીંગ રસ્તામાં બે જગ્યાએ થયું. ઈજિપ્તની સીમામાં દાખલ થઈએ ત્યારે ફરી ચેકીંગ થાય, કેટલાકને પરત મોકલે, બધી તપાસને અંતે અમારી બસ ચાલી. જેમાં ઢોર પૂરાય તેમ માણસોને ઠાંસ્યા હતા. હું બીજે દિવસે સવારે ૭.૦૦ વાગે ઈજિપ્ત પહોંચ્યો.

મારા બાપદાદાઓ પહેલાં ઈઝરાયેલના દક્ષિણ વિસ્તારમાં હોગ (Houg) ગામમાં રહેતા હતા. મારા દાદા તે ગામના મુખી હતા. અમારું કુટુંબ વિશાળ અને સમૃદ્ધ હતું. તેની ઉદારતા માટે વખણાતું. દાદાનું નામ મુસ્તફા અબુલેશ (Abuelaish) હતું. અબુલેશનો અર્થ થાય છે કે જે અમારે ઘેર આવતું

તે જમ્યા વિના ન જતું. અમારી પાસે ઘણાં ઘેટાં-બકરાં હતાં. ખૂબ જમીન હતી. મેં ક્યારેય તે જમીન જોઈ નથી. અમે ત્યાં ક્યારેય ગયા નથી. મારા પિતાએ તે જગ્યા છોડી પછી સાત વર્ષે મારો જન્મ થયેલો. ૧૯૪૮માં ઈઝરાયેલનું સર્જન થયું અને પેલેસ્ટાઈનના ભાગલા પડ્યા તે પહેલાં જ અમારું કુટુંબ ગાઝામાં આવતું રહેલું. જોર્ડન નદીને કાંઠે આવેલ વેસ્ટ બેંક જે રાહત છાવણીનું બીજું કેન્દ્ર હતું તે અમારા માટે પરદેશ જેવું હતું. ગાઝા અમને નજીક પડે તેમ હતું.

ગાઝા પહેલાં ઈજિપ્ત સાથે જોડાયેલ હતું. એશિયા અને આફ્રિકાને જોડતો વિસ્તાર હતો. ગાઝાનો પ્રદેશ ૨૫ માઈલ લાંબો છે અને ૯ માઈલ પહોળો છે. તેના હવા, પાણી, જમીન અને સમુદ્ર પર ઈઝરાયેલનો કબજો છે. પ્રથમ વિશ્વયુદ્ધને અંતે પેલેસ્ટાઈનમાં યહૂદીઓનું સ્વતંત્ર રાજય રચવાની વિચારણા શરૂ થઈ હતી. લીગ ઓફ નેશન્સમાં તે અંગે ઠરાવ થયેલો. નવેમ્બર ૨, ૧૯૧૭ના રોજ આ અંગે એગ્રીમેન્ટ થયેલો, જેમાં બ્રિટને મહત્ત્વનો ભાગ ભજવેલો. પેલેસ્ટાઈનમાં યહૂદીઓ લઘુમતીમાં હતા. બહુમતી તો આરબ ખ્રિસ્તીઓ અને મુસ્લિમોની હતી. મે-૧૪, ૧૯૪૮ના રોજ ઈઝરાયેલ સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર થયું અને યહૂદી રાજયનો જન્મ થયો. બિન-યહૂદી લોકોએ પોતાનાં ઘરબાર-ખેતરો છોડી દેવા પડ્યા. યુનોના ૧૯૪૭ના પાર્ટીશન પ્લાન મુજબ ગાઝા સ્વતંત્ર આરબ રાષ્ટ્રનું એક ભાગ બનવાનું હતું, પરંતુ પેલેસ્ટાઈનના લોકોને તે મંજૂર નહોતું. તેઓને પોતાની માતૃભૂમિ છોડવી પડી. આ પ્લાન પાડોશી આરબ રાષ્ટ્રોને પણ મંજૂર નહોતો. ઈજિપ્તે અન્ય રાષ્ટ્રો વતી ઈઝરાયેલ પર ચડાઈ કરી અને ૧૯૪૮માં આરબ-ઈઝરાયેલ યુદ્ધ થયું. ત્યારપછી સતત યુદ્ધ થતાં રહ્યાં. સહઅસ્તિત્વ સફળ થયું નહીં. ૧૯૫૬માં સિનાઈ-યુદ્ધ, ૧૯૬૭માં છ દિવસનું યુદ્ધ, ૭૩-૭૪માં યોમકીપુરનું યુદ્ધ, ૧૯૮૭માં ઈન્ટીફડા, ૨૦૦૦માં બીજું ઈન્ટીફડા. આ દરમિયાન વિવિધ નેતાઓ વચ્ચે અનેક સંધિઓ થઈ. ૧૯૩૩માં ઓસ્લો સંધિ, ૧૯૯૪માં પેલેસ્ટીનીઅન ઓથોરીટી દ્વારા યાસર અરાફાતની આગેવાની નીચે પેલેસ્ટીનીઓને સ્વ-શાસન મળ્યું, ૧૯૯૬માં પેલેસ્ટાઈનમાં પાર્લામેન્ટની ચૂંટણી થઈ અને ૨૦૦૬માં હમાસનો ઉદય થયો. ૧૯૪૮માં પેલેસ્ટીનીઅનો પર આક્ષેપ મૂકાયો હતો કે તેઓ ઈઝરાયેલીઓને દરિયામાં ફેંકી દેવા ઈચ્છે છે. ઈઝરાયેલના સ્થાપક ડેવીડ બેન-ગુરીઅનને તે વખતે પૂછવામાં આવેલ કે જે પેલેસ્ટીનીઅનોએ પોતાની જમીનો ગુમાવી દીધી છે અને હાંકી કાઢવામાં આવ્યા છે તેની સાથે તમે કઈ રીતે વર્તશો? તેઓએ જવાબ આપેલો - 'વૃદ્ધો મૃત્યુ પામશે અને નવી પેઢી ભૂલી જશે.' પરંતુ આજની પરિસ્થિતિ જુઓ. ઈઝરાયેલીઓને કોઈએ દરિયામાં ફેંકી દીધા નથી અને પેલેસ્ટીનીઅનો ભૂલ્યા નથી. આ છ દાયકામાં ગેરસમજણો અને ધિક્કાર વધ્યા છે. ભૂલી જવું એ એક માત્ર મુદ્દો નથી. બંને સાથે મળીને આગળ વધે તે માટે માર્ગો શોધવાની જરૂર છે.

મારો જન્મ ૩ ફેબ્રુઆરી ૧૯૫૫ના રોજ ગાઝા પટ્ટીમાં થયો હતો. હું નિરાશ્રિત બાળક હતો. અમે ગરીબ હતા, મારું કુટુંબ વિસ્થાપિત હતું અને હું મારા પિતાની બીજી પત્નીનું સંતાન હતો. અમે આઠ ભાઈ-બહેન હતાં. બીજી પત્નીનાં બે બાળકો થઈને અમે કુલ ૧૦ સંતાનો હતાં. ઈસ્લામમાં ચાર પત્નીની છૂટ છે પરંતુ હું તેમાં સહમત નથી. મારી માનો સ્વીકાર અમારા બહોળા કુટુંબે નહોતો કર્યો તેથી અમારા પ્રત્યે ભેદભાવ રખાતો.

ગાઝામાં આઠ રેફ્યુજી કેમ્પ હતા. જબેલિયા સૌથી મોટો કેમ્પ હતો. આરબ ઈઝરાયેલી યુદ્ધ પછી તો અર્ધા ચોરસ માઈલ વિસ્તારમાં ૩૫ હજાર લોકો રહેતા હતા. આજે તેમાં ૨ લાખ લોકો રહે છે. બધાને આશા હતી કે થોડો સમય અહીં રહેશું પછી પાછા આપણા મૂળ સ્થળે જવાનું મળશે. પરંતુ ક્રમશ: તે આશા ગુમાવીને તે અમારું કાયમી નિવાસ બન્યું. મેં મારું બચપણ માણ્યું જ નથી. અમે અગિયાર વ્યક્તિઓ ૧૦ બાય ૧૦ ફૂટની રૂમમાં રહેતા હતા. વીજળી નહોતી, પાણીનો નળ નહોતો, જાજરૂ નહોતું. ગંદકી હતી. એક જ થાળી હતી જેમાં અમે સાથે ભોજન લેતા હતા. જાહેર જાજરૂમાં લાઈન લાગતી. પાણીના ટેન્કરની રાહ જોવી પડતી. કેરોસીનની રેકડી આવે તેની રાહ જોતા. પગમાં ચંપલ નહોતા. મચ્છરો કરડતા અને અમે લગભગ ભૂખ્યા રહેતા. એક જ જાજમ પર અમે બધા સૂઈ જતા. છ અઠવાડિયા પહેલાં જન્મેલી મારી બહેન એક ટબમાં સૂતી. તે ટબ દિવસે વાસણ તથા કપડાં ધોવામાં વપરાતું. એક વાર મારા ભાઈ નસીરે કંઈ તોફાન કર્યું, મારી મા તેને મારવા દોડી, તે ભાગ્યો અને તેનો પગ તે મારી નાની બહેનના માથા પર પડ્યો અને તે મૃત્યુ પામી! અમારા સમાજમાં દીકરીની ખાસ કંઈ કિંમત નહોતી. મારા પિતાજી જેમણે નાની વયે સુખી જિંદગી વિતાવી હતી, તેમણે અહીં મજૂરીનાં કામો કરીને ઘર ચલાવવું પડતું હતું.

હું છ વર્ષનો થયો ત્યારે યુનો દ્વારા ચલાવાતી શાળામાં જવા લાગ્યો. મારી મા મારા અભ્યાસમાં ખૂબ રસ લેતી. ત્યારે પણ હું કુટુંબને આર્થિક સહાય મળી રહે તે માટે કાર્યરત રહેતો. યુનો દરેક કુટુંબને દૂધ લેવા માટેના કાર્ડ આપતું. બધા લોકો દૂધ લેતાં નહીં. તેવા કુટુંબના કાર્ડ મારી મા એકઠા કરીને મને સવારે ત્રણ વાગ્યે ઉઠાડતી અને દૂધ લેવા મોકલતી. દૂધનું કેન્દ્ર છ વાગે ખૂલતું. હું તે દૂધ લઈને જેને જરૂર હોય તેને વધુ ભાવે વેચતો.. રમઝાનના દિવસોમાં કુરાનનો પાઠ કરવાની હરીફાઈ થતી. એક વખત મને તેમાં ઈનામ મળ્યું. ઈનામમાં જે પૈસા મળ્યા તેમાંથી અમારા કુટુંબ માટે બે અઠવાડિયાનું રાશન મળે તેમ હતું. હું તે ખરીદવા દુકાને ગયો અને જયારે ખિસ્સામાં હાથ નાખ્યો ત્યારે જાણ થઈ કે ખિસ્સું ફાટેલું હતું તેથી પૈસા પડી ગયેલા. મારી ચડ્ડી ઘણા બધાં થીંગડાવાળી હતી. ઘેર માને જયારે આની જાણ થઈ ત્યારે માર પડ્યો. આ પરિસ્થિતિને લીધે હું ઘણો હતાશ થઈ જતો. મારી જાત પ્રતિ ધિક્કારની લાગણી થતી. ઘરમાં હું સૌથી મોટો હતો તેથી મારી જવાબદારી વધુ રહેતી. તેથી મને લાગ્યું કે જાણે હું મારા માટે નહીં, પરંતુ અન્ય માટે જીવી રહ્યો છું. આમ છતાં મારા શિક્ષકો તરફથી મને ઘણી સહાય મળતી. પૂરતા પોષણનો અભાવ અને આખા દિવસની

દોડાદોડીને લીધે મારા હાડકાંના સાંધામાં દુખાવો રહેવા લાગેલો. રજાના દિવસોમાં હું ઈંટોના કારખાનામાં તથા બીજે મજૂરીએ જતો. ગધેડાની જેમ કામ કરતો. તેથી પગ વધુ દુ:ખતા. એક દિવસ ચાલતા પડી ગયો અને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. હોસ્પિટલમાં ડૉક્ટરો-નર્સો જે કામ કરતા હતા તેનું મને આશ્ચર્ય થયું. તેઓ પ્રતિ માન થયું. તેઓને દર્દીઓને સહાય કરતાં જોઈ મને પણ ડૉક્ટર થવાનું મન થયું. હોસ્પિટલના રૂમમાં મારી પાસેની ખાટ પર એક સુખી પેલેસ્ટીન કુટુંબની છોકરી હતી. તેને માટે કેળાની આખી લૂમ આવતી. અમારે ઘેર તો એક કેળાના ઘણા ટુકડા થતાં અને અમને એક્કેક ટુકડો મળતો. એટલે એક દિવસ મેં તેનું એક કેળું ચોરીને ખાઈ લીધું હતું! જો કે આ ચોરી જ હતી પરંતુ મેં મન મનાવ્યું કે ભૂખ્યા થયા હો ત્યારે આવી વર્તણૂંકને કુરાન મંજૂર રાખે છે. મેં એ સમયે ઈઝરાયેલમાં એક યહૂદી કુટુંબમાં પણ કામ કરેલું. તેઓએ મારી સાથે ખૂબ સારો વ્યવહાર કરેલો.

ગાઝાના રોડ સાંકડા હતા. તે રોડ પરથી ઈઝરાયેલી ટેન્ક પસાર થઈ શકે તેમ નહોતી. તેથી અર્ધી રાત્રે અમને ઊંઘતા ઉઠાડી એક બાજુ ઊભા રાખીને બંને બાજુના મકાનો તોડી પાડેલા. અમને બીજે રહેવા જવાનું કહ્યું. અમે ત્યાં જવા તૈયાર ન થયા એટલે અમને અમારા તોડી નાખેલા ઘરનું વળતર પણ આપવામાં ન આવ્યું. સત્તા પાસે નિરાધાર લોકોની શી દશા થાય છે તે નજરે નિહાળ્યું. મેં ઈઝરાયેલમાં કામ કરેલું તેનો પગાર મારી પાસે હતો. મારી માએ કેટલીક રકમ બચાવેલી. તેમાંથી અમે નવું ઘર લીધું. આ ઘટનાઓની મારા ચિત્ત પર ઘેરી અસર પડેલી, છતાં મારા મનમાં કોઈ વિશે ધિક્કારની લાગણી નહોતી.

એ સમયના રાજકારણ વિશે પણ મને ઊંડું જ્ઞાન નહોતું. હું ફાટાહ અને પેલેસ્ટાઈન લીબરેશન ઓર્ગેનાઈઝેશન વિશે જાણતો હતો. જો કે હું તેમાં સામેલ નહોતો. PLOએ ૧૯૬૮માં એક ચાર્ટર જાહેર કરેલું જેમાં પેલેસ્ટાઈન નેશનલ કાઉન્સિલ રચવાનો પ્રસ્તાવ હતો. તેમાં ૩૩ કલમ હતી. તેમાં હતું કે પેલેસ્ટાઈન આરબ પેલેસ્ટીનીઅન લોકોની માતૃભૂમિ છે. તે આરબ પ્રદેશનો અવિભાજીત ભાગ છે અને પેલેસ્ટીનિયન લોકો આરબ રાષ્ટ્રની જ પ્રજા છે. પેલેસ્ટીનીઅન ઓળખ સાચી છે, જરૂરી છે અને તે વારસામાં મળેલ છે, જેમ માતાપિતા તરફથી તેના બાળકોને મળે છે. હું PLOના દેખાવોમાં સામેલ પણ થતો. પરંતુ મારી દૃઢ માન્યતા હતી કે મારે પથ્થરો કે બંદૂકની શસ્ત્રો તરીકે જરૂર નથી. પરંતુ મારે જરૂર છે શિક્ષણની, જેના દ્વારા હું માનવ અધિકારો માટે લડી શકું અને પેલેસ્ટીનીઅન પ્રજાને મદદરૂપ થઈ શકું. જો કે રાજકારણમાં અમે વિશેષ રસ લેતા નહીં. છતાં ગાઝાની પરિસ્થિતિ સમજવા ફાટાહ તથા PLO વિશે જાણવું જરૂરી રહેતું. ૧૯૪૮માં જયારે ઈઝરાયેલ રાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું, ત્યારે પેલેસ્ટીનીઅન લોકો પોતાના ઘરવિહોણા બની ગયેલા. કેટલાક દાયકાઓથી વિચારાતું હતું કે પેલેસ્ટીનિઅનોએ ઈઝરાયેલ રાષ્ટ્ર માટે જગ્યા આપવી પડશે. પરંતુ પેલેસ્ટીનિયનો માનતા હતા કે આવું કંઈ થશે નહીં.

૨૯ મે ૧૯૬૪માં પ્રથમ પેલેસ્ટીનિયન નેશનલ કાઉન્સિલ જેરૂસેલામમાં મળી, જેમાં જોર્ડન, વેસ્ટ બેંક, ગાઝા પટ્ટી, સીરિયા, લેબેનોન, કુવૈત, ઈરાક, ઈજિપ્ત, કતાર, લીબિયા અને અલ્જીરિયાનો પેલેસ્ટીનીઅન સમુદાય એકઠો થયો હતો, અને ૨ જૂન, ૧૯૬૪ના રોજ પેલેસ્ટીન લિબરેશન ઓર્ગેનાઈઝેશનની રચના કરી હતી. તેનો ઉદ્દેશ સશસ્ત્ર સંઘર્ષ દ્વારા પેલેસ્ટાઈનને મુક્ત કરવાનો હતો. PLO ચાર્ટરે પેલેસ્ટાઈનની સીમા બ્રિટિશ રાજય સમયે જે હતી તે જ રાખી હતી, તથા ઈઝરાયેલે વિસ્થાપિત કરેલા નિરાશ્રિતોને પાછા ફરવા આહ્વાન કરેલ. પેલેસ્ટીનિયનોને સ્વનિર્ણયનો અધિકાર હોવો જોઈએ. એવું પણ એ ચાર્ટરમાં કહેવાયેલું.

ઈજિપ્તના પ્રમુખ નાસરની લાંબા વખતથી દલીલ હતી કે બધા આરબોએ એક રાષ્ટ્ર નીચે સંગઠિત થવું જોઈએ પરંતુ બધા આરબ આગેવાનો તેમાં સંમત નહોતા. બધા આરબ રાષ્ટ્રો પોતાની સીમા વધારવા ઈચ્છતા હતા. PLOની આગેવાની '૬૪થી '૬૭ સુધી અહમદ સુકેરીએ સંભાળી, ત્યાર પછી યાહ્યા હુમુદાએ ૨ ફેબ્રુઆરી ૧૯૬૯ સુધી સંભાળી. પછી યાસર અરાફતે તેના મૃત્યુ (૧૧ નવેમ્બર ૨૦૦૪) સુધી સંભાળ્યું. પછી મહેમૂદ અબ્બાસે આગેવાની લીધી છે.

ફાટાહની રચના પેલેસ્ટીનિયન વિસ્થાપિતોએ ૧૯૫૪માં કરી હતી તે અરબીભાષાના બધા પ્રથમ અક્ષર લઈને નામ છે - 'Liberation Organisation of the Palestinian Nation' અને તેનો અરેબિક અર્થ થાય છે 'વિજય'.

યાસર અરાફત ત્યારે વિદ્યાર્થી સંગઠનનો નેતા હતો, તે આનો સ્થાપક સભ્ય હતો. છ દિવસના યુદ્ધ પછી ફાટાહ પેલેસ્ટીનીઅન રાજકારણમાં મહત્ત્વનું પરિબળ બની ગયેલું. ૧૯૬૭માં તે PLO સાથે જોડાયું. ત્યારે પેલેસ્ટીનીઅન ધ્વજ ફરકાવવો ગેરકાનૂની હતું. PLOને ટેકો આપો કે તેનો રેડિયો સાંભળો તો ધરપકડ થતી.

૧૯૪૮માં ગાઝામાં નિરાશ્રિતો આવવા લાગ્યા તે પહેલાં કેટલાક પેલેસ્ટીનિયન ત્યાં રહેતા હતા. અને થોડા વખતમાં નિરાશ્રિતોની સંખ્યા, મૂળ નિવાસી કરતાં વધી ગઈ. ૧૯૪૮થી ૧૯૬૭ સુધી ગાઝાપટ્ટી ઈજિપ્તના વહીવટી તંત્ર નીચે હતી. ૧૯૪૯માં યુનોના આવ્યા પછી પ્રાથમિક આરોગ્ય સેવા, પ્રાથમિક શિક્ષણ તથા સામાજિક સેવાઓ (રાશન, તેલ, કપડાં) મળવા લાગ્યાં. હાઈસ્કૂલ, પોલિસ, સલામતી, પાસપોર્ટ તથા સામાન્ય વહીવટ ઈજિપ્તના હાથમાં હતા. છ દિવસના યુદ્ધ પછી ઈઝરાયેલીઓએ ઈજિપ્ત પાસેથી કબજો લઈ લીધો.

૧૯૭૦માં હું હાઈ સ્કૂલમાં દાખલ થયો ત્યાર પછી અભ્યાસ અંગે ગંભીર બન્યો. અરેબિક ભાષાનો વધુ અભ્યાસ કર્યો. વાચન મારો શોખ થઈ ગયો. ત્યારે હું કામે પણ જતો. ઈઝરાયેલે કર્ફ્યુ લાદ્યા પછી તો ઘણીવાર રાત સુધી કામ કરતો, ત્યાં જ સૂઈ જતો અને સવારે મોઢું ધોઈને સીધો શાળાએ જતો. પૂરતું ખાવા ન મળતું તેથી એકવાર શાળામાં લાઈનમાં ઊભા રાખેલા ત્યારે મને ચક્કર આવેલા અને ભૂખ તથા વધારે પડતા કામને લઈને હું બેભાન થઈને પડી ગયેલો. શાળાના સમય સિવાય સખત કામ કરવું, કેરોસીનના અજવાળે અન્ય કોઈ સગવડ-સાધનો વિના ઘરકામ કરવું, વાંચવું-લખવું, લખતી વખતે ઘરના છાપરામાંથી વરસાદ સમયે પાણી પડે, નોટબુક બગડે - આ બધું અભ્યાસને અવરોધરૂપ બનતું, છતાં મારી માની ઈચ્છા કે હું

સફળ બનું અને મારા શિક્ષકોનો ટેકો. - આથી મારો ઉત્સાહ અભ્યાસમાં જળવાઈ રહ્યો.

૧૯૭૪માં મેં હાઇ સ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું. મેં આગળ અભ્યાસ માટે શિષ્યવૃત્તિની અરજી કરી અને કેરોની યુનિવર્સિટીમાં મને એડમિશન મળ્યું. અમારા કુટુંબમાં યુનિવર્સિટીમાં જનાર હું પ્રથમ વ્યક્તિ હતી. જબેલિયા કેમ્પમાંથી ચાર જ યુવાનો મેડિસીનના અભ્યાસ માટે ગયેલા. બધા કુટુંબીજનો ખૂબ રાજી થયા, મને દરેક પ્રકારની સહાય કરવાની તૈયારી દેખાડી. પણ એક પ્રશ્ન મને મૂંઝવતો રહ્યો કે શા માટે પેલેસ્ટીની બાળક ઈઝરાયેલના બાળકની જેમ જીવી ન શકે? શાળાએ જવા માટે પેલેસ્ટીનિયન બાળકને ખૂબ શ્રમ શા માટે લેવો પડે છે? અમે માંદા પડીએ ત્યારે ઈઝરાયેલના બાળકોની જેમ સારવાર શા માટે ન મળે? અમે બધાં એકસરખા માનવીઓ છીએ.

મારો માર્ગ શોધુ છું

૧૯૭૫માં કેરોની યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ સ્વીકારીને મેં ગાઝા છોડ્યું. મેડિકલની ડિગ્રી લેવા દીર્ઘયાત્રા શરૂ કરી. મારા કુટુંબને ગરીબાઈમાંથી મુક્ત કરવા માટેનું આ એક પગલું હતું. હું ખૂબ રોમાંચ અનુભવતો હતો. મારા કુટુંબે આનંદના અશ્રુ સાથે મને વિદાય આપેલી.

મારા વર્ગમાં એક પેલેસ્ટીનીઅન યુવતી હતી. તે ખૂબ રૂપાળી હતી. મારી સાથે ખૂબ નજીક આવેલી. પરંતુ તેની વર્તણૂંકે મને નિરાશ કરેલો. શું હું ઈજિપ્તમાં રોમાન્સ કરવા આવ્યો હતો? મારે અભ્યાસમાં ધ્યાન આપવું હતું. તેથી પાર્ટીઓમાં-ફિલ્મો જોવા ક્યાં ય જતો નહીં. જો કે મારે કોઈ યુવતી સાથે દોસ્તી નહોતી, તેથી મારા મિત્રો મારી મજાક પણ ઉડાવતા. અમારે મેડિસીનના વિવિધ વિભાગમાં તાલીમ લેવા જવાનું બનતું. મને સ્ત્રીરોગ અને પ્રસૂતિ વિજ્ઞાન - તેમાં પણ બાળકનો જન્મ થવો તે ચમત્કાર લાગતો તેથી એ વિષયમાં વધુ રસ પડતો. બાળકને જન્મ આપવાનું કામ મને ખૂબ રોમાંચક લાગતું. ૧૯૮૩માં મેં MDની ડિગ્રી પ્રાપ્ત કરી. અમારી સભ્યતામાં અમારી વ્યક્તિગત પ્રગતિ થાય એટલા માટે જ ભણતા નથી; અમારાં ભાઈઓ-બહેનોનો, અમારા સમાજનો પણ વિકાસ થાય તે માટે ભણીએ છીએ. અમારા કુટુંબે સ્વીકાર્યું કે પેલેસ્ટાઈનના લોકોની જિંદગી સુધારવી જરૂરી છે.

૧૯૮૩માં મારો ભાઈ નૂર ગુમ થઈ ગયો. ૧૮ વર્ષે તે ફાટાહ સાથે કામ કરતો હતો. તેથી ઈઝરાયેલીઓએ તેને કેદ કરેલો. મારું માનવું છે કે તેને જીવન આત્મગૌરવ વિનાનું જણાતું હતું, તેથી નિરાશ થયેલો અને નઠારા ભાઈબંધો સાથે ભળેલો, નશીલી દવાઓ પણ લેતો થઈ ગયેલો. જેલમાંથી છૂટ્યા પછી તે લેબેનોન ગયો. ત્યાં તે માર્યો ગયો.

કેરોમાં મને સ્ત્રીરોગ અને પ્રસૂતિવિજ્ઞાનમાં નિષ્ણાત થવા માટે રેસીડન્સી મળતી હતી. પરંતુ મારા મા-બાપ ઇચ્છતા હતા કે હું ઘેર આવી જાઉં. મારા પિતાજીને લીવરની બિમારી હતી. તે પોતાના પુત્રને ડૉક્ટર થયેલો જોવા ઇચ્છતા હતા. તેઓનું સ્વાસ્થ્ય કથળતું જતું હતું. ગાઝામાં મને નોકરી મળી નહીં. જયાં હું ઉછર્યો તે સમાજની હું સેવા કરવા ઇચ્છતો હતો. ૧૯૬૭થી ગાઝા ઈઝરાયેલીઓના કબજામાં હતું. ઈઝરાયેલની ઈચ્છા વગર તમે ગમે ત્યાં ફરી શકો નહીં. તમારે નોકરી જોઈતી હોય તો તમે મહત્ત્વની વ્યક્તિના પુત્ર હોવા જોઈએ. આખરે મને મારા ઘરથી ૨૨ માઈલ દૂરની એક હોસ્પિટલમાં નોકરી મળી. મારે તે સ્વીકારવી પડી. આઠ મહિને મારા ઘેર આવ્યો ત્યારે મારા પિતાનું મૃત્યુ થયું હતું. તેણે જીવનભર સખત શ્રમ કરીને કુટુંબની જરૂરિયાતો પૂરી પાડી હતી. તેઓ સફળ ખેડૂત હતા, સન્માનનીય જમીનદારના પુત્ર હતા. પણ ગાઝામાં તેઓ ઘર વિનાના નિરાશ્રિત હતા. તે તેઓ માટે અપમાનજનક પરિસ્થિતિ હતી. તેઓ પોતાના ડૉક્ટર પુત્રની સહાય પણ લઈ શક્યા નહીં. અંતિમ દિવસો ખૂબ પીડામાં વીતાવ્યા. લીવર કામ કરતું બંધ થઈ ગઈ હતું અને તેઓ બેભાન થઈ ગયેલા. મારી હોસ્પિટલમાં દાખલ કરેલા પરંતુ ત્યાં પૂરી સારવાર મળે તેવી સગવડતા નહોતી. હું લાચાર હતો. હું મારા પિતાને બચાવી શક્યો નહીં. તેની પાછળ દરેક મુસ્લિમ કરે છે તેમ મેં કર્યું. મારું જ્ઞાન અને શાણપણ અન્ય સાથે વહેંચ્યું, તેઓ માટે અલ્લાહને પ્રાર્થના કરી અને તેના નામે દાન કર્યું.

મારી બદલી બીજી હોસ્પિટલમાં થઈ. તેનું સંચાલન યોગ્ય વ્યક્તિઓના હાથમાં નહોતું. તેથી મેં નોકરી છોડી દીધી અને સાઉદી અરેબિયાના આરોગ્ય ખાતામાં અરજી કરી. નોકરી મળી પણ તે ૨૫૦ માઈલ દૂરના સ્થળે હતી. સારો પગાર મળ્યો, જેથી હું મારા કુટુંબીજનોને આર્થિક સહાય કરી શક્યો. સારા એવા પૈસા બચાવીને હું ગાઝા પાછો ફર્યો અને ૧૯૮૭માં નાદિયા સાથે લગ્ન કર્યા. તે પછી બે મહિને પ્રથમ ઈન્ટીફાડા ચળવળ શરૂ થઈ. તેની શરૂઆત મારી નજીકથી, જબેલિયા કેમ્પ પાસેથી થઈ અને ખૂબ ઝડપથી સમગ્ર ગાઝા અને વેસ્ટ બેંક તથા પૂર્વ જેરૂસલામમાં પ્રસરી ગઈ. શા માટે એ ઓચિંતી શરૂ થઈ તે સ્પષ્ટ નહોતું. કેટલાકનું માનવું હતું કે ઈઝરાયેલ આર્મીની ટેંક જબેલિયામાં રહેતા પેલેસ્ટીનીઅનોના એક જૂથ પર ફરી વળી, જેથી ચાર વ્યક્તિનાં મોત થયાં, સાત ઘાયલ થયા. આનું કારણ એ હતું કે થોડા દિવસો પહેલાં ઈઝરાયેલી સેલ્સમેનને ચાકુ મારીને મારી નાખવામાં આવેલ. તેનો આ બદલો હતો.

બીજા એક બનાવમાં થોડા પેલેસ્ટીનીઅનોએ લેબેનોનમાં આવેલ ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સીસમાં દાખલ થઈને છ ઈઝરાયેલીઓને મારી નાખ્યા હતા. ગમે તે કારણ હોય, લોકો ગુસ્સે ભરાઈને શેરીઓમાં આવી ગયા હતા. આની સામે ઈઝરાયેલી સૈનિકો પેલેસ્ટીનીઓને ગધેડાની જેમ જાહેરમાં ચલાવતા હતા, તેઓની મજાક ઉડાવતા હતા. આ પરિસ્થિતિ ઊભી થવામાં ઘણાં પરિબળોએ ભાગ ભજવ્યો હશે, પરંતુ મને લાગે છે કે પેલેસ્ટાઈનની પરિસ્થિતિ સુધારવા માટે કોઈએ કંઈ પણ કર્યું નહીં. પેલેસ્ટીનિઅનોને પોતાની ઓળખ અને નાગરિકતા જોઈતાં હતાં. પરંતુ પેલેસ્ટાઈન રાજય સ્થપાવાની કોઈ નિશાની નહોતી. ઈઝરાયેલે ગાઝાનો કબજો લીધાને ૨૦ વર્ષ વીતી ગયા છતાં આ દિશામાં કંઈ થતું નહોતું.

ઈઝરાયેલી લશ્કર પર સળગતા ટાયર અને પથ્થરો ફેંકાતા, જયારે ઈઝરાયેલ લશ્કર રાઈફલનો ઉપયોગ કરતું હતું. મારા ભાઈ રઝાકને પકડવામાં આવેલો. મારી બહેનને માનસિક તાણને લીધે કસુવાવડ થઈ ગઈ. બંને બાજુ ઉશ્કેરાટ વધતો જતો હતો. આ પરિસ્થિતિમાં અમારી પુત્રી બેસનનો જન્મ થયો. મને જે મેડિકલ અનુભવ જોઈતો હતો તે મળતો હતો. મારું કુટુંબ સમૃદ્ધ થતું જતું હતું.

૧૯૮૮માં મને સાઉદી અરેબિયાના આરોગ્ય ખાતા તરફથી લંડનની યુનિવર્સિટીમાંથી સ્ત્રીરોગ અને પ્રસૂતિવિજ્ઞાનનો ડિપ્લોમા મેળવવા માટે શિષ્યવૃત્તિ મળી. મને વંધ્યત્વમાં ખૂબ રસ હતો. જબેલિયા કેમ્પમાં વંધ્યત્વના કેસો ઘણા હતા. આ ડિપ્લોમા માટેના વધુ વર્ગો તો સાઉદી અરેબિયાના પાટનગર રિયાધમાં ભરવાના હતા. થોડા માસ માટે લંડન જવાનું હતું. મારી પાસે ત્યાં જવા માટેનો વિઝા હતો. લંડનનો અનુભવ વિશિષ્ટ હતો. અહીં વિવિધ વંશના અને ધર્મના લોકો એક સાથે રહેતા હતા. જો કે મૂળ બ્રિટિશરો જે લોકો બહારથી આવ્યા હોય તેને નીચા ગણતા હતા. પોતાની ઉચ્ચતાનું ભાન તેઓ બધે કરાવતા રહેતા. પરંતુ વર્ગખંડમાં તેની કોઈ અસર નહોતી.

પુરુષ પ્રાધાન્યવાળી સભ્યતામાં વંધ્યત્વ માટે સ્ત્રીઓને જ દોષિત માનવામાં આવે છે. ખરેખર તો અનેક કેસોમાં પુરુષ જ દોષિત હોય છે. કન્યાના

જન્મ માટે પણ સ્ત્રીને દોષિત માનવામાં આવે છે જ્યારે Y ક્રોમોઝોમ્સ જે છોકરો બનાવે છે તે પુરુષ દ્વારા જ આવે છે. તેથી પુરુષમાં Y ક્રોમોઝોમ્સ ન હોય તો છોકરો જન્મતો નથી. આમ તે માટે પણ પુરુષ જ જવાબદાર હોય છે. હું પુરુષોને આ હકીકત જણાવીને સ્ત્રીઓને દોષિત ન માને તેમ કહેવા ઈચ્છતો. મને આ વિષયમાં જ વધુ રસ પડવા લાગ્યો. મારે ત્યાં બીજી પુત્રી દલાલનો જન્મ થયેલો.

સાઉદી અરેબિયા ગાઝા કરતાં વધુ રૂઢિચુસ્ત હતું. ત્યાં અમે પરદેશી હોઈએ તેવું અનુભવાતું. હું ગમે ત્યાં ફરી શકતો નહીં. આથી લંડનથી આવ્યા પછી અમે ગાઝા જવા ઈચ્છતા હતા, પરંતુ મને શિષ્યવૃત્તિ મળેલી તેના બદલામાં મારે ત્રણ વર્ષ સાઉદી અરેબિયામાં મેડિકલ સેવા આપવાની હતી. આ દરમિયાન મધ્યપૂર્વમાં લડાઈ ફાટી નીકળી. સદ્દામ હુસૈને કુવૈત પર આક્રમણ કર્યું. ૧૯૯૧માં મારા ઉપરીએ મને ગાઝા જવાની છૂટ આપી અને અમે પાછા ગાઝા આવ્યા. ત્યારે ત્યાં ઈન્ટીફ઼ડાની ચળવળ ચાલુ હતી. બધા ચોકમાં ઈઝરાયેલી ગન્સ અને ટેન્કો હતી. આંતરવિગ્રહ પણ ચાલુ હતો. આશરે એક હજાર પેલેસ્ટીનિયનોને ઈઝરાયેલ સાથે ભળી જવાના આરોપ બદલ અમારા જ લોકોએ મારી નાખ્યા. ખરેખર તો તે માટેની કોઈ સાબિતી નહોતી. ૨૦ ઓગસ્ટ, ૧૯૯૩ના રોજ ઓસ્લો સંધિ નીચે પ્રથમ ઈન્ટીફ઼ડાનો અંત આવ્યો ત્યાં સુધીમાં ૨૧૦૦ પેલેસ્ટીનિયોના મોત થયેલા, જેમાં ૧૦૦૦ તો પોતાના જ દેશવાસીઓના હાથે મૃત્યુ પામ્યા અને ૧૧૦૦ ઈઝરાયેલી લશ્કરના હાથે મૃત્યુ પામ્યા. ૧૬૦ ઈઝરાયેલી મૃત્યુ પામ્યા.

ઈન્ટીફ઼ડાથી શું લાભ થયો તે ચર્ચાનો વિષય છે, પણ વિશ્વનું ધ્યાન પેલેસ્ટાઈન પ્રતિ ગયું અને ઈઝરાયેલ પેલેસ્ટાઈનને ત્રાસ આપે છે તે જાહેર થયું. ૧૯૯૮માં અમેરિકાના પ્રમુખ પ્રથમવાર પેલેસ્ટાઈન આવ્યા અને પેલેસ્ટાઈનના આગેવાનો સાથે સીધી મંત્રણા કરી અને પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન પેલેસ્ટાઈનની પ્રજાનું વિધિવત પ્રતિનિધિ છે તે સ્વીકાર્યું. આને અમે અમારી જીત માની, પણ આ ઈન્ટીફ઼ડા ચળવળ દરમિયાન એક નવા ત્રાસનો જન્મ થયો - આત્મઘાતી બોમ્બીંગ. ૧૬ એપ્રિલ ૧૯૯૩ના રોજ મેહોલા જંક્શન-જોર્ડન વેલી હાઈવે પર એક પેલેસ્ટીનીઅન દારૂગોળો ભરેલી કાર લઈને ધસી ગયો અને બૉંબ ફોડ્યા. બોમ્બર માર્યો ગયો. બધા બૉંબ ઉપરની બાજુ ગયા તેથી ખાસ જાનહાનિ ન થઈ. ૨૦ ઈઝરાયેલ સૈનિકો ઘાયલ થયા. આત્મઘાતી બૉંબનો સિલસિલો ચાલતો રહ્યો, તેથી ઘણાં નિર્દોષ માનવીઓના મૃત્યુ થયાં.

આ અમાનવીય પદ્ધતિથી ગાઝાને, વેસ્ટ બેંકને કે ઈઝરાયેલને તેના પ્રશ્નો ઉકેલવામાં કંઈ લાભ ન થયો. ઈન્ટીફ઼ડા અને આત્મઘાતી બોમ્બરોને અમૂલ્ય જાનહાનિ થઈ.

સાઉદી અરેબિયામાં નોકરી દરમિયાન મેં જે પૈસા બચાવેલા તેમાંથી મેં ગાઝામાં સાંજે મારું અંગત દવાખાનું શરૂ કર્યું, જેથી હું મારા ગરીબ લોકોને સારવાર આપી શકું. આ સાથે મેં યુનાઈટેડ નેશન્સ રીલિફ઼ એન્ડ વર્કસ્ એજન્સીમાં સ્ત્રીરોગ અને પ્રસૂતિવિજ્ઞાનમાં ક્ષેત્રીય પદ સંભાળ્યું. આ સાથે મેં ઈઝરાયેલના ડૉક્ટર સમુદાય સાથે વંધ્યત્વ અંગેના જ્ઞાનનું આદાનપ્રદાન ચાલુ રાખ્યું. વંધ્યત્વ અંગેના બે નિષ્ણાત ઈઝરાયેલી પ્રોફેસરો સાથે ઘનિષ્ઠ સંબંધ બંધાયો. અમે દર્દીઓ એકબીજાને મોકલતા થયા, ઈઝરાયેલની સોરોકા હોસ્પિટલમાં સ્વૈચ્છિક રીતે કામ પણ કરતો.

૧૯૯૪માં લેબર અને ડિલીવરી અંગેની પ્રથમ વિશ્વ કોંગ્રેસમાં ભાગ લેવાનું નિમંત્રણ મળ્યું, જે જેરુસલામમાં યોજાયેલી. સોરોકા હોસ્પિટલના ડીન મને તેમની હોસ્પિટલમાં રેસીડન્સી આપવા ઈચ્છતા હતા. પણ એક યા બીજા કારણોસર મેળ નહોતો ખાતો. હોસ્પિટલના ડીન પણ બદલાતા રહ્યા. બધાને મારા પ્રત્યે ખૂબ સદ્ભાવ હતો. તે હોસ્પિટલના નવા ડાયરેક્ટર ડૉ. શ્લોમો ઉસેફ઼ે કહેલું, 'ઈઝેલદીન એક વિશિષ્ટ વ્યક્તિ છે. ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંઘર્ષ અંગે સંતુલિત અભિગમ ધરાવે છે. તે બંને વચ્ચેનો સેતુ બનવા ઈચ્છે છે. તે પોતાના કાર્યમાં નવી ઊંચાઈએ પહોંચવા ઈચ્છે છે. આપણે તેને તાલીમ આપવી જોઈએ. તથા બધી સગવડો પણ આપવી જોઈએ. હું ઇચ્છું છું કે સોરોકા હોસ્પિટલમાં તેની રેસીડન્સી શરૂ થાય.' આમ ૧૯૯૭માં મેં ત્યાં રેસીડન્સી સંભાળી.

હું હવે પાંચ દિવસ ઈઝરાયેલમાં જ રહેતો હતો. ક્યારેક પૂરું અઠવાડિયું રહેવાનું થતું. ઘેર મારી પત્ની મારાં બાળકોને સંભાળતી. ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સીમા પાર કરવાનું મુશ્કેલ રહેતું. ક્યારેક ખૂબ હેરાનગતિ-અપમાન સહેવાં પડતાં છતાં મારે તો વંધ્યત્વ અંગે વધુ શીખવું હતું તેથી સહન કરતો. મારી પાસે ઈઝરાયેલના તથા પેલેસ્ટાઈનના દર્દીઓ આવતા. જેને બાળકો ન હોય તેની માનસિક પીડા દૂર કરવાનો પ્રયત્ન કરતો. મને મારાં કાર્ય પ્રતિ પ્રેમ હતો. હોસ્પિટલ એવું સ્થળ છે જયાં માનવતાને મહોરવાની શક્યતા છે. ત્યાં લોકોને વંશીય ભેદભાવ વિના સમાન રીતે સારવાર અપાય છે. અમારામાં રહેલા ભેદભાવ અમે હોસ્પિટલની બહાર મૂકીને અંદર દાખલ થઈએ છીએ. જીવનને બચાવવું એ જ અમારો ધર્મ છે. રોગ કોઈ દેશની સીમાને ઓળખતો નથી. રાજકારણ અને પૂર્વગ્રહો જ પરિસ્થિતિને વણસાવે છે. આવા શુભ હેતુથી કામ કરવા છતાં ક્યારેક યહૂદીઓ તરફથી ઘૃણા-આક્ષેપ થતા પણ તે હોસ્પિટલ મારો બચાવ કરતી. હું ઈઝરાયલના ડૉક્ટરોને ગાઝામાં લઈ આવતો. તેઓ તે પરિસ્થિતિ જોતા-સમજતા. આમ સહઅસ્તિત્વ સાચા અર્થમાં થાય તે માટેના પ્રયાસો કરતો.

પણ સપ્ટેમ્બર ૨૦૦૦માં આ અટકી ગયું. બીજી ઈન્ટીફ઼ડા શરૂ થઈ. કેમ્પ ડેવિડ શિખર મંત્રણા ભાંગી પડી. સામસામા હુમલાઓ શરૂ થયા. સીમાઓ બંધ થઈ ગઈ. ઘણા અઠવાડિયા સુધી હું ઈઝરાયલ ન જઈ શક્યો. મારા ગાઝાના દવાખાનામાં કામ કરતો રહ્યો. અઠવાડિયામાં એક દિવસ હું મફ઼ત દવા આપતો. આશરે એક હજાર ગાઝાવાસીઓ કામ માટે ઈઝરાયેલ જઈ શકતા નહીં. કામ નહીં, પૈસા નહીં, તેથી ખોરાક નહીં. આ હતાશામાંથી આત્મઘાતી બોમ્બર ઊભા થયા. બધાં તેને 'હીરો' ગણવા લાગ્યા.

૬૦ દિવસ પછી હું ફ઼રી ઈઝરાયેલમાં-સોરોકા હોસ્પિટલે ગયો ત્યારે મારા ઈઝરાયેલી સાથીદારોએ ઉમળકાભેર મારું સ્વાગત કર્યું. આમ છતાં, ગાઝાના મારા સાથીઓ મને કહેતા, 'યહૂદી સ્ત્રીઓને બાળકો થાય તે માટેની સારવાર શા માટે આપે છે? તે બાળકો મોટા થઈને આપણા પર જ બૉંબ ફેંકવાના છે. અમને તો તારા પર ખૂબ ગુસ્સો આવે છે.' મને થતું કે ગાઝાના લોકો ઈઝરાયેલમાં આવીને જુએ કે આ ઈઝરાયેલીઓ પણ શાંતિ ઈચ્છે છે અને ઈઝરાયેલના ડૉક્ટરો જુએ કે પેલેસ્ટાઈનના લોકોમાં પણ માનવતા છે. મને લાગતું કે આરોગ્ય સેવા દ્વારા બંને કોમ નજીક આવી શકે તેમ છે. દરેક દર્દી મને મારો સગો લાગતો. બધાં જન્મતાં બાળકો નિર્દોષ હોય છે. કોણ તેઓને મિત્રમાંથી દુશ્મન બનાવી દે છે?

એક બાજુ સંઘર્ષ ચાલતો રહ્યો, બીજી બાજુ અમે પાંચ માળનું મકાન બનાવીને બધાં એ મકાનમાં, ભલે સ્વતંત્રતાથી, પણ એક જ મકાનમાં રહેવાનું નક્કી કર્યું. મારી માને અમારો એક ભાઈ નૂર, જેના કોઈ ખબર સુદ્ધાં નથી, તે ફ઼રી આવશે જ, એવી આશા હતી, તેથી તે આ નવા મકાનમાં રહેવા ન આવી.

૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ હું હોસ્પિટલમાં મારા કામમાં ખૂબ વ્યસ્ત હતો. મધરાતે એક નર્સે જણાવ્યું કે અમેરિકામાં મકાનો તૂટી રહ્યાં છે. હું તુર્ત જ ટી.વી.વાળા રૂમમાં ગયો. વર્લ્ડ ટ્રેડ સેન્ટરનું પ્રથમ ટાવર ધ્વસ્ત થતું જોયું. કોઈને કલ્પના પણ નહોતી કે અમેરિકામાં ત્રાસવાદ આવી શકે! પણ ત્યાં તે પહોંચ્યો હતો. હું તો જન્મ્યો ત્યારથી ત્રાસવાદ સાથે જ જીવતો આવેલો. 'ત્રાસવાદના હુમલા પછી સ્વસ્થતા માટેની વિચારણા' મુદ્દા પર એક ગોષ્ઠિ ન્યુયોર્કમાં યોજાઈ. તેમાં ભાગ લેવાનું મને નિમંત્રણ મળ્યું. કેટલાકે મને આમાં સામેલ કરવા સામે સખત વિરોધ નોંધાવ્યો. પરંતુ મારા મિત્રોએ મારો આગ્રહ રાખ્યો. હું તો આ તક લેવા ઈચ્છતો જ હતો તેથી તેમાં સામેલ થયો. તે ગોષ્ઠિમાં હું એકમાત્ર પેલેસ્ટીનીઅન હતો. શ્રોતાઓમાં વધુ સંખ્યા યહૂદીઓની હતી. તેઓ મારો ઉપહાસ કરતાં બબડતા હતા કે 'તમારાં બાળકોને અમારી પ્રત્યે નફ઼રત કરતાં શીખવો છો.' બધાનાં મન બદ્ધ હતાં. મારે ઘણું કહેવાનું હતું. મારે તેઓનું ફ઼ોકસ બદલવું હતું. મારે વિશ્વાસ, સન્માન, સહિષ્ણુતા વિશે કહેવું હતું.

મેં ત્યાં કહ્યું, 'આપણે બધાએ એ સમજવાની જરૂર છે કે દરેક દેશમાં, દરેક ધર્મમાં, દરેક સંસ્કૃતિમાં અનિષ્ટ તત્ત્વો હોય છે. પરંતુ આ સાથે બધા દેશમાં

શાંત સમુદાય હોય છે, અને હું ઇચ્છું છું તેમ તેઓ પણ ઇચ્છે છે કે એકબીજાના વિચારો-દૃષ્ટિકોણ-ચિંતાઓ સાંભળીને બે દેશોના લોકોને સાથે જોડી શકાય છે. સહઅસ્તિત્વ શક્ય છે. આ બહુ સરળ છે. હું આ કામ મારી યુવાવયથી કરી રહ્યો છું. મધ્યપૂર્વ તરફ, તે ઘવાયેલી પવિત્ર ભૂમિ તરફ અને ત્યાં પેઢી દર પેઢી ચાલતી નફરત અને લોહીયાળ જંગ તરફ નજર નાખો. આ પરિસ્થિતિને સંવાદ અને સમજણથી પરિવર્તિત કરી શકાય તેમ છે. મધ્યપૂર્વ વિસ્તાર આજે હાંફી રહ્યો છે. એક પક્ષને ફાયદો થાય અને બીજો પક્ષ માથું નીચું કરીને બધું સ્વીકારી લે તેવી રીતે આનો ઉકેલ નહીં આવે. એકબીજા પર દોષારોપણ કરવાનું બંધ કરીને સંવાદ શરૂ કરો. દરેક વ્યક્તિ જાણે છે કે હિંસાથી હિંસા જ વધે છે અને વધુ નફરત ફેલાય છે. આપણે સાથે મળીને માર્ગ શોધવો જોઈએ. મારા પ્રવકતા તરીકે જેઓ બોલે છે તેના પર હું આધાર રાખી શકું નહીં. કારણ કે તેઓને પોતાના એજન્ડા હોય છે, જે મારા માટે કામનો નથી. તેને બદલે હું મારા દર્દીઓ સાથે, મારા પાડોશીઓ સાથે, મારા સાથીદારો-યહૂદી-આરબ સાથે ચર્ચા કરું અને હું શોધી કાઢું કે હું જે અનુભવું છું તેવું જ તેઓ અનુભવે છે. આપણે બહુ અલગ નથી બલ્કે વધુ સમાન છીએ. આપણે બધા હિંસાથી થાકી ગયા છીએ.'

'મેં ઈઝરાયેલ અને ગાઝામાં તબીબ તરીકે કામ કર્યું છે. જેમ શિક્ષણ અને મિત્રતા સેતુ બની શકે છે તે જ રીતે મેડિસીનને પણ હું સેતુ તરીકે જોઉં છું. શું કરવું જોઈએ તે વિષે આપણે બધાં જાણીએ છીએ. તો પછી આપણને કોણ રોકી રહ્યું છે? આપણી બે વચ્ચે કોણ દીવાલ બનીને ઊભું છે? આપણે એકબીજાની સચ્ચાઈને સમજવાની જરૂર છે તે માટે અસહિષ્ણુતાને બદલે સહિષ્ણુતાના, ધિક્કારને બદલે પડેલા ઘાને રુઝાવનારા સંદેશાઓની આપલે કરીએ.'

હું આ બોલતો હતો ત્યારે યહૂદી અમેરિકનને હું નિહાળતો હતો. મેં જયારે ગાઝાના જીવનની હકીકતો રજૂ કરી ત્યારે તે સત્યમાં તેઓને ખોવાઈ જતા મેં જોયા. તેઓને મારા વક્તવ્યથી, ગાઝાની પરિસ્થિતિ જાણીને આઘાત લાગ્યો હતો. મારા સંદેશમાં રહેલી સરળતાથી તેઓ આશ્ચર્ય પામ્યા હતા. જે વ્યક્તિ મને આ ગોષ્ઠિમાં સામેલ કરવા ઇચ્છતી જ નહોતી, તેણે મને બીજે દિવસે પોતાને ઘેર જમવા નિમંત્રણ આપ્યું. મને લેવા માટે બીજે દિવસે ગાડી મોકલી. ભોજન પછી તેણે મને પૂછયું, 'ઇઝેલદીન, ગાઝાના લોકો માટે હું શું કરી શકું?' આ મારે માટે કિંમતી ભેટ હતી.

ફેબ્રુઆરી ૨૦૦૨માં મારી માનું મૃત્યુ થયું. હજુ થોડા દિવસો પહેલાં ઈદની ઉજવણીમાં આખું કુટુંબ એકત્ર થયું હતું. તે ખૂબ બહાદુર-ખડતલ સ્ત્રી હતી.

તેમના મૃત્યુના એક મહિના પછી ઈઝરાયેલની હોટેલમાં આત્મઘાતી બૉંબનો હુમલો થયો. જો કે હું ત્યારે ગાઝામાં હતો અને મારે તે ઘટના સાથે કોઈ સંબંધ નહોતો છતાં મને ઈઝરાયેલમાં દાખલ થવાની મનાઈ ફરમાવવામાં આવી. બે માસ પછી હોસ્પિટલના મારા અનેક સાથીદારો તથા ત્યાંની સંસદની ભલામણ પછી મને ઈઝરાયેલમાં દાખલ થવાની છૂટ મળી. લોકોએ મારી ધીરજના, મન શાંત રાખવાની કુશળતા અને ગુસ્સામાં કોઈ ગેરવર્તન ન કર્યું તે માટે પ્રશંસા કરી.

નવેમ્બર ૨૦૦૪માં યાસર અરાફતના મૃત્યુ પછી, બીજી ઈન્ટીફ઼ડાનો અંત આવ્યો, તેની જગ્યાએ આવેલ મોહમ્મદ અબ્બાસે હિંસા બંધ કરવા તૈયારી દાખવી અને ઈઝરાયેલના આગેવાન (એરિયલ) શેરોને ૯૦૦ પેલેસ્ટીનીઅન કેદીઓને છોડવા સંમતિ આપી. પણ આ બધું કેમ અને ક્યારે શાંત થશે તે કહી શકાય નહીં. પ્રજા જયાં સુધી એકબીજા સાથે સંવાદ નહીં કરે ત્યાં સુધી આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે.

મારી રેસીડન્સી પૂરી થઈ કે તુર્ત જ મને ઈટાલીના મિલાન અને બેલ્જિયમના બ્રસેલ્સ શહેરમાં અમેરિકન મિત્રો દ્વારા ફીટલ મેડિસીન (ગર્ભસ્થ શિશુની સારવાર) માટેની સ્પોન્સરશીપ મળી. તે વિષયમાં નિષ્ણાત બનવાનું મારું સ્વપ્ન સાચું બની રહ્યું હતું. આ બધા પ્રવાસોને લીધે મને જાહેર આરોગ્યની જરૂરિયાત સમજાઈ. મને હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી તે માટે ઓફર પણ મળી અને મેં તે સ્વીકારી. ૨૦૦૩માં હું ત્યાં એક વર્ષ માટે હેલ્થ પોલિસી અને મેનેજમેન્ટની માસ્ટર ડિગ્રી લેવા ગયો. તેનો અનુભવ અમૂલ્ય રહ્યો. ગાઝામાં આરોગ્ય વ્યવસ્થામાં કોઈ સંકલન નહોતું. તેથી પ્રજાની જરૂરિયાત સંતોષી શકાતી નહોતી. સાદા રોગોના ઈલાજ ત્યાં થતા પરંતુ ગંભીર માંદગી માટે તો ગાઝાની બહાર જ જવું પડતું.

અમેરિકન લોકો અભિમાની છે એવી મારી છાપ હતી. પરંતુ તે એક ખુલ્લો સ્પર્ધાત્મક સમાજ છે, જે સફળતા પાછળ દોડે છે. અમેરિકન લોકો દયાળુ છે. મારા પડોશીઓ સારા હતા. તે દેશ લોકતાંત્રિક-માનવ અધિકાર પ્રત્યે સભાન છે છતાં ત્યાં જે યહૂદી પ્રાધ્યાપક હતા તેઓને આરબો પ્રતિ પૂર્વગ્રહ હતો. મને આ અંગે ચેતવવામાં આવેલો છતાં મેં તેના જ વર્ગ ભરવાનું નક્કી કર્યું. વર્ગમાં પણ તેણે મારી ઉપેક્ષા કરી. હું તેમને અલગ રીતે મળ્યો અને મારા મનમાં જે હતું તે કહ્યું. તેઓએ કહ્યું કે તેમના ચિત્તમાં ઉપેક્ષાનો ભાવ નથી. ત્યાર પછી અમારા સંબંધો ખૂબ સારા રહ્યા. ૧૦ જૂન ૨૦૦૪માં હું સ્નાતક થયો. પદવીદાન સમારંભ સમયે મને લાગ્યું કે મારું કુટુંબ, મારા માતાપિતા કબરમાંથી ઊઠીને આમાં સામેલ થાય અને જુએ કે ગરીબાઈમાં ઉછરેલો તેમનો પુત્ર ક્યાં પહોંચ્યો છે? પદવીદાન સમારંભ સમયે પદવી લેનારના દેશોના ધ્વજ ફરકતા હતા, તેમાં પેલેસ્ટાઈનનો ધ્વજ પણ હતો. તેનું મને ગૌરવ હતું.

હૃદય અને મન

મારી માતૃભૂમિનો નિર્ણય મારા નિવાસ જબેલિયા કેમ્પથી ખૂબ દૂરના સ્થળે લેવાયો. ૧૯૯૩માં ઓસ્લો સંધિ થઈ. જેમાં ગાઝાપટ્ટી અને વેસ્ટ બેંક પેલેસ્ટીનીઅન ઓથોરીટી નીચે આવ્યા. યાસર અરાફત બંને પ્રદેશનો આગેવાન હતો. ફ઼ટાસ અને હમાસ બે રાજકીય પક્ષો હતા. જે પેલેસ્ટાઈનના લોકોની વફાદારી મેળવવા હરીફાઈ કરતા હતા. ફ઼ટાસનું વર્ચસ્વ વેસ્ટ બેંકમાં હતું. હમાસનું મુખ્ય મથક ગાઝામાં હતું. તેની સ્થાપના ૧૯૮૭માં શેખ મોહમદ યાસીને કરેલી. તે ઈજિપ્તના મુસ્લિમ બ્રધરહૂડ પક્ષનો જ એક ફાંટો હતો. તેની વિચારધારા પેલેસ્ટીનિયન રાષ્ટ્રવાદ, ઈસ્લામવાદ અને ધાર્મિક રાષ્ટ્રવાદ હતા. હમાસે જ એપ્રિલ ૧૯૯૯માં આત્મઘાતી બોમ્બીંગ શરૂ કરેલા.

સપ્ટેમ્બર ૨૦૦૫માં ગાઝામાં રહેતા ઈઝરાયેલીઓ ગાઝા છોડી ગયા. તેઓએ આપેલું તે વચન પાળ્યું, પણ બંને દેશની સીમા પરની ચોકી પર ઈઝરાયેલનો કબજો હતો. આ અંગે વિશ્વભરના અખબારોમાં મથાળાના સમાચાર બન્યા પરંતુ ગાઝાના લોકોના હૃદય અને મનમાં શું ચાલતું હતું તે વિશે બધાએ ઉપેક્ષા સેવેલી.

ગાઝામાં રહેતા ઈઝરાયેલીઓએ ગાઝા છોડ્યું, તેના બે મહિના પહેલાં, ૨૧ જૂન-૨૦૦૫ના રોજ, ગાઝાની એક યુવતીએ ઈઝરાયેલની જે હોસ્પિટલમાં હું કામ કરતો હતો, તેના પર હુમલો કર્યો. આમ તો તે રાંધતા દાઝી ગયેલી અને હોસ્પિટલમાં સારવાર લેતી હતી. તેને હોસ્પિટલમાંથી રજા આપ્યા પછી ચાલુ સારવાર લેવા માટે તેને સીમા પર આવ-જા કરવાની મંજૂરી મળેલી. એક દિવસ ઈરેઝ નાકે તેના પર શંકા આવવાથી રોકી અને તેની પાસેથી ૧૦ પાઉન્ડનો દારૂગોળો મળી આવ્યો. તે હોસ્પિટલમાં જ આત્મઘાતી હુમલો કરવા ઇચ્છતી હતી. મને ખૂબ ગુસ્સો આવ્યો. "જેરુસલામ પોસ્ટ" અખબારમાં મેં ખુલ્લો પત્ર લખ્યો. તેના આ કૃત્યની નિંદા કરી અને હોસ્પિટલ જે કામ કરી રહી છે તેની પ્રશંસા કરી. જે દિવસે તે યુવતી બૉંબ ફોડવાની હતી તે જ દિવસે બે પેલેસ્ટીનીઅન ગંભીર દર્દીને સોરોકા હોસ્પિટલમાં સારવારની ખૂબ જરૂર હતી, પરંતુ તેઓ આ કારણે ન લઈ શક્યા. જે હોસ્પિટલ ગાઝાના જ દર્દીઓની સારવાર કરે છે ત્યાં જ બૉંબ મૂકવો તે તો મૂર્ખાઈ છે, અમાનવીયતા છે. આ કૃત્યથી તે હોસ્પિટલ ગાઝાના દર્દીઓને સારવાર આપવાનું બંધ કરશે તો શું થશે? શાંતિનો સંદેશવાહક બનવાને બદલે તે આત્મઘાતી બૉંબર બની. શું આ ઈસ્લામને શોભે એવું કૃત્ય છે? આ તો માનવતા સામેનો અપરાધ છે.

હું હાર્વર્ડ યુનિવર્સિટીમાં હતો ત્યારે રાજકારણમાં દાખલ થવાનો વિચાર મારા ચિત્તમાં આવવો શરૂ થયેલો. વ્યવસ્થિત આયોજન દ્વારા લોકોનું આરોગ્ય સુધારી શકાય. નીતિમાં પ્રજાલક્ષી નિર્ણયો લેવાથી તે થઈ શકે. તે માટે

રાજકારણમાં જવું જરૂરી છે. જો કે મને અંગત રીતે રાજકારણ મારો માર્ગ જણાતો નહોતો.

આ દરમિયાન ગાઝામાં ચૂંટણી આવી અને મેં ચૂંટણીમાં ઊભા રહેવાનો નિર્ણય કર્યો. મને બધેથી સારો આવકાર મળી રહ્યો હતો. હું કહેતો કે આરોગ્યનીતિ અંગે વહીવટમાં, તેના અમલમાં ખામી છે. મને આ ક્ષેત્રે હવે આંતરરાષ્ટ્રીય અનુભવ હતો. મારાં સગાંઓએ-મિત્રોએ સહાય કરી. જીતવાની તક ઘણી લાગી. ચૂંટણીમાં મેં અંગત ખર્ચ પણ કર્યો. ફાટા પક્ષે મને તેમના તરફથી ચૂંટણી લડવાનું કહ્યું. પરંતુ હું સ્વતંત્ર રીતે ચૂંટણી લડવા ઈચ્છતો હતો. હું પ્રજાલક્ષી રાજકારણ ઊભું થાય અને મતદારો વિવેકપૂર્ણ રીતે પોતાનો પ્રતિનિધિ પસંદ કરે એવું ઈચ્છતો હતો. પણ પ્રચારમાં હું નવો નિશાળિયો હતો. તેની આંટીઘૂંટીથી અજાણ હતો. હું મારા પ્રચારમાં ગરીબાઈ, બેરોજગારી અને રોગો દૂર કરવાની હિમાયત કરતો હતો. સાથે શિક્ષણ અને આરોગ્યની વ્યવસ્થા સુધરે તથા ગાઝામાં સ્ત્રીઓનું માન વધે તેની હિમાયત કરતો હતો. ચૂંટણી સમયે બુથમાં ગરબડ કરવાના પ્રયાસો હમાસે તથા ફાટાએ કર્યા. પરિણામે ચૂંટણીમાં હમાસે ૧૩૨માંથી ૭૬ બેઠકો મેળવી. મારા સહિત બધા સ્વતંત્ર ઉમેદવારો હાર્યા.

આ ચૂંટણીએ મને ઘણું શીખવ્યું. મતદારોનાં મન કળી શકાતા નથી. મારા ટેકામાં જેઓ પ્રચાર કરતા હતા તેમાંના કેટલાક ફૂટેલા હતા. જે વ્યક્તિ સતત મારે માટે કામ કરતી હતી, મારે ત્યાં જ ભોજન લેતી હતી તેણે જ અમને છેતર્યા હતા. ચોરી પણ કરેલી. મારે માથે ૩૫ હજાર ડોલરનું દેવું થઈ ગયું. મારે પત્ની નાદિયાના સોનાનાં ઘરેણાં વેચવા પડ્યાં. આથી મારે કોઈ નોકરી સ્વીકારવાની ફરજ પડી. મને અફઘાનિસ્તાનના આરોગ્યપ્રધાનના આરોગ્યનીતિ અંગેના સલાહકારની નોકરી મળી. તે WHOની યોજના હતી. આથી મારે તેઓની કેરોમાં આવેલી ઓફિસે જઈને કોન્ટ્રાક્ટમાં સહી કરવાની હતી. પરંતુ તાજેતરની ચૂંટણીમાં હમાસની જીત થઈ હતી અને હમાસને ઈઝરાયેલ તથા તેના ટેકેદારો ત્રાસવાદી માનતા હતા. તેથી કેરો જવાનો માર્ગ બંધ કરી દીધેલો. મને WHO તરફથી આવવાનું નિમંત્રણ મળેલું, પણ તે માટે મારે ઈરેઝ નાકા પરથી જોર્ડન, અને ત્યાંથી પ્લેનમાં કેરો જવું પડ્યું. આ રીતે હું કેરો પહોંચ્યો.

અફઘાનિસ્તાન પણ સંઘર્ષ વિસ્તાર હતો. પરિસ્થિતિ ચિંતાજનક હતી. માનવીઓ ભયમાં જીવતા હતા. અમારા પ્રદેશ કરતાં પણ ખરાબ દશા હતી. બધા પ્રકારની વ્યવસ્થા ભાંગી પડી હતી. મારે ત્યાં છ અઠવાડિયા કામ રહેતું. પછી ૧૦ દિવસની છુટ્ટી રહેતી. તેમાં હું ઘેર આવતો. પણ ઝાઝો સમય તો આવવા-જવામાં જ જતો.

ચૂંટણી પછી ગાઝાની પરિસ્થિતિ વધુ બગડી હતી. જો કે ફાટાહ પક્ષ હારેલો છતાં મહેમૂદ અબ્બાસ પેલેસ્ટીનિઅન ઓથોરીટીનો નેતા હતો. બે પક્ષોએ સાથે મળીને સરકાર બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ જોડાણ તકલાદી હતું અને બંને પક્ષો વચ્ચે સંઘર્ષ ચાલતો જ રહ્યો. હિંસાનું વાતાવરણ પેદા થયેલું. હું કાયમ માટે ગાઝા આવી રહ્યો હતો. મેં અધવચ્ચેથી ઘેર ફોન કર્યો કે મારો ભાઈ નાસર મને લેવા માટે ઈરેઝ ક્રોસીંગ પર આવે. પરંતુ મને કહેવામાં આવ્યું કે નાસર બિમાર છે તેથી નહીં આવી શકે. મને તે વાત માનવામાં ન આવી. મને લાગ્યું કે કંઈક અશુભ બન્યું છે. જેવો હું ગાઝામાં દાખલ થયો ત્યાં જોયું કે ગાઝા ઉકળતો વિસ્તાર છે. ઉત્તરી ગાઝાનો કાબૂ હમાસના લશ્કરે લઈ લીધો છે. શેરીઓ સૂની પડેલી. હોમગાર્ડઝ ભયના માર્યા એક બાજુ ઊભા હતા. મારા ભાઈ નાસરના પુત્ર મહેમૂદને પગમાં ગોળીઓ વાગેલી. તે નેશનલ ગાર્ડમાં ઓફિસર હતો. તે ફાટાહને ટેકો આપે છે તેવા આક્ષેપ સાથે બદલો લેવાની ભાવનાથી તેના પર ગોળીબાર કરેલો. ઘણા યુવાનો આ રીતે ઘવાયેલા. સંઘર્ષને અંતે હમાસે ફાટાહના બળને હરાવીને ગાઝા પટ્ટીનો કબજો લઈ લીધો.

આ સ્થિતિમાં અમે ઘરમાં જ પૂરાઈ રહેતા. શેરીઓમાં સામસામા ગોળીબાર થતા તેથી જીવનજરૂરી વસ્તુઓ લેવા બહાર નીકળવું મુશ્કેલ હતું. ઈઝરાયેલ તો અમારું દુશ્મન હતું જ, હવે તો અમે અમારા ઘરમાં જ એકબીજાના દુશ્મન બની ગયા હતા.

હાર્વર્ડમાં હું હતો ત્યાર પછી યુ.એસ.એ.થી મને ઘણાં નિમંત્રણો મળતાં. હું ત્યાં જઈને ઈઝરાયેલ-પેલેસ્ટાઈન સંબંધો વિશે મારું મંતવ્ય આપું તેમ તેઓ ઈચ્છતા. તેઓને ખબર જ નહોતી કે ગાઝામાં રહેવું એટલે શું? ઘણા વાર્તાલાપો દરમિયાન મને અટકાવવામાં આવતો, બેસાડી દેવામાં આવતો અને હું બીજી બાજુ જોતો નથી તેવા આક્ષેપો થતા. પણ કેટલાક એવા પણ હતા જે પરિસ્થિતિ સમજવા ઈચ્છતા હતા. હું આ પ્રશ્નને શાંતિથી કઈ રીતે ઉકેલી શકાય તે અંગે કહેતો. સાથે જણાવતો કે એકબીજાનું સન્માન અને સમાનતાના આધાર પર સંવાદ જરૂરી છે. હું ક્યારેય નિરાશાવાદી બન્યો નહીં.

તેલઅવીવના શીબા મેડિકલ સેન્ટરના ડાયરેક્ટર જનરલે કહેલું, 'ઈઝેલદીન કહે છે કે બે દેશના લોકો વચ્ચે આરોગ્ય સેવા મહત્ત્વનો સેતુ બની શકે તેમ છે. એક વ્યક્તિનું જીવન બચાવવાથી પેલેસ્ટાઈનના લોકોને ઈઝરાયેલનો ચહેરો જોવા મળે છે. રાઈફલને બદલે આરોગ્યસેવાથી તે થઈ શકશે. જેઓ પેલેસ્ટાઈનમાં જન્મ્યા છે, ત્યાં ઉછર્યા છે, તેઓ સારવાર માટે અહીં આવે છે. તેઓ અમને ઓળખતા નથી. અમે જીવન વિશે કેટલા સંવેદનશીલ છીએ તે પણ તેઓ જાણતા નથી. તેઓ તો અમને માણસ જ ગણતા નથી. રાક્ષસ ગણે છે. પરંતુ અહીં સારવાર લે છે, સાજા થાય છે ત્યારે તેઓ તેમની માન્યતા બદલે છે. ઘણાખરા ઈઝરાયેલીઓ પાસપાસે રહેવા ઈચ્છે છે. પેલેસ્ટીનીઓ પણ એમ જ ઈચ્છે છે પરંતુ બંને બાજુના અંતિમવાદીઓ તેને સફળ થવા દેતા નથી.' હું ઈઝરાયેલીઓની સારવાર કરું છું. તેઓ પેલેસ્ટીનિયનોની સારવાર કરે છે. સ્ત્રીઓ શાંતિ સ્થાપવામાં વધુ સારું કામ કરી શકે તેમ છે. તેનું સશક્તિકરણ થવું જોઈએ. તેને આગેવાની સોંપવી જોઈએ. માતા પોતે જ શાળા છે. જો તેને યોગ્ય વાતાવરણ આપવામાં આવે તો વિદ્યાર્થીઓ વધુ તેજસ્વી-સફળ થશે અને તો રાષ્ટ્ર પણ તેજસ્વી-સફળ બનશે. મહિલાઓમાં રોકાણ કરવાથી ગરીબાઈ અને સંઘર્ષ ઘટે છે તેવો વિશ્વબેંકનો અભ્યાસ જણાવે છે. સ્વસ્થ સમાજને ભણેલી-શાણપણવાળી મહિલાઓની જરૂર છે.

ખોટ પડી

કેન્યા અને યુગાન્ડામાં પોપ્યુલેશન સર્વિસીસ ઈન્ટરનેશનલને પ્રજોત્પાદન આરોગ્ય(Reproductive health)ના નિષ્ણાતની જરૂર હતી. તે પદ જો મને મળે તો હું મારા કુટુંબને ગાઝાના ત્રાસમાંથી બહાર લઈ જઈ શકું તથા તેઓને બહારના વિશ્વનો સ્પર્શ પણ મળે. મને મારા બાળકોની ચિંતા હતી. આના પ્રથમ પગલા તરીકે મેં નૈરોબીમાં એચ.આઈ.વી.-એઈડ્સ અને પ્રજોત્પાદન આરોગ્ય અંગેના તાલીમ કોર્સમાં જવાનું સ્વીકાર્યું. મારી યોજના હતી કે ત્યાંથી હું સીધો કંપાલા-યુગાન્ડા જઈશ. ત્યાં જો મને કામ મળશે તો ઠીક છે, નહિંતર બ્રસેલ્સ જઈશ, જ્યાં યુરોપીયન યુનિયન તરફથી કામ મળવાની શક્યતા હતી.

સામાન્ય રીતે ઈઝરાયેલ જઈને ત્યાંના એરપોર્ટ પરથી ગમે ત્યાં જઈ શકાય. પરંતુ ગાઝાના લોકો માટે એની છૂટ નથી. તેથી અમારે જોર્ડન-ઈઝરાયેલ-ઈજિપ્ત થઈને બહાર જવું પડે. મેં બે અઠવાડિયા પહેલાં અમાન(જોર્ડન)થી વાયા કૈરો નૈરોબીની પ્લેનની ટિકિટ લીધી. આ પછી ઈઝરાયેલમાંથી પસાર થવા માટે પરમીટ મેળવવાની વ્યવસ્થા કરી. પરંતુ મને કહેવામાં આવ્યું કે હું જે દિવસે

જવા ઈચ્છતો હતો તે દિવસે તે ચેકપોસ્ટ બંધ રહેવાની છે. તેથી તે દિવસે હું ત્યાંથી મારું પ્લેન પકડી શકીશ નહીં. મેં ઓફિસર સાથે ચર્ચા કરી. તેણે ધરપત આપી કે તમને જવા દઈશું. આમ છતાં આગલે દિવસે તેલ અવીવની સલામતી ઓફિસમાંથી જાણ કરવામાં આવી કે હું તે દિવસે પ્રવાસ કરી શકીશ નહીં. તેના કારણમાં મને જણાવ્યું કે 'સલામતીનાં કારણોસર તમે પ્રવાસ કરી શકશો નહીં.' હું ઈઝરાયેલમાં જ નોકરી કરું છું. હું સલામતી માટે કેવી રીતે ખતરો હોઈ શકું? કંઈક ભૂલ થઈ લાગે છે એમ મને લાગ્યું, તેથી મેં મારા મિત્ર જે ઈઝરાયેલી ટેલિવીઝન પત્રકાર છે તેનો સંપર્ક કર્યો : તે પણ મારી વિગત જાણીને મૂંઝાયો. તેણે કહ્યું કે મારું હથિયાર મારી કલમ છે. હું આ વિશે વર્તમાનપત્રમાં લખીશ.' મેં બીજા એક મિત્રને પણ મારી મુશ્કેલી જણાવી. તેમણે પણ તપાસ કરીને જણાવ્યું કે 'આ લોકો ગંભીર છે. એક અઠવાડિયું તું પ્રવાસ નહીં કરી શકે.' મને સમજાયું નહીં કે મારી પ્લેનની ટિકિટનું, મારી નોકરીના ઈન્ટરવ્યૂનું શું કરવું? ઓચિંતા રાત્રે ફોન રણક્યો. સલામતી ઓફિસનો માણસ હતો. તેમણે જણાવ્યું કે બધા પ્રશ્નોના ઉકેલ થયા છે. તમે મુસાફરી કરી શકશો. આખરે આ ગોઠવાયું તેથી મેં રાહત અનુભવી.



શનિવારે હું ચેકપોઈન્ટ પર ગયો ત્યારે ત્યાં ઈઝરાયેલી સંરક્ષણ ચોકીદાર એક મહિલા હતી. તેણે કહ્યું, 'તમે મુસાફરી કરી શકશો નહીં.' તેમણે સલામતીનાં કારણો આગળ ધર્યા. કંઈ પણ આકરો શબ્દ બોલાઈ જાય તો મારી મુસાફરી અટકી જાય તેથી મેં પૂરી નમ્રતાથી તેમના અધિકારીને આ અંગે વાત કરવા જણાવ્યું. એક કલાક પછી તેણે મને જવાની રજા આપી. એલનબાય બ્રીજ પર પહોંચ્યો અને ત્યાંથી જોર્ડન પહોંચ્યો. ત્યાં ફરી બધી તપાસ ચાલી, પછી જવા દીધો. હું ઘેરથી ૭.૩૦ વાગે સવારે નીકળેલો. અમાન એરપોર્ટ પહોંચતાં એક કલાક જ થાય. તેને બદલે હું સાંજે ૬.૦૦ વાગે પહોંચી શક્યો.

નૈરોબીનો તાલીમવર્ગ બે અઠવાડિયા ચાલ્યો. મારી પત્નીની ભાણેજના લગ્ન આ દરમિયાન હતા. હું તો હાજર રહી શકું તેમ નહોતો પરંતુ મારું કુટુંબ આનંદ મંગળ કરતું હશે એમ મેં ધાર્યું. મેં ફોન કર્યો. નાદિયાએ જણાવ્યું કે તે થાકેલી છે અને શરીર સારું નથી લાગતું. પરંતુ ચિંતા ન કરવા જણાવ્યું. મારી તાલીમ પૂરી કરીને હું કંપાલા પોપ્યુલેશન સર્વિસીસ ઈન્ટરનેશનલના સ્ટાફને મળવા ગયો. ત્યાં કુટુંબીઓ માટે થોડી ખરીદી કરીને ઈજિપ્ત જવા નીકળ્યો. રમજાનનો પ્રથમ દિવસ હતો. તેથી કુટુંબના સભ્યોને શુભેચ્છા પાઠવવા ફોન કર્યો. મારી પુત્રી માયર ફોન પર હતી. તેનો અવાજ જુદો જણાયો. બેસન સાથે વાત કરી. મને અંદેશો ગયો કે કંઈક બરાબર નથી, જે બધા મારાથી છુપાવે છે. મારી પત્ની નાદિયાને વધુ નબળાઈ થયેલી અને તેને ગાઝાની હોસ્પિટલમાં દાખલ કરેલી. નાદિયાએ તેની બિમારી અંગે કોઈ સમાચાર મને ન આપવા તેવી સૂચના આપેલી. આથી હું કૈરોથી બ્રસેલ્સ ગયો. ત્યાં સુધી મને ખબર નહોતી કે મારી પત્નીને ગંભીર બિમારી છે. હું બ્રસેલ્સ પહોંચ્યો તેના બીજા દિવસે મારી પુત્રીનો ઈ-મેઈલ આવ્યો કે તુર્ત જ વાત કરો. મા ખૂબ બિમાર છે. અહીંના ડૉક્ટર તેમને તુર્ત જ ઈઝરાયેલની હોસ્પિટલમાં દાખલ કરવાનું કહે છે. આ પછી મને જાણ થઈ કે નાદિયાને લ્યુકેમિયા (લોહીનું કેન્સર) છે. મને રોગની ગંભીરતાનો ખ્યાલ હતો. મારે તુર્ત જ લાગતાવળગતાને ફોન કરવો પડ્યો. જેથી નાદિયા સરળતાથી ઈઝરાયેલની હોસ્પિટલમાં દાખલ થઈ શકે. તેને તુર્ત જ ઈઝરાયેલની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. મારે બ્રસેલ્સમાં ઘણું કામ બાકી હતું.

નાદિયાની સારવાર સારી રીતે શરૂ થઈ ગઈ હતી. નાદિયાએ પણ ઉતાવળ કરીને ન આવવા જણાવ્યું. પણ મને અપરાધભાવ લાગતો હતો. તેને જરૂર છે ત્યારે અહીં હું મારા કામને મહત્ત્વ આપું છું! મેં બને એટલું જલદી નાદિયા પાસે પહોંચવા માટેની તૈયારી કરી. મારે અમાન થઈને જવાનું હતું. જો હું પેલેસ્ટીનિયન ન હોત તો બ્રસેલ્સથી સીધો તેલ અવીવ પ્લેન દ્વારા જઈ શકત અને થોડા કલાકોમાં જ નાદિયા પાસે હોત. પણ મારે મ્યુનિચ-ઈસ્તંબુલ થઈને અમાન પહોંચવાનું હતું. હું મ્યુનિચ પહોંચ્યો ત્યારે નાદિયાની તબિયત વધુ બગડી અને તેને ઈન્ટેન્સીવ કેર યુનિટમાં લઈ જવી પડી.

હું એરપોર્ટ પર માનસિક તાણ વચ્ચે આંટા મારતો રહ્યો. નાદિયાનું સ્વાસ્થ્ય સતત કથળતું જતું હતું. હું અમાનના એરપોર્ટ પર મધરાતે પહોંચ્યો. મેં તુર્ત જ ટેક્સી પકડી અને એલનબાય બ્રીજ પર વહેલી સવારે બે વાગે પહોંચ્યો. મને જાણ થઈ કે બ્રીજ સવારે ૭.૩૦ વાગે ખૂલશે. ત્યાંથી નાદિયા પાસે એક કલાકમાં પહોંચી શકાય તેમ હતું. પરંતુ માર્ગ જ બંધ હતો. સવારે બ્રીજ ખૂલ્યો અને હું આગળ વધ્યો. ઈઝરાયેલી સિક્યોરિટી ચેક પોઈન્ટ પર લાઈન હતી. હું સૌથી આગળ હતો. મેં મારો પાસપોર્ટ-ઓળખપત્રો આપ્યા. તેઓએ મને રાહ જોવાનું કહ્યું. ત્યાં બપોરના એક વાગ્યા. મેં મારી પત્ની ગંભીર રીતે બિમાર છે, હું ઈઝરાયેલની હોસ્પિટલનો ડૉક્ટર છું વગેરે કહ્યું, પણ તેઓએ રાહ જોવા કહ્યું. મારાં સગાંઓના સતત ફોન આવતા હતા કે જલદી આવો. બે વાગે સિક્યોરિટી ઓફિસરે મારી વિગત પૂછી, ઘણા પ્રશ્નો પૂછ્યા અને મને રાહ જોવા કહ્યું. આખરે સાંજે ૬ વાગે મારો પાસપોર્ટ આપીને આગળ જવાની છૂટ આપી.

મેં ટેક્સીવાળાને કહ્યું કે મને તુર્ત જ શીબા મેડિકલ સેન્ટર લઈ જા. તેણે વચ્ચે ઓછા ચેકીંગ પોઈન્ટ આવે તેવો રસ્તો લીધો. પ્રથમ ચેક પોઈન્ટ પાસે જ ગાર્ડે અમને રોક્યા. મેં એને મારી બધી પરિસ્થિતિ જણાવી. પણ તે તો જાણે હું આત્મઘાતી બોમ્બર હોઉં તેમ વર્તવા લાગ્યો. તેણે મારો સેલ ફોન લઈ લીધો અને પોલિસને બોલાવીને કહ્યું કે તેણે ગાઝાના એક પેલેસ્ટીનીઅનને પકડ્યો છે. આખરે ઈઝરાયેલી ઓફિસરની સૂચના પછી મને છોડ્યો. પણ જણાવ્યું કે મારે ફરી ૩૦ માઈલ પાછા અમાનના ચેકપોઈન્ટ પર જવું અને ત્યાંથી આગળ વધવું. ત્યાં મારે નવી પરમીટ કઢાવવી પડશે, કારણ કે આ પરમીટનો સમય પૂરો થઈ ગયો છે. હું પાછો ત્યાં ગયો, નવી પરમીટ લીધી, મને બેથલેહામ ચેકપોઈન્ટ પર જવાનું કહ્યું. ત્યાં મહિલા ઓફિસર હતી. તેણે મારી વિગત કોમ્પ્યુટરમાં મૂકી. ત્યાં જવાબ આવ્યો કે સલામતી કારણોસર હું પ્રવાસ કરી શકીશ નહીં.

મને ૩ ફૂટ બાય ૫ ફૂટની રૂમમાં ધકેલ્યો અને રાહ જોવા કહ્યું. સાંજના ૭.૩૦ થયા હતા. મારો ફોન પણ લઈ લીધો હતો. મારી પત્નીની સ્થિતિ પણ જાણી શકતો નહોતો. આખરે મને રૂમમાંથી બહાર કાઢ્યો અને ખુરશી પર બેઠેલા એક ઓફિસર પાસે લઈ ગયા. જાણે કૂતરાને બેસવાનું કહેતા હોય તેમ આંગળીના ઈશારાથી મને બેસવાનું કહ્યું. મારી સામે નજર મિલાવ્યા વિના મારી પરમીટ મારા પર ફેંકીને મને જવાનું કહ્યું. હું થાકેલો, ભૂખ્યો, તરસ્યો અને આવેશમય હતો. હું એક કલાકે હોસ્પિટલે પહોંચ્યો ત્યારે નાદિયા બેભાન હતી. મેં તેના કાનમાં કહ્યું કે હું આવી ગયો છું. તેણે એ સાંભળ્યું હશે કે નહીં તેની ખબર નથી. હું રાતભર પાસેની પાટ પર સૂતો રહ્યો. હોસ્પિટલે મને બધી

સગવડ આપી. નાદિયાનું સ્વાસ્થ્ય સુધરી રહ્યું હતું. પણ ઓચિંતા તેની તબિયત બગડી. મને જણાયું કે અમે તેને ગુમાવી રહ્યા છીએ. મારા બાળકો તેની માતાને જોવા આવી શક્યા નહોતા. કારણ કે એકથી વધુને ત્યાં આવવાની મનાઈ હતી. તેનાં બધાં અંગો ક્રમશઃ કામ કરતાં બંધ થવા લાગ્યા. હું તેની પાસે જ બેસીને તેની સાથે વાતો કરતો રહ્યો. કુરાન સંભળાવતો રહ્યો, પરંતુ મારી પત્ની, મારા આઠ બાળકોની માતા અમારાથી દૂર જતી રહી.

રમઝાનના દિવસો હતા. બાળકોએ રોજા રાખેલા. તેથી રોજા છોડીને તેઓ જમ્યા પછી મેં તેઓને ખબર આપ્યા. મૃત્યુ પામેલ પેલેસ્ટીનિઅન વ્યક્તિ પણ પરમીટ વિના મુસાફરી કરી શકતી નથી. ચેક પોઈન્ટે ફરી મને સલામતીના કારણે આગળ વધવાની ના પાડી. તેથી નાદિયાના શરીર સાથે હું આગળ ન જઈ શકું. ઘણી માથાકૂટ, ચર્ચા પછી મને સાથે જવા છૂટ આપી અને અમે ઘેર પહોંચ્યા. બીજે દિવસે તેની અંતિમવિધિ પતાવી. અમે બધાં એક જ રૂમમાં એકબીજાને હૂંફ આપતા સૂતા. નાદિયા મારી શક્તિ હતી. તે કુટુંબને સાચવતી તેથી હું બહાર જઈ શકતો.

હુમલો

નાદિયાના મૃત્યુથી મારા બાળકોનું જીવન બદલાઈ ગયું, મારી કારકિર્દીમાં પરિવર્તન આવ્યું અને તેણે મારી શ્રદ્ધાને જ સીધો પડકાર ફેંક્યો. હવે હું મારા બાળકોનો પિતા સાથે માતા પણ બન્યો. મને લાગ્યું કે હવે હું ઈઝરાયેલની હોસ્પિટલમાં કામે નહીં જઈ શકું. કારણ કે તેથી મારે અઠવાડિયાના ચાર દિવસ બાળકોથી દૂર રહેવાનું થાય. તે સમયે બાળકોની સંભાળ કોણ લે? અને જો હું નોકરી છોડી દઉં તો કુટુંબનું ભરણપોષણ કેમ કરવું? મારી સાળી મરિયમ અલ્જીરિયાથી આવી. તે વિધવા હતી. મારા બાળકોને ખૂબ પ્રેમ આપ્યો. મને થયું કે બાળકોને માની જરૂર રહેશે. તેથી મરિયમ સાથે લગ્નની વાત ચલાવી. પરંતુ તેણે જણાવ્યું કે તે લગ્નની વય વટાવી ચૂકી છે અને તેને પોતાના પુત્રો-પૌત્રો છે. તેથી તે વાત અટકી ગઈ.

મારી મોટી પુત્રી બેસને મને હિંમત આપતાં કહ્યું કે, 'તમે કામ પર જાઓ. અમે ઘરની પૂરી સંભાળ લેશું.' ત્રણે મોટી પુત્રીઓ અભ્યાસ કરતી હતી. પણ તેમની હિંમતથી અને મારા કુટુંબીઓએ સહયોગ આપ્યો તેથી હું ફરી કામે ચડ્યો. જો કે નાદિયાનો ખાલીપો પૂરવો અઘરો હતો. પણ જીવનનો ક્રમ સામાન્ય બનતો ગયો.

વર્ષ ૨૦૦૮ના ઓક્ટોબરમાં મને પોપ્યુલેશન સર્વિસીસ ઈન્ટરનેશનલ દ્વારા પાકિસ્તાનમાં કામ કરવા માટેનું કહેણ આવ્યું. થોડા સમય માટે બાળકો ગાઝાથી દૂર જાય તો સારું રહે એ દૃષ્ટિએ ત્યાં જવું ઠીક લાગ્યું. આ માટે મારે બે-ત્રણ દિવસમાં જ દુબઈ કે પાકિસ્તાનમાં અધિકારીઓને મળવું જરૂરી હતું. પરંતુ ઈઝરાયેલ આ માટેની છૂટ ૧૦-૧૫ દિવસ પછી જ આપતું હોય છે. તે સમયે જ રાફાહ બોર્ડર પરથી ઈજિપ્ત જવા માટેનો રસ્તો ખુલવાની જાહેરાત થઈ. તેથી તે રસ્તે જોર્ડન થઈને પ્લેન પકડવાનું વિચાર્યું. આ માટે મારે પ્રથમ તો હમાસ સરકારને મારે જે કામ અંગે જવાનું છે તેના બધા કાગળિયા આપવાના રહે. આ બધું પાર ઊતર્યું અને હું ગયો. દુબઈમાં કામ પતાવીને પાછો ગાઝા જવા નીકળ્યો. પણ ફરી ચેકપોઈન્ટ પરથી પસાર થવા માટેની મુશ્કેલી અનુભવી. ત્યાં કેટલું કરગર્યો, પ્રાર્થના કરી, વિનંતી કરી પણ કંઈ સાંભળવા તૈયાર જ નહીં. કેટલાય લોકો કલાકો, દિવસો, અરે મહિનાઓથી ત્યાં રોકાઈ ગયા હતા. સુખી-સમૃદ્ધ લોકો રહેવાની વ્યવસ્થા ક્યાંક ગોઠવી લે, ગરીબ લોકો તો ત્યાં જ જમીન પર પડ્યા રહે. પાણી-જાજરૂની કોઈ સગવડ ન હોય. ક્યારે પસાર થવા દે, તે કંઈ નક્કી નહીં. આ કારણોને લીધે પેલેસ્ટીનિયનો બને ત્યાં સુધી બહાર જવાનું ટાળે છે. કેટલા ય દિવસો પછી મને ગાઝા જવાની છૂટ મળી. મારા બાળકો માટે ઘણી ભેટો લઈને હું ઘેર પહોંચ્યો. ઉદાસીનું વાતાવરણ દૂર કરવા ૧૨ ડિસેમ્બરે દરિયા કિનારે જવાનું અમે ગોઠવ્યું.

આ દરમિયાન ગાઝાના ભવિષ્ય અંગે તથા અમે વ્યક્તિગત રીતે જે પરિસ્થિતિમાં મૂકાયા હતા તે અંગે વિચારતો રહ્યો. ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વચ્ચે સંઘર્ષ વધતો જતો હતો. ચૂંટણીમાં હમાસની જીત થઈ પછી મુશ્કેલી વધી. ઈજિપ્ત અને ઈઝરાયેલે ગાઝા જવાના માર્ગો બંધ કરી દીધા. અમારા જીવન માટે જરૂરી બાબતો - ગેસ, પાણી, વીજળી પર ઈઝરાયેલનો કાબૂ હતો. યુનોના અહેવાલ મુજબ આ માર્ગબંધી પછીના ૧૭ માસમાં ગાઝામાં તૈયાર થયેલા ૨૭૦૦ કાસમ રોકેટ ઈઝરાયેલ પર છોડવામાં આવ્યા. જેથી ઈઝરાયેલના ચાર નાગરિકો મૃત્યુ પામ્યા અને ૭૫ ઘાયલ થયા. આ સમય દરમિયાન ઈઝરાયેલે ૧૪,૬૦૦ આર્ટીલરી શેલ છોડ્યા. જેથી પેલેસ્ટાઈનના ૫૯ નાગરિકો મૃત્યુ પામ્યા અને ૨૭૦ ઘાયલ થયા. વચ્ચે થોડો વખત સંધિ થઈ પણ ફરી સંઘર્ષ શરૂ થયો. આક્ષેપો-પ્રતિ આક્ષેપોનો દોર ચાલ્યો. આ દરમિયાન માર્ગબંધી ચાલુ રહી. વેસ્ટ બેંક અને પૂર્વ જેરૂસેલામમાં ઈઝરાયેલીઓની વસાહત વધતી ચાલી. ગાઝામાં પેલેસ્ટીનિયનોના ઘરો તૂટી રહ્યા હતાં. રાજકીય ખૂનો વધતા ચાલ્યા. વિશ્વ આ બધું જોતું રહ્યું. પેલેસ્ટીનિયનો વિશે કોઈ ચિંતા કરતું નહોતું. હું આ રોકેટ ફેંકવા અને આત્મઘાતી બોમ્બરો મોકલવાના વિરોધમાં હતો. સાથે હું આ નાકાબંધીનો પણ વિરોધી હતો. હું પેલેસ્ટીનિયનો સારું જીવન જીવે તે જ ઈચ્છતો હતો. બે દેશો વચ્ચે દીવાલ બાંધવાની જરૂર નહોતી, જરૂર હતી સેતુ બાંધવાની.

૨૫ ડિસેમ્બરના રોજ હું ઈઝરાયેલની હોસ્પિટલમાં મારું કામ પૂરું કરીને ગાઝા આવ્યો. શિયાળાની સાંજે અંધારું વહેલું થઈ જાય અને ઠંડી પણ લાગતી હતી. ઈરેઝ ક્રોસીંગના ચેકપોઈન્ટ પરથી પસાર થતી વખતે મેં ઈઝરાયેલના વડાપ્રધાન એહુદ ઓલમર્ટને પેલેસ્ટીનિયનોને આખરી ચેતવણી આપતા જોયા. 'હવે હું છેલ્લીવાર કહું છું. આ બધું બંધ કરો. અમે વધુ તાકાત ધરાવીએ છીએ.' ઈઝરાયેલના વિદેશપ્રધાનની ઈજિપ્તની મુલાકાતનો અર્થ હતો કે ગાઝાપટ્ટી પર અને ગાઝાના લોકો સામે હવે સખત પગલાં ભરાશે.

તેથી અમે સાથે બેસીને ઘર માટે જરૂરી સામાન લઈને ઘરમાં રાખી દેવાનું વિચાર્યું. બજારમાં લોકો ચિંતામાં ફરતા હતા. ત્યાં જાણવા મળ્યું કે ઈઝરાયેલે બે ચેકપોઈન્ટ ખોલી નાખ્યા છે અને માનવતાને નાતે ગાઝાના લોકોની સહાય અર્થે આવતી ૧૦૦ ટ્રકોને પ્રવેશવાની મંજૂરી આપી છે. કંઈ સમજાયું નહીં. અમે ખોટી નિરાંત અનુભવીએ અને સ્વરક્ષણમાં ઢીલ કરીએ તેવો તો દાવ તેઓનો નહીં હોય? અમારું વોશીંગ મશીન બગડી ગયું હતું, તેથી બાળકો શાળાએ ગયા પછી મશીનને રીપેર કરનાર ટેકનિશીઅનને શોધવા હું જબેલિયા કેમ્પ તરફ ગયો. આ રીતે હું મારા ઘરથી અને બાળકોથી દૂર હતો ત્યારે જ ગાઝાની અધોગતિ થઈ.

હું મારી મોટરમાંથી ઊતરું ત્યાં મેં જોયું, સાંભળ્યું કે આક્રમણ શરૂ થયું છે. ધરતી ધ્રૂજતી અનુભવી. ઈઝરાયેલી બોંબ, રોકેટ-ગોળીઓ ચારેબાજુથી વરસવા લાગ્યાં. આકાશમાંથી બોંબ પડતા હતા. ઉપર પ્લેન-હેલિકોપ્ટર ઊડતા હતા. ચારેબાજુ આગ, ધુમાડા અને તૂટેલા મકાનોનો કાટમાળ અને તેની ધૂળ

હતાં. કાચના ટુકડા રસ્તે પથરાયેલા હતા. પાંચ મિનિટ આ બૉંબમારો ચાલ્યો. શેરીમાં અંધકાર છવાઈ ગયો હતો. હું જલદી મારી કાર તરફ દોડ્યો, નસીબજોગે તે સલામત હતી. માર્ગ પર લોકો ચીસો પાડતા દોડાદોડી કરતા હતા. હું ઘેર પહોંચ્યો. બેસન હતી. પરંતુ બીજા બાળકો નહોતાં. તેઓ ક્યાંક ફસાયા તો નહીં હોય? તેનું શું થયું હશે? ખરાબ વિચારોએ મારી છાતીમાં ભીંસ વધારી દીધી. તેઓને ક્યાં શોધવા તે વિચારતો હતો ત્યાં જ તેઓ આવ્યાં. દીકરી દલાલ એક સગાને ઘેર ગયેલી અને તે ત્યાં જ રોકાઈ ગઈ હતી. તે સલામત હતી. બાળકોએ કહ્યું કે જેવો બૉંબમારો થયો કે તુર્ત જ બસ રોકાઈ ગઈ. તેથી તેઓ ઊતરીને સંતાતા-છટકતાં ઘેર પહોંચ્યાં.

ડિસેમ્બર ૨૭, ૨૦૦૮થી ૨૭ દિવસ સુધી ગાઝા પર આક્રમણ ચાલુ રહ્યું. અમે ઘરમાં જ ગોંધાઈ રહેવાનું નક્કી કર્યું. ઈઝરાયેલીઓ જાણે છે કે આ મારું ઘર છે, અને અહીં કોઈ ત્રાસવાદી ન હોય, જેની તેઓ શોધમાં હતા, તેથી મારા ઘર પર આક્રમણ નહીં કરે એવો મને વિશ્વાસ હતો. લોકોએ સલામત સ્થળે આશરો લીધો હતો. તેઓ ગાઝાના માનવીઓને ત્રાસ આપીને, તેમણે બનાવેલા માળખાને તોડી નાખીને હમાસને

ગોઠણિયાભેર કરીને, નમાવવા ઈચ્છતા હતા. તેઓ બહાનું એ આપતા હતા કે તેઓ ગાઝામાંથી ઈઝરાયેલ પર ફેંકાતા રોકેટ અટકાવવા ઈચ્છે છે, તથા ગાઝામાં આવતા શસ્ત્રોને રોકવા ઈચ્છે છે.

આ બધું લાંબુ ચાલશે એમ સમજીને મેં ઘરમાં મીણબત્તી, ઘાસલેટ, બ્રેડ, ચોખા, કઠોળ, દીવાસળી વગેરે પૂરતા પ્રમાણમાં લઈ રાખેલ. વીજળી બંધ હતી, ફોન બંધ હતા, ગેસ નહોતો, ટી.વી. ચાલુ નહોતું. અવાજો અને ભયથી અમે રાત્રે સૂઈ શકતા નહોતા. ખૂટતી વસ્તુઓ લેવા દિવસે હું બહાર નીકળતો પણ બધાની અછત હતી.

૩ જાન્યુઆરીથી જમીની આક્રમણ શરૂ થયું. પછી બહાર નીકળવું મુશ્કેલ બન્યું. સેંકડો ટેન્કો ફરતી હતી અને ઘરો પર બૉંબમારો કરતી હતી. એક અઠવાડિયું તો અમે જેલમાં હોઈએ તેવું લાગ્યું. મોબાઈલ ફોન અને ટ્રાન્ઝીસ્ટરના પાવર પણ ખલાસ થવા આવ્યા હતા. મારી પુત્રીએ ઘરઘરાઉ ચાર્જર બનાવ્યું તેથી અમારો સેલફોન ચાલતો રહ્યો. ચારેબાજુથી ગોળીઓની વર્ષા થતી હતી. કોને નિશાન બનાવે છે તે સમજાતું નહોતું. અમારા ભોજનખંડમાં જ અમે સાથે રહેવાનું, બેસવાનું, સૂવાનું રાખ્યું. રાત-દિવસ એક જ રૂમમાં બધા સાથે રહેતા. બાળકો મીણબત્તીના અજવાળે અભ્યાસ કરતાં. પરંતુ મીણબત્તી જલાવવી એ પણ સરળ નહોતું. આફત નોતરવા જેવું હતું. લશ્કરના માણસો ઘરમાં અજવાળું દેખીને, અંદર કોઈ માણસો છે એમ સમજીને બૉંબમારો કરે તેવી ભીતિ રહેતી. તેથી અજવાળું બહાર ન જાય તે માટેના વિવિધ ઉપાયો કરતાં.

આ દરમિયાન મારે પત્રકારની ભૂમિકા ભજવવાની આવી. અનેક આંતરરાષ્ટ્રીય પત્રકારોને ગાઝામાં પ્રવેશવા દેતા નહોતા. ગાઝામાં જે બની રહ્યું છે તેની વિશ્વને જાણ થાય તેવું ઈઝરાયેલ ઈચ્છતું નહોતું. તેથી ઈઝરાયેલના જ પત્રકારો મારા સેલફોન પર વાત કરીને અહીંની પરિસ્થિતિ જાણતા હતા. શ્લોમી એલ્ડર, જે ઈઝરાયેલની ચેનલ-૧૦ સાથે જોડાયેલો હતો તે મારો મિત્ર હતો. તે રોજ ફોન દ્વારા અહીંના સમાચાર લેતો. હું મારા રૂમમાંથી બહાર ધરાશાયી થયેલાં મકાનો જોતો હતો. આ મકાનોમાં અનેક માનવીઓ પોતાનાં કુટુંબ સાથે રહેતાં હતાં. અહીંની ખરી પરિસ્થિતિની જાણ બહારના વિશ્વને થાય તે માટે હું ઈન્ટરવ્યૂ આપતો હતો. હું મારું ધ્યાન અમારી બૂરી પરિસ્થિતિને બદલે જે યહૂદી બાળકોને મેં જન્મ આપ્યો છે તેના તરફ પ્રેમ દાખવવામાં વાળતો હતો.

એક દિવસ મારા ઘરનું બારણું કોઈએ જોરથી ખટખટાવ્યું. પહેલાં તો મેં ધ્યાન ન આપ્યું. પણ અવાજ સતત ચાલુ રહ્યો ત્યારે હિંમત કરીને બારણું ખોલ્યું તો મારા ભાઈની ૧૭ વર્ષની પુત્રી નૂર હતી. તે ગભરાયેલી હતી, રડતી હતી. તે જે ઘરમાં હતી ત્યાં એક રૂમમાં ૫૦ લોકો હતા, બધા પશુની જેમ પૂરાયેલા હતા. તેને થયું કે આના કરતાં તો મરવું સારું. તેથી તે માથે સફેદ રૂમાલ બાંધીને અમારા ઘેર આવી ગઈ. મારી પાસે તેને આપવા કંઈ નહોતું. પણ તેને આ સ્વર્ગ જેવું લાગ્યું. બધા કુટુંબીજનો એક સાથે તો છે!

૧૪ જાન્યુઆરીની સવારે મેં જોયું કે એક ટેન્ક અમારા ઘર તરફ આવી રહી છે. પહેલાં તો મને લાગ્યું કે એ ભૂલથી આ બાજુ આવી ગઈ હશે. પરંતુ તે તો અમારા ઘરની નજીક આવી ગઈ. અમારા બારણાથી આશરે ૧૦ યાર્ડ દૂર હતી અને તેની ટેન્કનું નાળચું, અમારા ઘર તરફ જ તાકેલું હતું. કોઈ ચમત્કાર થાય તેની રાહ જોતા અમે બેઠા. સમય પસાર થતો ગયો, પરંતુ કંઈ હલચલ ન થઈ. ખરેખર તો અમારા માટે સમય થંભી જ ગયો હતો. અમે વિચારશૂન્ય બની ગયા હતા. મને લાગ્યું કે અમે માનવતાના તળિયે પહોંચી ગયા છીએ અને હવે અમારું કોઈ ભવિષ્ય નથી. અમારે ઈશ્વરને પ્રાર્થના કરવાની જ રહી હતી. અમે માનવતામાંથી અને ખરેખર તો ઈશ્વરમાંથી પણ શ્રદ્ધા ગુમાવી દીધી હતી. બાળકો ભય અને ચિંતા સાથે જીવતાં હતા. ફક્ત પશુઓ શેરીમાં ફરતાં હતાં. તેઓ પણ બૉંબમારાથી જખ્મી તો થયા જ હતા. મેં શ્લોમી એલ્ડરને ફોન પર આ પરિસ્થિતિ વર્ણવી. તેણે એ બયાન રેડિયો પર રીલે કર્યું. 'અમારા ઘર સામે ટેન્ક ઊભી છે. તે અમને મારી નાખશે. મહેરબાની કરીને કંઈક કરો.' તેણે અન્ય અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી. તેણે એમ પણ કહ્યું કે હમાસ સામે બૉંબમારો કરવો એક વાત છે અને એક ડૉક્ટરના ઘર પર હુમલો કરવો એ યોગ્ય નથી.

રેડિયો પર મારી વિગત રજૂ થઈ, તેથી મિલિટરી ઓફિસરનો મારા પર ફોન આવ્યો અને પરિસ્થિતિ જાણી. તેણે હું સાંભળું તે રીતે જ અન્ય અધિકારીને કહ્યું કે ત્યાંથી ટેન્ક હટાવી લો. દશ મિનિટ પછી તે ટેન્ક જતી રહી. આ સમય પસાર કરતાં અમને ઘણી મુશ્કેલી થઈ, પણ આખરે હવે અમે સલામત હતા, અમે તેની ઉજવણી કરી.

ઉજવણી કરવા માટેનું બીજું પણ એક કારણ અચાનક મળ્યું. ટોરન્ટો યુનિવર્સિટીની મેડિકલ ફેકલ્ટીના પ્રોફેસરો તરફથી ત્યાંની રિસર્ચ ફેલોશીપ સ્વીકારી લેવાનું કહેણ આવ્યું. પાછળથી તેઓએ એસોસીએટ પ્રોફેસર તરીકે પાંચ વર્ષ માટેની નિયુક્તિ કરી.

૧૫ જાન્યુઆરીનું સવાર અન્ય દિવસો જેવું જ હતું. બહાર એટલી બધી ધૂળ અને રાખ ઊડતી હતી કે શું થઈ રહ્યું છે તેનો ખ્યાલ આવતો નહોતો. મારી અંદરની અકળામણ બહાર ગુસ્સારૂપે પ્રગટ થતી હતી. મેં બાળકોને ઘર બરાબર સાફ વ્યવસ્થિત કરવા જણાવ્યું. તેઓએ એ કર્યું પછી કહે કે અમે સૂવા જઈએ છીએ. હજુ સાંજના છ વાગ્યા હતા, પણ અંધારું થઈ ગયેલું. મેં જોયું કે તેઓ સૂવા નહોતા જતા પણ મારા ગુસ્સાને કારણે દૂર જવા ઈચ્છતા હતા. તેથી મેં રસોડામાં જઈને સરસ વાનગી બનાવી. બધા સાથે મળીને જમ્યા. મેં મારા ગુસ્સા માટે માફી માંગી. તે રાત્રે અમે કોઈ સૂઈ શક્યા નહીં. સતત બોંબમારો થતો રહ્યો. તેથી મકાન અને અમારા હાડકા ધ્રૂજી જતા હતા. રાત્રે એક વાગે ઈઝરાયેલી રેડિયોનો ફોન આવ્યો. તે મારો ઈન્ટરવ્યૂ લેવા ઈચ્છતો હતો. રાત્રે ૨.૩૦ વાગે પેનસીલ્વેનીઆથી જયુઈશ કોમ્યુનિટી સેન્ટર, પીટસબર્ગથી ફોન આવ્યો. તેઓ ગાઝામાં શું થઈ રહ્યું છે તે જાણવા ઈચ્છતા હતા. હું જે પરિસ્થિતિનું વર્ણન કરતો હતો તે સાંભળીને બાળકો વધુ ભયભીત થતા હતા. તેથી હું તેઓને અન્ય વિષયો પર વાતોએ ચડાવતો. મારી પુત્રી દલાલ અન્ય ઘેર હતી. તેની સાથે વાત કરી. પછી શાથા, માયર, ધૈદા, આયા તથા નૂર અભ્યાસ કરવા તેના રૂમમાં ગયાં. અમે તેમનો રૂમ સરસ રીતે સજાવેલો હતો. પરદેશથી વિવિધ વસ્તુઓ લાવીને તેના રૂમમાં ગોઠવેલી. બહારના બોંબમારા વચ્ચે અમે કુટુંબ સાથે શાંતિથી રહેતા હતા તેનો આનંદ હતો. મેં બાળકો જ્યાં હતા ત્યાં જઈને બધા સાથે વાત કરી. દીકરીઓના રૂમમાં આંટો મારીને અમારા ભોજનરૂમમાં આવ્યો ત્યાં ગોઝારી ઘટના ઘટી.

જોરદાર ધડાકો થયો, તેનો અવાજ મારા શરીરમાંથી પસાર થઈ ગયો. એક પ્રકાશનો જોરદાર ચમકારો પણ જોયો. અને પછી ઘેરો અંધકાર છવાઈ ગયો. ચારેબાજુ ધૂળના ગોટેગોટા ઊડતા હતા. અબદુલ્લા હજુ મારા ખભા પર હતો. રાફા રસોડામાંથી ચીસો પાડતી આવી. મોહમ્મદ બારણા પાસે જ સ્થિર થઈ ગયેલો. જ્યારે ધૂળના ગોટા ઓછા થયા ત્યારે મને ખ્યાલ આવ્યો કે આ ધડાકો મારી પુત્રીઓના રૂમમાં થયેલો. અમે તે રૂમ તરફ દોડ્યા અને કોઈએ ન જોયું હોય એવું દૃશ્ય અમે જોયું.

આખા રૂમનું ફર્નિચર અને પુત્રીઓના શરીરના ભાગો છૂટા થઈને ચારેબાજુ વેરાયેલા પડ્યા હતા. એક બાજુ શાથા હતી. તેની આંખ બહાર નીકળીને ગાલ પર આવી ગઈ હતી. તેનું શરીર ચારેબાજુથી વીંધાઈ ગયું હતું. તેની આંગળી કપાઈને ચામડી સાથે લટકી રહી હતી. માયરની ખોપરી ફાટી ગઈ હતી. તેમાંથી મગજ બહાર નીકળીને છત પર પડ્યું હતું, તેના હાથ-પગ કપાઈને છૂટા પડ્યા હતા. આખા રૂમમાં લોહીનાં ખાબોચિયાં ભરાયેલાં. હું મદદ માગવા બહાર જવા દોડ્યો, ત્યાં ખ્યાલ આવ્યો કે બહાર તો સૈનિકો છે! બેસન દેખાણી નહીં તેથી તે ક્યાં છે તે જાણવા મેં બૂમ મારી પણ તે પણ મૃત્યુ પામી હતી. સાથે આયા અને મારી ભત્રીજી નૂર પણ મૃત્યુ પામી હતી. ધૈદાનું શરીર પણ ચારેબાજુથી વીંધાયેલું પડ્યું હતું. તે પણ મૃત્યુ પામી હતી. મારા ભાઈ નાસરને પીઠમાં ગોળી વાગેલી, તે ભોંય પર પડ્યો હતો. શું કરવું તે સૂઝતું નહોતું. મેં શ્લોમી એલ્ડરને ફોન કર્યો - પણ તે વ્યસ્ત હતો. ફોન ન લીધો. મેં સંદેશ મોકલ્યો, 'હે ભગવાન! તેઓએ મારા ઘર પર બોંબમારો કર્યો. તેઓએ મારી દીકરીઓને મારી નાખી. અમને શું કામ?' મને લાગ્યું કે અમારો અંત આવી ગયો છે. મારા ભાઈઓ, તેની વહુઓ તુર્ત જ આવી. બહારનો ભય છોડીને તે મદદ માટે અન્ય લોકોને બોલાવવા દોડી. બધા આવ્યા, અને મદદ કરવા લાગ્યા. આ દરમિયાન મેં તપાસ કરી કે બીજું કોણ કોણ ઘાયલ થયું છે? શાથાને મારા હાથથી ઉપાડી, મારી આંખમાંથી આંસુ વહેતા હતા. મારો છ વર્ષનો પુત્ર તેના નિરાધાર બાપને સ્તબ્ધ બનીને જોતો હતો. ત્યાં તેણે કહ્યું કે 'ધૈદાએ શ્વાસ લીધો.' મેં તો તેને મૃત માનેલી, પણ તે સાચો હતો. અમારા પાડોશીઓએ શાથા, ધૈદા અને નાસરને સ્ટ્રેચરમાં ઉપાડ્યા તથા બેસન, માયર, આયા અને નૂરને ધાબળામાં લપેટી અમે હોસ્પિટલે જવા નીકળ્યા. રસ્તે ચાલતા હું વિચારતો રહ્યો કે ધૈદા અને શાથાને બચાવવી હોય તો ઈઝરાયેલની હોસ્પિટલમાં લઈ જવી જોઈએ. ગાઝાની હોસ્પિટલમાં પૂરતી સગવડતા નથી અને ત્યાં સેંકડો ઘાયલો આવી રહ્યા હતા. તેથી મેં ફરી શ્લોમીને ફોન કર્યો. તેણે જે રજૂ કર્યું તે તેના જ શબ્દોમાં સાંભળો -

'શુક્રવારના સાંજે પાંચ વાગ્યા હતા. હું સમાચાર રજૂ કરતો હતો. ત્યાં મારો મોબાઈલ ફોન રણક્યો. તેમાં ઈઝેલદીનનું નામ સ્ક્રીન પર આવ્યું. મારો જીવંત કાર્યક્રમ ચાલતો હતો તેથી મેં ફોન ન લીધો. પરંતુ મને આશ્ચર્ય થયું કે ત્યાં શું થયું હશે! અમે વિદેશપ્રધાનનો ઈન્ટરવ્યૂ કરવા જઈ રહ્યા હતા. અને તેની પ્રસ્તાવના રજૂ થઈ રહી હતી, ત્યાં ફરી મોબાઈલ પર તેનું નામ આવ્યું અને મેં નિર્ણય કર્યો કે આ વાતચીત જીવંત પ્રસારણમાં લેવી. મેં શ્રોતાઓને જણાવ્યું કે અગત્યના સમાચાર આવી રહ્યા છે, અને મેં ટેલિફોનનું સ્પીકર બટન દબાવીને તે મોબાઈલ ફોન માઈક્રોફોન સામે ધર્યું. જેથી શ્રોતાઓ જોઈ શકે. મારા ડાયરેક્ટરને આશ્ચર્ય થયું કે હું શું કરી રહ્યો છું? સમાચારોની વચ્ચે હું આ શું કરી રહ્યો છું.'

ઈઝેલદીન હતાશામાં વારેવારે કહેતા હતા - 'તેઓએ મારા ઘર પર બોંબમારો કર્યો. તેઓએ મારી પુત્રીઓને મારી નાખી. અમે શું કર્યું છે કે અમારે આ ભોગવવાનું?' - આ એવી બાબત હતી જે સમાચાર વાંચનાર ક્યારે ય ન કરે. મારા મનમાં ચાલતું હતું કે આ હું બરાબર કરી રહ્યો છું? તે જ સમયે ઈઝેલદીન તેની ભયંકર કથા-વ્યથા સંભળાવી રહ્યો હતો. ત્યારે જ મારા અધિકારીએ સૂચના આપી કે ટેલિફોનને માઈક્રોફોનથી વધુ નજીક લાવો!! આ પછી થયેલો વાર્તાલાપ હૃદય ભાંગી પડે તેવો હતો. ઈઝેલદીન રડતાં રડતાં કહેતો હતો, 'હે ભગવાન! તેઓએ મારી પુત્રીઓને મારી નાખી. શ્લોમી, હું તેને બચાવવા ઈચ્છતો હતો પણ તે મૃત્યુ પામી. તે સ્થળ પર જ મૃત્યુ પામી. અલ્લાહ! આપણે તેને શું કર્યું?' તેમના બચેલાં બાળકોની રોકકળ સંભળાતી હતી. મેં ઈઝેલદીનને પૂછ્યું કે તે ક્યાં રહે છે? પણ તે તો રડતો જ હતો. તેણે કહ્યું કે બધા રસ્તા બંધ છે. અમે સીમા સુધી આવી શકીએ તેમ નથી. મેં એને પૂછ્યું કે તેના ઘરથી કઈ ચોકી નજદીક પડે? તેણે કહ્યા પછી મેં પ્રસારણમાં જણાવ્યું કે 'જેઓ આ સાંભળતા હોય તેઓ જીયો જંકશનને જાણ કરે. કેટલાક ઘવાયેલાઓને બચાવી શકાય તેમ છે. મેં આશ્ચર્ય સાથે જણાવ્યું કે શું આપણે યુદ્ધવિરામ કરીને એમ્બ્યુલન્સને બોલાવી શકીએ!!' આ બધાનું જીવંત પ્રસારણ થઈ રહ્યું હતું.

મેં ઈઝેલદીનને મદદની માંગણી કરતાં સાંભળ્યો, પછી બોર્ડર પર એમ્બ્યુલન્સ લાવવા વિનંતી કરી. પછી એ વાત ત્યાં છોડી દેવાનું યોગ્ય ન લાગ્યું. મેં સમાચાર અટકાવી દીધા. બહાર નીકળીને ઈરેઝ ચેકપોઈન્ટ પરના અધિકારી સાથે વાત કરી અને જોરથી કહ્યું કે સીમા ખોલી નાખો અને અમે એમ્બ્યુલન્સ મોકલીએ છીએ તેમાં તેને ગાઝામાંથી બહાર કાઢી અહીં લઈ આવો. મારા પ્રોડ્યુસરે મારી સાથે કેમેરામેન મોકલ્યો, અને બધી હિલચાલનું જીવંત પ્રસારણ કરવાનું કહ્યું. આ દરમિયાન અમારા મિલિટરી સંવાદદાતાએ દરેક સૈનિક સાથે વાત કરી અને સહાય કરવા જણાવ્યું. આ બધું યુ-ટ્યૂબ દ્વારા સમગ્ર વિશ્વે જાણ્યું. જ્યાં સુધી એમ્બ્યુલન્સ બોર્ડર પર ન આવી ત્યાં સુધી ફોન દ્વારા મેં સંપર્ક જાળવી રાખ્યો.'

શ્લોમી સાથે ફોન પર વાત થઈ. તેણે કહ્યું કે તેઓ ત્યાં એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરે છે અને ચેકપોઈન્ટ પર તુર્ત જ પરમિશન મળી જશે. અમે એમ્બ્યુલન્સમાં બધાને લઈને બોર્ડર તરફ આગળ વધ્યા ત્યારે ઈઝરાયેલની હોસ્પિટલના ડાયરેક્ટર જનરલનો ફોન આવ્યો. તેમણે જણાવ્યું કે મેં અત્યંત બૂરા સમાચાર જાણ્યા છે. ઘાયલોને લઈને જલદી અહીં આવો, હું બધું ગોઠવી આપીશ. ચારેબાજુ ચાલી રહેલાં ગાંડપણ, અરાજકતા અને અવર્ણનીય દુ:ખની વચ્ચે આ શાણપણભર્યો અવાજ સાંભળવા મળ્યો. અમે ચેક પોઈન્ટ પર પહોંચ્યા ત્યારે પણ બોંબવર્ષા ચાલુ જ હતી. ચારેબાજુ ચીસો સંભળાતી હતી પણ કોણ જાણે કેમ, હું ભયથી ઉપર ઊઠી ગયો હતો. જેટલું ખરાબ થઈ શકે તે તો થઈ ચૂક્યું હતું. હવે મને કોઈ ભય સતાવતો નહોતો. અમે આગળ વધતા

હતા, પણ ઘૈદાનું સ્વાસ્થ્ય બગડતું જતું હતું. મને લાગ્યું કે તે નહીં બચે. તેથી અમે તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરી. અને અમે શીબા મેડિકલ સેન્ટર પર પહોંચ્યા. ઘૈદાને હેલિકૉપ્ટર દ્વારા ત્યાં પહોંચાડી. ઈઝરાયેલમાં રહેતા આરબ, મુસ્લિમ, યહૂદી, ખ્રિસ્તી - બધાએ સહાય કરી. હોસ્પિટલના ડાયરેક્ટર જનરલ બીજે દિવસે મને મળવા આવ્યા, ત્યારે તેની પાસે આશ્વાસનના શબ્દો નહોતા. મારે તેને હિંમત આપવી પડી. તેમણે બધાને કહ્યું, 'ઈઝેલદીનનો સંદેશ એ છે કે તેનો આ વ્યક્તિગત આઘાત એક માઈલસ્ટોન બનવો જોઈએ. આવી ભયંકર ઘટનાઓ ન બને તે માટે આપણે શાંતિ સ્થાપવાના પ્રયાસો કરવા ઘટે. તે સ્પષ્ટપણે માને છે કે ઈઝરાયેલ આર્મીએ ભૂલ કરી છે. હું તેની સાથે સહમત થાઉં છું. જો ભૂલથી રોકેટ છોડાયું હોય તો આર્મીએ તેનો સ્વીકાર કરવો જોઈએ.'

મેં કહ્યું કે 'મારે ખરેખર સત્ય શું છે તે જાણવું છે. મારી પુત્રીઓ તો પાછી આવવાની નથી, પણ મારે સત્ય જાણવું છે.' આખરે આર્મીએ સ્વીકાર્યું કે ડૉક્ટરના ઘર પર બૉંબમારો કર્યો તે ભયંકર ભૂલ હતી.

બીજે દિવસે ડાયરેક્ટર જનરલે પત્રકાર પરિષદ ભરી. મને હાજર રાખ્યો અને બોલવાનું કહ્યું. કેટલાકે વાંધો લીધો કે ડાયરેક્ટર સરકારી નોકર છે અને તેઓએ ઈઝેલદીન સાથે મંચ પર ન બેસવું જોઈએ. પણ ડાયરેક્ટરે કહ્યું કે અમે રાજકારણને દૂર રાખીને માનવતાની દૃષ્ટિએ કામ કરીએ છીએ. પત્રકાર પરિષદમાં એક ઈઝરાયેલી મહિલાએ મારા પર આક્ષેપ કર્યો કે મારા ઘરમાં કટ્ટરવાદીઓ હતા. એક મહિલા, જે વંધ્યા હતી અને મેં તેને બાળક જન્માવ્યું હતું, તેણે પણ મને દોષિત ગણ્યો! મારા ઘરમાં શસ્ત્રો સંતાડ્યા હતા અને હમાસના માણસો મારા ઘરમાં હતા એવા આક્ષેપો કર્યા. આવા આક્ષેપોથી મારી પુત્રીઓ ફરી મરી રહી હોય તેવી લાગણી મેં અનુભવી. મારાં બાળકો તો પ્રેમ-આશાઓ-સ્વપ્નાંઓમાં જીવતા હતા તેનો જ નાશ થયો. એકબાજુ મારી ઘાયલ દીકરીઓની સારવાર ચાલતી હતી, બીજી બાજુ મૃત્યુ પામેલી મારી પુત્રીઓ અને ભત્રીજીની અંતિમવિધિ કરી. તેમાં પણ હું હાજર રહી શક્યો નહીં, કારણ કે તેને માટે મારે પરમીટ લેવી પડે, મૃત્યુમાં પણ અમે વિખૂટા રહ્યા.

આ ઘટના પછી લગભગ બધા લોકોના મનમાં અને જીભ પર બદલો લેવાની વાત હતી. ડાયરેક્ટરે મારાં અન્ય બાળકોને પણ ઈઝરાયેલ બોલાવી લીધેલા અને હોસ્પિટલ પાસે જ રહેવાની વ્યવસ્થા કરી આપી હતી. કોઈએ મને પૂછ્યું - 'શું તમે ઈઝરાયેલીઓને નફરત નથી કરતા?' મેં જવાબ આપ્યો, 'હું કોને નફરત કરું? જે ડૉક્ટરો-નર્સો સાથે હું કામ કરું છું તેને નફરત કરું? જેઓ ઘૈદાનું જીવન અને શાથાની આંખની સારવાર કરે છે તેને નફરત કરું? જે બાળકોને મેં જન્મ આપ્યો છે તેને નફરત કરું? હું જ્યારે કિશોર હતો ત્યારે મને કામ અને નિવાસ આપેલો તે ઈઝરાયેલને નફરત કરું?'

નફરત અને દોષારોપણ દ્વારા આપણે હકીકતથી દૂર ભાગીએ છીએ : આજે જરૂર છે સાથે બેસવાની. હું બધા ઈઝરાયેલી લોકો પર બદલો લઉં તો પણ શું મારી પુત્રીઓ મને પાછી મળવાની છે? નફરત એક રોગ છે. તે સ્વસ્થતાને અને શાંતિને અટકાવે છે.

શ્લોમી એડલરે પાછળથી મને કહ્યું કે ટી.વી.પર જે જીવંત પ્રસારણ થયું તેની ઘેરી અસર ઈઝરાયેલની પ્રજા પર થઈ છે. અત્યાર સુધી તેઓ ગાઝા વિશે કંઈ સાંભળવા તૈયાર નહોતા. લગભગ બધા ઈઝરાયેલીઓ ગાઝા પરના આક્રમણને ટેકો આપતા હતા. હવે પ્રથમવાર તેઓને જાણ થઈ કે ગાઝામાં શું થઈ રહ્યું છે. અરે, ઈઝરાયેલના વડાપ્રધાન પણ ટી.વી. પર એ જોઈને રડી પડેલા!

જે બાળકોને મમતાથી ઉછેર્યા હોય તે ઘડીના છઠ્ઠા ભાગમાં જતા રહે, લાગ્યું કે જાણે કોઈએ તેઓનું અપહરણ કર્યું છે. સમગ્ર દૃશ્ય ફરી ફરી મારા માનસપટ પર આવતું રહ્યું. યુદ્ધવિરામ થઈ રહ્યો છે એવી અફવાઓ સંભળાતી. જેઓ બૉંબમારાથી બચી ગયા છે, ઘાયલ થયા છે તેને કેમ સહાયરૂપ થવું તે વિચારવું મેં શરૂ કર્યું. મેં આસ્તિકની જેમ વિચાર્યું. ભગવાને મને પુત્રીઓ ટ્રસ્ટી તરીકે સાચવવા આપેલી. હવે તેણે તે પાછી લઈ લીધી. આ સાથે મને તેઓ પર ગુસ્સો પણ આવતો હતો, જેઓ ગાઝા પર આક્રમણ કરતા હતા અને જેઓ ઈઝરાયેલ પર રોકેટ છોડતા હતા.

જાન્યુઆરીના અંતમાં શાળાઓ શરૂ થઈ. મેં બાળકોને મારા ભાઈ-ભાભી પાસે મોકલ્યા. રફાહ હજુ ગભરાતો હતો. રાત્રે પથારીમાં પેશાબ થઈ જતો. મોહમદને ફીટ આવી જતી હતી. સૌથી નાનો અબદુલ્લા પણ પથારી બગાડી મૂકતો હતો. મારા મનમાં વારંવાર પ્રશ્ન ઊઠતો હતો કે અમારા પર આવું શા માટે થયું? હું તે અંગે શું કરું?

અમારા ઘર પર બૉંબમારો થયા પછી પણ પરિસ્થિતિ ખળભળાટભરી રહી. જે મેં ગુમાવ્યું હતું તેના દુ:ખને લીધે હજુ હું સામાન્ય જીવનમાં ગોઠવાયો નહોતો. વિશ્વભરમાંથી મને આશ્વાસનના સંદેશાઓ મળી રહ્યા હતા. આ હોનારતમાંથી બચી ગયેલાં મારાં બાળકોના ભવિષ્ય અંગે હું ચિંતાતુર હતો. અમે જ્યારે પેલેસ્ટાઈન પાછા ફર્યા ત્યારે અનેક લોકોએ અમારું હૃદયપૂર્વક સ્વાગત કર્યું. મીડિયાએ અમારી ફિલ્મ ઉતારીને દર્શાવી. અમારું ઘર રીપેર કરાવી રહ્યા હતા, પણ તે ઘર મૃત્યુની ગમગીનીમાં શાંત હતું. એક રાત્રે મારા ઓશિકા નીચેથી રફાહે આયાને લખેલી કવિતા મળી.

'ના-ના-ના તું આપણા ઘરમાંથી ક્યાં અદૃશ્ય થઈ ગઈ
આયા, તું આપણા ઘરનો પ્રકાશ હતી.
તારાથી પ્રકાશિત આ ઘરને શું થયું?
તે સુંદર પ્રકાશ ક્યાં જતો રહ્યો?
તે સુંદર કિશોરી ક્યાં જતી રહી?
ના, ના, ના.
આયા, તું ક્યાં ગાયબ થઈ ગઈ?'

આ બાળકોને શું અને કેમ સાંત્વન આપવું? મોહમ્મદ વારંવાર પ્રાર્થના કરતો હોય તેમ બોલે છે, 'તે બધી છોકરીઓ મમ્મી પાસે છે, તે બધી ખુશ છે. મમ્મીએ તેઓને બોલાવી લીધી.'

આ ઘટના ઘટી ત્યારે હું તેલ અવીવની હોસ્પિટલમાં હોત તો આવી સ્થિતિમાં મારા બાળકોથી કેટલો દૂર હોત? સારું છે કે આ દુર્ભાગ્ય નિહાળવા મારી પત્ની નાદિયા અને મારી મા જીવિત નથી. ઘૈદાને તો ઘણા સમય સુધી ખબર જ નહોતા આપ્યા કે તારી ત્રણ બહેનો મૃત્યુ પામી છે.

અમે તૂટેલાં મકાનો, ભાંગી પડેલા પુલો અને ચારેબાજુ વેરાયેલ ખંડેરની વચ્ચે પાછા આવ્યા પછી મેં વિચાર્યું કે મારી સામે બે માર્ગ છે. અંધકારનો માર્ગ લેવો કે પ્રકાશના પંથે જવું. અંધકારનો માર્ગ એટલે ઝેરભરી નફરત અને બદલાની ભાવના. આથી તો ઘણા પ્રશ્નો ઊઠશે અને તે રોગની સાથે માનસિક અવસાદ આપશે. પ્રકાશના પંથે જવા માટે મારે મારા બાળકોના ભવિષ્ય પર ધ્યાન આપવું જોઈએ.

હકીકત એ હતી કે સમગ્ર ગાઝાપટ્ટી ખેદાનમેદાન થઈ ગઈ હતી. મારી બારીમાંથી હું જોતો હતો કે આશરે ૫૦૦ હજાર ટન કાટમાળ વેરાયેલો પડ્યો હતો. બળી ગયેલાં મકાનો, કાળી પડી ગયેલી ભીંતો, બારીઓ નીકળી જવાથી ઘરોમાં મોટાં બાકોરાં પડી ગયા હતા, ભૂતિયું નગર લાગતું હતું. શું સોલ્જરોએ આ કૃત્ય કરતી વખતે કંઈ નહીં વિચાર્યું હોય? કોણે તેઓને આમ કરવાનો હુકમ આપ્યો હશે? આ આક્રમણથી ૧૨૦૦થી વધુ પેલેસ્ટીનિયનો તથા ૧૩ ઈઝરાયેલીઓ મૃત્યુ પામ્યા. ૪ લાખ લોકોને પાણી ન મળ્યું. ૪૦૦૦ કુટુંબોનાં ઘરનો નાશ થયો. હજારો લોકો ઘરબાર વિનાના થયા. ૮૦ સરકારી મકાનો પર પણ બૉંબમારો થયેલો. યુનોની માનવહકની કાઉન્સિલે તપાસને અંતે અહેવાલ પ્રકાશિત કરતાં જણાવ્યું કે, 'ઈરાદાપૂર્વક આ હુમલો નાગરિકોની વસ્તીને સજા કરવા, અપમાનિત કરવા અને ભયભીત કરવા માટે થયેલો.' તેમણે હમાસને પણ છેલ્લાં આઠ વર્ષમાં ઈઝરાયેલ પર ૮૦૦૦ રોકેટ છોડવા બદલ દોષિત ગણાવેલ. ઈઝરાયેલની સરકારે આ અહેવાલને પૂર્વગ્રહવાળો અને પ્રચારાત્મક ગણાવ્યો અને હમાસે તેને રાજકીય, અસંતુલિત અને અપ્રમાણિક જણાવ્યો.

બંને બાજુના સામાન્ય માણસો ઇચ્છતા હતા કે બંને પક્ષ સાથે બેસે, એકબીજાને સાંભળે અને સંવાદની દિશામાં આગળ વધે. આ વાત મારી જીવનભરની માન્યતાને પુષ્ટિ આપતી હતી. અશુભમાંથી કંઈક શુભ પ્રગટશે. બદલો લેવાની ભાવનાથી મારી પુત્રીઓ પાછી નહીં આવે. ગુસ્સો આવવો

સ્વાભાવિક છે. ગુસ્સો બતાવે છે કે જે બન્યું તેનો તમે સ્વીકાર કરતા નથી પણ તમારે નફરતના વિષચક્રમાં ફસાવું જોઈએ નહીં. બદલાની અને નફરતની ભાવના શાણપણને દૂર રાખે છે, દુ:ખને વધારે છે અને સંઘર્ષને લંબાવે છે. તેના કરતાં ૬૦ વર્ષથી ચાલતા આ સંઘર્ષને અટકાવવો તે જરૂરી છે. બંને પક્ષો વચ્ચે સેતુ કેમ બનવું તે બાબતે હું ઊંડાણથી વિચારતો થયો. મારા ચિત્તમાં એ તો સ્પષ્ટ હતું કે હિંસા વ્યર્થ છે. તે સમયનો, જીવનનો અને સાધનોનો બગાડ છે. હિંસાથી હિંસા જ વધે છે. તે તો ચક્રને આગળ ચલાવે છે. તેથી એક જ ધ્યેય તરફ આગળ વધવું જોઈએ. બંને પક્ષો વચ્ચે સેતુ બનીએ. વૈચારિક ધૂંધળાપણું દૂર કરીને શાણપણને માર્ગે આગળ વધવું રહ્યું. હું ડૉક્ટર છું તેથી મારા વિચારો મેડિકલ ભાષામાં મૂકું તો આપણે રોગપ્રતિબંધક રસી - સન્માન, ગૌરવ અને સમાનતા - ની રસી મૂકવી જોઈએ. જે નફરત સામે રક્ષણ આપે. મેં મારું જીવન શાંતિને, આરોગ્ય આપવાને, નવાં બાળકોને જન્મ આપવાને સમર્પિત કર્યું છે.

ગોઝારી ઘટનાના છ અઠવાડિયા પછી ન્યૂયોર્કના સંવાદદાતાએ મારો ઇન્ટરવ્યૂ લીધો. તેણે લખ્યું, 'મધ્યપૂર્વમાં આ એક એવી વ્યક્તિ છે જે નફરતને નકારે છે.' મને લાગે છે કે અલ્લાહ મારી પરીક્ષા લઈ રહ્યા છે. હું સહઅસ્તિત્વમાં વિશ્વાસ ધરાવું છું. દરેક કઠિન પરિસ્થિતિએ મને મજબૂત બનાવ્યો છે. મારું ધ્યેય અનિષ્ટ, હિંસા, હતાશા વધારવાનું નથી પરંતુ શુભ પ્રતિ જવાનું છે. આ ઘટનાને લીધે યુદ્ધવિરામ થયો અને ગાઝાપટ્ટીના લોકોની તકલીફોને ઈઝરાયેલીઓ, વિદેશમાં વસતા પેલેસ્ટીનિયનો અને વૈશ્વીક સમુદાય સમજતો થયો.

મેં બેસન, માયર અને આયાની સ્મૃતિમાં એક ટ્રસ્ટ બનાવવાનો નિર્ણય કર્યો, જેનો ઉદ્દેશ શિક્ષણ અને આરોગ્યક્ષેત્રે મહિલાઓને સહાય કરવાનો, તેના સશક્તિકરણનો હતો. આ વિસ્તારના નાગરિક સમાજમાં મહિલાઓનો કોઈ અવાજ નથી. તેઓને એ અધિકાર જ નથી અપાયો. મને વિશ્વાસ છે કે પેલેસ્ટાઈનની મહિલાઓ ભવિષ્યમાં પરિવર્તન માટે આગળ આવશે.

ઈઝેલદીનની દીકરીઓ : આયા, માયર ને બેસન

આ પછી મારે ઘણા દેશોમાં ફરવાનું થયું. ત્યાં મેં સહઅસ્તિત્વ માટે જોરદાર રજૂઆત કરી. એપ્રિલ ૨૦૦૯માં મને બ્રસેલ્સમાં નિમંત્રીને યુરોપીયન સંસદે બેલ્જિયમની માનદ્ નાગરિકતા આપી, તથા ૨૦૧૦ના વર્ષ માટે નોબેલ શાંતિ પુરસ્કાર માટે પણ મારું નામ સૂચવ્યું. મેં જણાવ્યું કે પ્રશ્નો ઉકેલવામાં લશ્કર નિષ્ફળ ગયું છે, હવે સંઘર્ષના ઉકેલ માટે નવા રસ્તાઓ વિચારવાની જરૂર છે. આ પછી મને ૨૦૦૯નો એક એવોર્ડ મળ્યો, જે હિંસાનો સામનો કરવા માટેનો હતો. મેં ત્યારે જણાવ્યું કે હવે ફક્ત ઈચ્છા દર્શાવવી એ પૂરતું નથી. આપણે નક્કર કાર્ય કરવું જોઈએ.

મેં ટોરન્ટો યુનિવર્સિટીની ઓફર સ્વીકારી લીધી. અમે નીકળ્યા ત્યારે બધાએ ભાવભરી વિદાય આપી. અમારી આંખમાં આનંદ હતો, સાથે આંસુ પણ હતા. અમે નીકળ્યા તેનું જીવંત પ્રસારણ શ્લોમી એલ્ડરે કર્યું. મારો ઈન્ટરવ્યૂ લીધો. તેનું મથાળું હતું - 'સહ-અસ્તિત્વે વિદાય લીધી!'

અમારું નવું ઘર - નવો દેશ

ટોરન્ટોમાં આવવાથી મારાં બાળકો માનસિક રીતે સ્વસ્થ થયાં. મને ચિંતા હતી કે નવો દેશ, નવી શિક્ષણ પદ્ધતિ, નવી ભાષા, નવા મિત્રો - તેમાં બાળકો કઈ રીતે ગોઠવાશે? પરંતુ અમારા પાડોશીઓએ અમને આવકાર્યા. અમારી નજીકના પાડોશીએ પોતાના ઘર ફરતી કરેલી વાડ હઠાવી લીધી. જેથી બંને કુટુંબનાં બાળકો છૂટથી બંને બાજુ રમી શકે. આ નાની ઘટનાએ મને ઘણી શાંતિ - સંતોષ આપ્યાં. બાળકો કલ્પનાતીત રીતે શાળામાં સરસ રીતે ગોઠવાઈ ગયા. અહીં સહશિક્ષણ હતું. વિવિધ સંસ્કૃતિનાં લોકો હતા. તેઓ ઘણી નિરાંત અનુભવતા હતા. અહીં અચાનક અજુગતુ બનશે એવી ધાસ્તી નહોતી. અહીં તેઓને વિવિધ વિદ્યાશાખાઓમાં જવાની તક હતી. શિક્ષકો પણ સારું પ્રોત્સાહન આપતા હતા. મોહમ્મદને શાળામાં ગાઝાની પરિસ્થિતિ વિશે તથા કુટુંબમાં બનેલી ઘટના વિશે બોલવા જણાવ્યું. તેના વક્તવ્યથી વિદ્યાર્થીઓને ખૂબ આશ્ચર્ય થયું. તેઓએ આવું ક્યારેય સાંભળ્યું નહોતું. તેનો વર્ગ પ્રવાસે જતો હતો. મોહમ્મદને હજુ આત્મવિશ્વાસ નહોતો તેથી જવા ઈચ્છતો નહોતો. પણ વર્ગના બધા વિદ્યાર્થીઓએ તેને આગ્રહ કર્યો, તેના વિના પ્રવાસ અધૂરો રહેશે એમ કહ્યું અને તે ગયો. હજુ તે એ પ્રવાસને યાદ કરે છે.

કરૂણાંતિકા આપણા જીવનનો અંત નથી. તે આપણને નિયંત્રણમાં લઈ લે અને હટાવી દે તેવું ન થવા દેવું જોઈએ. મધ્યપૂર્વ માટેનું મારું દર્શન છે કે તે શાંતિમય, સલામત, સહયોગી અને એકતા ધરાવતું સ્થળ બને. માર્ટિન લ્યુથર કિંગ(જુનિયર)ની જેમ મારું પણ એક સ્વપ્ન છે. પેલેસ્ટાઈન અને ઈઝરાયેલના બાળકો સંરક્ષિત, સલામત અને પૂરતું પોષણ મેળવતા બને. તેઓને નાગરિકતા મળે અને અલગ ઓળખ હોય. સહઅસ્તિત્વ અને સંવાદિતા સ્થાપવા બધાએ સાથે મળીને પુરુષાર્થ કરવો પડશે. આપણે વિશ્વમાં રહેતા દરેકે એક કુટુંબીજન તરીકે વર્તવું જોઈએ. સબળાઓએ નબળાઓને સહાય કરવી જોઈએ. અગત્યનું કદમ એ છે કે આપણે એકબીજાથી પરિચિત થઈએ અને એકબીજાને સન્માન આપીએ.

અમે પેલેસ્ટીનિયનો શારીરિક દૃષ્ટિએ જીવતા છીએ, પરંતુ અમારો આત્મા થાકી ગયો છે, અમારી ધીરજ ખૂટી રહી છે અને અમને એવું લાગે છે કે વૈશ્વીક માનવકુટુંબમાં અમને સામેલ કરવામાં આવતા નથી. આનંદ વહેંચવામાં છે, પોતાની પાસે રાખી મૂકવામાં નથી.

હું ઈચ્છું છું કે પેલેસ્ટાઈનમાં મારી પુત્રીઓનું બલિદાન છેલ્લું હોય. આ ઘટના વિશ્વની આંખ ઉઘાડનારી બને. આપણે એકબીજાને પૂછીએ કે, 'આપણે કઈ બાજુ જઈ રહ્યા છીએ? આપણે શું કરી રહ્યા છીએ?' આજે જરૂર છે અન્યને સન્માન આપવાની તથા નફરતને જાકારો આપવા માટે આંતરિક બળની - તો જ શાંતિ સ્થપાશે.

ન્યુ મેક્સિકોમાં 'Creativity for Peace Camp' યોજાયેલો જેમાં પેલેસ્ટાઈન અને ઈઝરાયેલની યુવતીઓએ ભાગ લીધેલો. તે સમયે બેસને કહેલું, 'અહીં જે વિવિધ દેશોની યુવતીઓ એકઠી થઈ છે તેઓ પાસે સમાન રીતે હૃદયની લાગણીઓ છે, સમાન વિચારો છે, સમાન આશાઓ છે, તેઓ માને છે કે તેઓ સાથે મળીને મધ્યપૂર્વના દેશોના પ્રશ્નનો ઉકેલ લાવી શકે તેમ છે. અહીં જે ઈઝરાયેલની યુવતીઓ છે તેમાંની એક પણ એવું નથી ઈચ્છતી કે પેલેસ્ટીનીઅનો પાસેથી તેમની જમીન છીનવી લેવામાં આવે, અને આવું બન્યું છે તેથી તેઓ ખૂબ દુ:ખ અનુભવે છે.'

અંતિમ કથન

Daughters for Life ટ્રસ્ટનો ઉદ્દેશ

પેલેસ્ટાઈનની દરેક છોકરીને શિક્ષણ અવશ્ય મળવું જોઈએ. આ ટ્રસ્ટ હાઈસ્કૂલ તથા યુનિવર્સિટી શિક્ષણ માટે શિષ્યવૃત્તિ આપશે. સમાજમાં મહિલાઓને સન્માન-ગૌરવ મળે, તેનું સશક્તિકરણ થાય તે માટેના પ્રયાસો કરશે. જેથી છોકરીઓના તથા મહિલાઓનાં જીવનની ગુણવત્તા સુધરશે. જયારે સ્ત્રીપ્રધાન મૂલ્યો અને સ્ત્રીઓનું નેતૃત્વ સમાજના બધા સ્તરે સ્વીકારાશે ત્યારે પરિવર્તન આવશે અને ફક્ત ગાઝાના સમાજની જ નહીં, સમગ્ર પેલેસ્ટાઈન, ઈઝરાયેલ તથા મધ્યપૂર્વના દેશોના સમાજની ગુણવત્તા સુધરશે. મારી પુત્રીઓની સ્મૃતિમાં હું આ દિશામાં કાર્ય કરવા ઈચ્છું છું.

આ ટ્રસ્ટનો હેતુ સ્વતંત્રતા માટેનો છે. આપણે બધાએ સાથે મળીને બિમારી, ગરીબાઈ, નિરક્ષરતા, આક્રમણ અને નફરતમાંથી સ્વતંત્ર થવાનું છે. મેં અને મારા કુટુંબે ભયંકર કરૂણ ઘટનાઓ અનુભવી છે, જે સહન કરવી મુશ્કેલ હતી. એક મુસ્લિમ તરીકે મને પૂરી શ્રદ્ધા છે કે અલ્લાહ તરફથી જે મળે તે હંમેશાં સારું હોય છે, અને જે ખરાબ બને છે તે માટે માનવી જ જવાબદાર હોય છે. તેને અટકાવી શકાય તથા પરિવર્તિત કરી શકાય. એક મુસ્લિમ તરીકે પૂરી શ્રદ્ધા

સાથે હું શપથ લઉં છું કે હું ક્યારે ય નફરત નહીં કરું અને ગુસ્સાથી દૂર રહીશ. કુરાને શીખવ્યું છે કે દુ:ખોને ધીરજથી સહન કરો અને માનવકૃત અન્યાયો, જે માનવીઓને દુ:ખી કરે છે તેને ભૂલી જાઓ. આનો અર્થ એ નથી કે આપણે આ અન્યાયો દૂર કરવા કંઈ ન કરવું. હું કુરાન પાસેથી શીખ્યો છું કે સમગ્ર વિશ્વ એક માનવકુટુંબ છે. આ વિશ્વે ન્યાય અને પ્રમાણિકતા દાખવવાં જોઈએ. જેથી આ વિશ્વ માનવીઓને રહેવા યોગ્ય બને. હિંસાથી દુ:ખી વિશ્વને, નાશમાંથી બચાવવા મારો નમ્ર પ્રયાસ છે. રાજકારણીઓએ નાશ માટે નહીં, પરંતુ નૂતન વિશ્વની રચના માટે કાર્યરત થવું જોઈએ. નફરતને અને અંધકારને પ્રેમ અને પ્રકાશથી હટાવવા જોઈએ. આ વિશ્વમાં સ્વતંત્રતા અને ન્યાય જ પવિત્ર બાબતો છે.

આપણે એકબીજાને ઓળખતા નથી એ જ આપણો એક સમાન દુશ્મન છે. આપણે તેની સામે લડવાનું છે. માર્ટીન લ્યૂથર કિંગે (જુનિયરે) કહેલું, 'જે બાબતો માનવીને સ્પર્શે છે તે અંગે જેઓ ચૂપ રહે છે, તેઓનું જીવન ત્યાં જ પૂરું થાય છે. આપણે દુશ્મનોના અવાજો યાદ નહીં રાખીએ પરંતુ મિત્રોનું ચૂપ રહેવું હંમેશા યાદ રહેશે.' ટૂંકમાં હું નીચેના મુદ્દાઓ તરફ સૌનું ધ્યાન દોરવા ઈચ્છું છું :

પ્રફુલ્લભાઈ બાલકૃષ્ણ દવે

દા.ત.

* શાંતિ માનવતા છે, શાંતિ સન્માન છે. શાંતિ એ નિખાલસ સંવાદ છે.

* યુદ્ધની ગેરહાજરીનો અર્થ શાંતિ છે. જે વ્યક્તિ બિમાર હોય એ શાંત હોઈ શકે? જે વ્યક્તિ ભ્રમિત અને શંકાશીલ હોય તે શાંત હોઈ શકે? જે દેશો યુદ્ધ સાથે સીધા સંકળાયેલા નથી તે શું શાંતિમાં જીવે છે?

* નફરત અંધાપો છે. તે વિચારહીન તર્ક અને વર્તણૂંક કરે છે.

* ગુસ્સો અને નફરત એક બાબત નથી.

* ગુસ્સાથી કંઈ નીપજી શકે છે. ગુસ્સાને સમજો, ઓળખો પરંતુ તેની સાથે પરિવર્તન આવવું જોઈએ. તે પોતાના અને અન્યના ભલા માટે શુભ કાર્યોમાં પરિવર્તિત થવું જોઈએ.

* આપણી આજુબાજુ જે બને તેનો ફક્ત સ્વીકાર કરવાની જરૂર નથી. આપણી પાસે તેમાં પરિવર્તન લાવવાની શક્તિ હોવી જોઈએ.

* મને મહિલાઓમાં અને તેઓની અંદર રહેલી સંભવિતતામાં શ્રદ્ધા છે. મહિલાઓ સ્વભાવવશ લોકોને જોડે છે. મહિલાઓએ આગેવાની લેવાનો સમય થઈ ગયો છે. આપણે તેમને શિક્ષણ મળે તે માટેની બધી તકો આપવી જોઈએ. માનવતાને માટે જે જરૂરી છે તે કરવા માટે તેઓને તક આપવી જોઈએ.

* જયારે તમારાં મૂળભૂત મૂલ્યો હૃદય સાથે જોડાઈ જાય, ત્યારે તે ચર્ચાનો વિષય નથી રહેતા. તે તમારા માર્ગદર્શક બને છે ત્યારે પ્રમાણિકપણે નિર્ણયો લેવાય છે.

* જો તમારા નિર્ણયો સત્ય પર આધારિત હશે, તો તમને સન્માન મળશે અને તમે વિશ્વાસપાત્ર બનશો.

* બાળકોના અભિપ્રાય પર વિશ્વાસ મૂકો. તેઓ સત્ય જ બોલશે અને તેમાં તેઓનો કોઈ અંગત સ્વાર્થ નથી.

* અંતે, શાણપણના બીજનું વાવેતર કરવું તેટલું પૂરતું નથી. જો આપણે પાક લણવો હોય તો કામ કરવું પડે.

નફરત નહીં - સંવાદ

મહાત્મા ગાંધીજી હિંદુ-મુસ્લિમ એકતા માટે, અનેક મુશ્કેલીઓ વચ્ચે, સતત પ્રયત્નશીલ રહ્યા અને આખરે તે પ્રશ્ને જ તેઓ શહીદ થયા. 'હું નફરત નહીં કરું'ના કથાનાયક ડૉ. ઈઝેલદીન અબુલૈશ પણ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે શાંતિ-સંવાદ સ્થપાય તે માટે ઝઝુમતા રહે છે, અનેક અંગત કરુણ ઘટનાઓ વચ્ચે પણ અહિંસા, સર્વધર્મસમભાવ, પ્રેમ, શાંતિ, સંવાદ દ્વારા પ્રશ્ન ઉકેલાય તે માટે પ્રયત્નશીલ રહે છે, તે જાણીને વિચાર આવે કે ભલે કહેવાતા બુદ્ધિજીવીઓ ગાંધીની પ્રસ્તુતતા ન સ્વીકારતા હોય, પરંતુ વિશ્વભરમાં અન્યાય-અત્યાચાર-શોષણ સામે લડતાં લોકો માટે તો તે વધુ ને વધુ પ્રસ્તુત બની રહ્યા છે. ભલે આખા પુસ્તકમાં ગાંધીજીનું નામ નથી, પણ તેમના અભિગમમાં સતત ગાંધીનું હૃદય અનુભવાય છે.

આપણે ત્યાં હિંદુ-મુસ્લિમ વચ્ચે આજે પણ હૃદયની એકતા સ્થપાઈ નથી, તેમાં વર્ષ ૨૦૦૨ની ગોઝારી ઘટનાએ વૈમનસ્ય વધાર્યું છે ત્યારે હિન્દુ-મુસ્લિમ એકતા માટે મથનારાઓ માટે આ પુસ્તક પ્રેરણારૂપ બનશે, તેઓમાં આશાનો સંચાર કરશે.

ઈઝેલદીન ગાઝાપટ્ટીના એક રાહત કેમ્પમાં જન્મ્યા છે, અનેક અભાવો અને ગરીબાઈ વચ્ચે બચપણ વીત્યું છે. મજૂરીકામ કરવા સાથે અભ્યાસ કર્યો છે. ભારે પરિશ્રમ દ્વારા ડૉક્ટર બનેલ છે. વંધ્યત્વ દૂર કરવાના નિષ્ણાત બનેલ છે. ઈઝરાયેલની હોસ્પિટલમાં તે પ્રથમ પેલેસ્ટીનિયન ડૉક્ટર છે. જીવનભર પોતે પેલેસ્ટીનિયન હોવાને લીધે અપમાન-તુચ્છકાર-પરેશાની વેઠતા રહે છે, છતાં ચિત્તમાં કડવાશ રાખ્યા વિના ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વચ્ચે શાંતિ-સંવાદ સ્થપાય તે માટે પ્રયત્નશીલ રહે છે, પોતાના બાળકોને તેવા જ સંસ્કાર આપે છે. તેઓ ઈઝરાયેલની વંધ્યા મહિલાઓની સારવાર કરીને તેને બાળકો જન્માવે છે ત્યારે તેના પેલેસ્ટાઈન સાથીઓ કહે છે કે 'જે ઈઝરાયેલી બાળકો જન્મે છે તે આપણા પર જ બૉંબ ફેંકશે. તું શા માટે તેમની સારવાર કરે છે?' ત્યારે જવાબમાં ઈઝેલદીન કહે છે, 'અમે બધાં ભેદભાવ હોસ્પિટલની બહાર મૂકીને અંદર દાખલ થઈએ છીએ. જીવનને બચાવવું એ જ અમારો ધર્મ છે.' આમ તેઓ બે દેશો વચ્ચે 'સેતુ' બનવા ઈચ્છે છે.

ઈઝેલદીન પરદેશમાં છે ત્યારે તેમના પત્ની ગંભીર બિમારીમાં સપડાય છે. તેની પાસે પહોંચતા વચ્ચે જે રીતે તેમને અટકાવાય છે અને પત્ની બેભાન થઈ જાય ત્યારે ત્યાં પહોંચી શકે છે તે ઘટના તથા પોતે બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવા પ્રયાસ કરતા હોવા છતાં પોતાના ઘર પર જ ઈઝરાયેલી લશ્કર બૉંબમારો કરે છે અને તેમની ત્રણ પુત્રીઓ અને એક ભત્રીજી તેમાં મૃત્યુ પામે છે, ત્યારે ઈઝેલદીન સ્વાભાવિક રીતે જ ખૂબ દુ:ખી છે. પરંતુ ત્યારે પણ કોઈ પ્રતિ નફરત નથી દાખવતા. તે લખે છે, 'હું કોને નફરત કરું? જે ડૉક્ટરો-નર્સો સાથે હું કામ કરું છું તેને નફરત કરું? જે બાળકોને મેં જન્મ આપ્યો છે તેને નફરત કરું? જેઓ મારા ઘવાયેલા બાળકોની સારવાર કરે છે તેને નફરત કરું ? નફરત એક રોગ છે તે સ્વસ્થતાને તથા શાંતિને અટકાવે છે.'

તેઓ માને છે કે બદલાની ભાવના આત્મઘાતી છે. પરસ્પર આદર, સમાનતા અને સહજીવન જ આગળ વધવાનો એકમાત્ર માર્ગ છે.

તેઓ કહે છે કે 'કરુણાંતિકા આપણા જીવનનો અંત નથી. તે આપણને નિયંત્રણમાં લઈ લે અને હટાવી દે એવું ન થવા દેવું જોઈએ.' આથી જ તેઓએ અંધકારના માર્ગે - નફરતના માર્ગે જવાને બદલે પ્રકાશના પંથે - બધા માટેના સારા ભવિષ્ય માટે કામ કરવાનું વિચાર્યું.

આ પુસ્તક વિશેની પ્રથમ જાણ મને આદરણીય જયોતિભાઈ દેસાઈએ (વેડછી) મોકલેલા એક લેખથી થઈ. તે લેખ વાંચીને યુનાઈટેડ કિંગ્ડમમાં રહેતા મારા પરમ મિત્ર વિપુલભાઈ કલ્યાણીએ તુર્ત જ આ પુસ્તક મોકલી આપ્યું. આ તકે હું આ બંને મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

'વિચારવલોણું' પરિવારે હંમેશા મને પોતાનો ગણ્યો છે. આ પહેલાં પણ મારાં કેટલાંક પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. આ પુસ્તક પણ પ્રકાશિત કરી રહ્યા છે ત્યારે 'વિચારવલોણું' પરિવારનો અત્યંત આભારી છું.

વૈશ્વીકરણના આ યુગમાં, દરેક દેશે - દરેક સમુદાયે, એકબીજા સાથે જ જીવવાનું છે. શાંતિ-સંવાદ-આત્મીયતાથી બધાં જીવશે તો જ દરેકને સુખ-સમૃદ્ધિ પ્રાપ્ત થશે. આ પુસ્તિકા આ દિશા તરફ બધાને દોરે તે સદ્દભાવના સાથે વિરમું છું.

તા. ૩૦-૧-૨૦૧૨

- પ્રફુલ્લ દવે

(નાગર ચકલા, જામનગર - 361 001, ભારત)

એ તો એમ જ ચાલે !

• હરનિશ જાની

અમેરિકામાં મોટર કાર જમણી બાજુ દોડે છે. ભારતમાં બધી બાજુ દોડે છે. ડાબી બાજુ દોડતાં વાહનોની સામે પણ ટ્રાફિક આવતો હોય છે જેની કોઈને નવાઈ નથી. કાયદેસર દોડતાં વાહનોને સામેનાં વાહનોની કાયમ અપેક્ષા હોય છે. ઈન્ડિયામાં બધે –બધાં જ ક્ષેત્રોમાં–આમ જ બનતું હોય છે. ફોરેનરને હંમેશાં આપણે ત્યાં દોડતાં વાહનોને જોઈને અચરજ થાય છે કે બે વાહનો અથડાતા કેમ નથી ! મને કહેતાં ગૌરવ થાય છે કે મારી પચાસ દિવસની ગુજરાતની મુસાફરીમાં મેં પાંચ શહેરોનો ટ્રાફિક જોયો છે. દરરોજ કારમાં બેઠો છું; પરંતુ મોટો અકસ્માત એકે જોયો નથી. એકવાર મારા મિત્રની કાર બીજાની કાર સાથે હુંસાતુંસીમાં ઘસડાઈ હતી. બન્નેમાંથી કોઈ ઊભું રહ્યું નહોતું; કારણ કે બન્ને કાર હાલીચાલી શકતી હતી. બન્ને પાસે વાદ–વિવાદનો સમય નહોતો. અને મોટો અકસ્માત થાય તો ય શું ? જો આપણે જીવતા હોઈએ તો ભૂલ કબૂલવાની નહીં. ભૂલ હંમેશાં સામાવાળાની જ હોય છે. એ વાતની બન્ને ડ્રાઈવરોને ખબર હોય છે, પોલિસને પણ ખબર હોય છે.

આપણે ધ્યાનથી જોઈએ તો આ ટ્રાફિક આખા દેશના સંચલનનું નાનું મોડેલ છે. જો ઈન્ડિયાનું રાજતંત્ર સમજવું હોય તો ટ્રાફિકને બરાબર સમજવાનો. દેશનાં બધાં જ ક્ષેત્રમાં બને છે તેમ, એકાદ ગાંધી ભક્ત કાયદાનું પાલન કરવા જાય છે ત્યારે તે આખી સિસ્ટમને અપસેટ કરી નાખે છે અને ઍક્સિડન્ટ ઊભો કરે છે. તેમ અહીં જો ઍક્સિડન્ટ કરવો હોય તો જ બીજાનો વિચાર કરી કાયદેસર કાર ચલાવવી. આગલી સીટ પર બેસીને મેં જે જોયું છે, તે એ કે સરસ અને સરળ રીતે કાર કે મોટર સાયકલ ચલાવવી હોય તો બીજાની ચિંતા છોડી દેવાની. આપણે કાંઈ આદર્શ નાગરિક બનવા નથી નીકળ્યા. ખાલી જગ્યા દેખાતી હોય ત્યાં ઘુસી જવાનું અને તમારાથી નબળાને દબાવવાનો. નબળાનો અર્થ તમારાથી નાના વાહનને. અને મોટું વાહન હોય છતાં સ્પીડમાં ન જતું હોય તેને. જો સર્કલ પર હો તો –જો ડર ગયા વો મર ગયા–ના નિયમ મુજબ આગળ વધ્યે જાઓ. બાજુમાંથી ભલેને મોટું વાહન આવતું હોય ! એને ક્યાં જલદી જવાની ઉતાવળ છે ? એને તમારા વાહન જોડે અથડાવાનું ન પોષાય. એટલે એ વાહન ઊભું રહેશે અને તમને જવા દેશે. જો તમે સ્કૂટર પર હો તો એક પગ ઘસડતાં ઘસડતાં જતા રહેવાનું. આપણે એટલું જ યાદ રાખવાનું કે આપણે આગળ વધીએ છીએ કે નહીં ! લાકડી લઈને પોલિસ ઊભો હોય ને લાકડી ઊંચી રાખી હોય તો તેના હાથ નીચેથી નીકળી જવાનું. એણે લાકડી આપણને મારવા માટે નથી રાખી; પરંતુ જો ગાયો એ સર્કલમાં આવી જાય તો પ્રેમથી એને રસ્તાની કોરે મૂકી દેવા માટે છે. પોલિસની બીજી જવાબદારી પણ છે, આપણી કોર્ટોનો બોજો હલકો કરવાનો. એ માટે ટ્રાફિક વાયોલેશનના કેસોનો ત્યાં જ ફેંસલો આપી દેવાનો. પેલા વાહનચાલકને કાયદાભંગ માટે ત્યાંને ત્યાં દંડ કરવાનો અને દંડ વસૂલ કરી લેવાનો. આપણી કોર્ટોમાં પંદરપંદર–વીસવીસ વરસના કેસ પડ્યા છે. આ ટ્રાફિકના મામુલી કેસનો તેમાં ઉમેરો કરીને દેશના ન્યાયતંત્રનો બોજો નહીં વધારવાનો. આપણા ટ્રાફિકમાં ડાર્વિનનો નિયમ લાગુ પડે છે. 'સરવાઈવલ ઓફ ધ ફિટેસ્ટ.' મોટું પ્રાણી નાના પ્રાણીને ખાઈ જાય. એકદમ જમણી લેનમાં બસ કે ટ્રક, હોન્ડા કે ટોયોટાને અથવા તો મોટરસાયકલ પરના જહોન અબ્રાહમને જવા દેવાના. તેઓ આલ્ટો, નેનોની તો દરકાર પણ નહીં કરે ! ટ્રિચક્રી વાહનોએ ચતુર્ચક્રીથી દૂર રહેવામાં જ માલ છે. પછીની ઊતરતી કક્ષામાં પોતાની સીટ પર બેઠા બેઠા પગથી સિગ્નલ કરતા ઓટો રિક્સાવાળાઓ આવે અને છેલ્લે માથા પર ઓઢણી લપેટેલી–બુકાનીવાળી – સ્કૂટરસવાર કૉલેજ કન્યાઓ. આપણે જો ધ્યાનથી જોઈએ તો આ કન્યાઓની ઓઢણીની જુદી જુદી ફેશન ચાલુ થઈ છે. મને ચોક્કસ ખાતરી છે કે છોકરીઓ પોલિસ માટે એ દુપટ્ટાને માથાની હેલ્મેટમાં ખપાવતી હશે. અને પોલિસ એનો વાંધો ન લેતી હોય કારણ કે એકસીડન્ટ ટાણે માથે પાટો બાંધવામાં એ દુપટ્ટો જ તરત કામ લાગેને ! મને વિચાર આવે છે કે જો કોઈ છોકરો આવો દુપટ્ટો વીંટે તો પોલિસ એને રોકે કે ના રોકે ? આપણો ટ્રાફિક તો જાણે યુદ્ધમાં આગળ વધતી સેના ! જમણી બાજુ ઐરાવત, પછી અશ્વો, પછી પાયદળ. આ સ્કૂટરસવાર કન્યાઓ તે પાયદળ ! ટોયોટા, હોન્ડા બધા રથ ! આ લશ્કરની સૌથી મોટી ખૂબી એ છે કે તેમણે અંદરોઅંદર લડવાનું હોય છે.

હવે આખા દેશમાં આ જ ટ્રાફિકના નિયમો બધે લાગુ પડે છે. સ્કૂલ–કૉલેજમાં એડમિશન લેવું છે, માર્કસ ઓછા છે; તો ગભરાવાનું નહીં. કોઈ સત્તાધારીની ઓથે ભરાવાનું. નહીં તો ડોનેશન પકડાવો. એ જ આદર્શ વસ્તુ છે. તમારે ગેરકાયદેસર રાઈટ ટર્ન મારવો છે, તો મોટા વાહનની ઓથે ભરાઈ જાઓ. જોઈએ તો પોલિસને માગે તેનાથી અડધું ડોનેશન આપી દેવાનું. પરદેશની જેમ જો આપણે રેડ લાઈટને માન આપીએ તો ટ્રાફિક કેટલો બધો વધી જાય ! પછી આપણા ટ્રાફિક પોલિસોની નોકરીનું શું ? તમારે મકાન બનાવવું છે, બનાવી દો ! મરજી પ્રમાણે માળ બનાવો, જેટલી જમીન દબાવવી હોય તેટલી દબાવો. ત્યાં પણ ટ્રાફિક પોલિસો જેવા સરકારી કર્મચારીઓ છે. અને એમને પણ ખબર છે કે ડોનેશન કેવી રીતે લેવાનું. આમ કોઈ બનેલું બિલ્ડિંગ તોડે ખરું ? એ તો એમ જ ચાલે ! ભારતમાં વરસોથી ચાલી આવતી કંઈ કેટલીય ગેરકાયદેસર કાર્યપદ્ધતિઓ છે જે હજીયે ચાલુ છે. તમારે મકાન ખરીદવું છે. તો બ્લેકના પૈસા આપો. હવે આ બ્લેક–સત્ય દેશનો દરેક નાગરિક અને સરકારી કર્મચારી જાણે છે. મોટર બાઈક પર વગર હેલ્મેટે છ જણથી ન બેસાય એ પણ બધા જાણે છે. એટલે મઝા એ છે કે હવે આપણને શું કાયદેસર અને શું ગેરકાયદેસર એનું જ્ઞાન જ નથી. આપણે ત્યાં ગેરકાયદેસર રીતો જ કાયદેસર બની ગઈ છે. એ તો એમ જ ચાલે !

તમને કાર આવડે કે ન આવડે લાયસન્સ મળી જાય. જો તમને એરોપ્લેનમાં બેસતા ચક્કર ન ચઢતા હોય તો પછી પાયલોટનું લાયસન્સ જ કઢાવી લેવાનું. થોડું ડોનેશન કરવું પડે મારા ભાઈ ! પછી દુનિયાકી સેર કર લો. તમારે આઈસ્ક્રીમ ખાવો છે. બીજાની ચિંતા કર્યા સિવાય તમારી કાર આઈસ્ક્રીમ પાર્લર પાસે ઊભી કરી દો. બીજા વાહનો તમારી આજુબાજુથી જશે. અને હોર્ન શેને માટે આપ્યા છે ? એ લોકો હોર્ન વગાડશે. આમ તો તેઓને હોર્નની ટેવ હોય છે જ. હું માનું છું કે હોર્ન તો વગાડવા જ જોઈએ. એથી ડ્રાઈવરનો સ્ટ્રેસ દૂર થાય છે. જો હોર્ન ન હોય તો બધાએ ગાળાગાળી કરવી પડે અને એ પછી મારામારીનું સ્વરૂપ પકડે. તો પછી ટ્રાફિક પોલિસનું કામ વધી જાય. યુરોપ અને અમેરિકામાં કોઈ હોર્ન નથી વગાડતું. એને જ કારણે મને લાગે છે કે અમેરિકાના મોટા શહેરોમાં ડ્રાઈવરો વચ્ચે ગોળીબારના બનાવો બને છે. જ્યારે આપણે ત્યાં હોર્ન વગાડવાના કારણે કોઈ મર્યું નથી. મને તો લાગતું કે ડ્રાઈવરો આ હોર્ન દ્વારા એક મેક સાથે વાતો કરે છે, મીઠો મધુર સંવાદ કરે છે. 'એ ડોબા, જલદી ચલાવ', 'પેલો તારો કાકો હટે તો ને !', 'એ ઓટોવાળા, અહીં ક્યાં ભરાય છે ?', 'સાલો અભણ દેશ છે. આ મોટરબાઈકવાળો એના બાપનો રસ્તો સમજે છે', 'મારી બાઈક આ બે કાર વચ્ચેથી લઈ લઉં. સાલી લેડિઝ ડ્રાઈવરો', 'આ બાયલો ધીમો ધીમો કેમ જાય છે ?', 'ઓ ભાઈ, હું નવો ડ્રાઈવર છું. મારાથી બચો.' હવે આવી વાતો એકમેક જોડે કરવી પડે તો ? આપણે ત્યાં પણ ધારિયાં ઊછળે ! એના કરતાં હોર્ન વગાડવા સારા.

કોણ કહે છે કે આપણે ગાંધી બાપુને ભૂલી ગયા છીએ ? તેમની જેમ આપણે પણ સવિનય કાયદાભંગમાં ચુસ્ત રીતે માનીએ છીએ. આ ટ્રાફિકના કંઈ કેટકેટલા ય કાયદા બન્યા હશે ! જમણી બાજુ વાહન નહીં ચલાવવાનું; છતાં કાયદાનો ભંગ કરો. 'એ તો ચાલે'. સીટ બેલ્ટ બાંધવો જોઈએ; પણ કાયદા કી ઐસીકી તૈસી. 'એ તો ચાલે.' તમે રેલવે ફાટક પરનો ટ્રાફિક તો જોયો જ હશે. કોઈ ફોરેનર જુએ તો એને ચિંતા થાય કે ફાટક ખૂલશે તો બન્ને બાજુ પરનાં સૈન્યો સામ સામે આવી જશે તો ટ્રાફિક કેવી રીતે આગળ વધશે ? કોણ પકડવાનું છે ? અને આ વાત બધાં જ ક્ષેત્રમાં છે. અને એક રીતે જોઈએ તો તેમ ચાલે પણ છે. સદીઓથી ગુલામ રહેલી આપણી પ્રજાને ખબર જ નથી કે આઝાદીનો અર્થ જવાબદારી છે, ફરજભાન છે. આમાં હૉસ્પિટલો, સ્કૂલો, અરે, આર્મી સુધ્ધાં આ ગેરકાયદેસર–કાયદેસર વાતોમાં ફસાયું છે ! વીસ–ત્રીસ વરસથી આર્મીનાં જાતજાતનાં કૌભાંડો બહાર આવે છે ! એ દેશ માટે અશુભ છે. તકલાદી શસ્ત્રોથી આપણું સૈન્ય સજ્જ છે. હવે આ વાતની મારા જેવા ડોબાને પણ ખબર છે તો તમે માનો છો કે ચીનને ખબર નહીં હોય ?

[4, Pleasant Drive, Yardville. NJ 08620-U.S.A.]
Email - harnishjani5@gmail.com

ડાયસ્પોરિક વાર્તાઓ

• ચિરાગ ઠક્કર 'જય'

'ડાયસ્પોરિક સાહિત્ય એટલે શું?' એ પ્રશ્નનો જવાબ શોધવાની મથામણ બહુ જૂની છે અને છતાં તેનો સંતોષકારક જવાબ ક્યારે ય મળી શકતો નથી. 'આ ગુજરાતી સાહિત્ય' અને 'આ ડાયસ્પોરિક ગુજરાતી સાહિત્ય' એવા હવાચુસ્ત વિભાગ પાડી શકાતા નથી અને વિચારમંથન થતું જ રહે છે. તેમ છતાં વાસ્તવિકતા એ છે કે ડાયસ્પોરિક સાહિત્ય રચાતું અને સ્વીકારાતું રહે છે. આવા જ એક મનોમંથનનું પરિણામ છે વિપુલ કલ્યાણી અને અનિલ વ્યાસ સંપાદિત પુસ્તક 'ડાયસ્પોરિક વાર્તાઓ' જેને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.



પુસ્તકની એકદમ ટૂંકી પ્રકાશકીય પ્રસ્તાવનામાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદી આ મનોમંથનનો પડઘો પાડતાં કહે છે કે 'મનુષ્યની ચેતનાનાં અમુક વલણો તો દુનિયાના કોઈ પણ ખૂણે સરખાં હોવાનાં.' તેમ છતાં 'અહીં જે વાર્તાઓ સંપાદિત થઈ છે તે સંપાદકોને તુષ્ટિકર લાગી છે.' માટે તેમને આપણે ડાયસ્પોરિક સાહિત્યની પ્રતિનિધિ ગણી શકીએ.

ત્યારબાદ સંપાદકીય પ્રસ્તાવનામાં સંપાદકોએ આ પુસ્તક નિમિત્તે ડાયસ્પોરિક સાહિત્ય વિશે પોતાના વિચારો વિસ્તારથી રજૂ કર્યા છે અને સંપાદનમાં આવરી લેવાયેલી વાર્તાઓ વિશે વાત કરતા પહેલાં તેમણે પસંદ કરેલી વાર્તાઓમાં ડાયસ્પોરિક સાહિત્યના જે 'ચતુર્વિધ રૂપો' પ્રગટ થયાં છે તેની નોંધ કરી છે.

(૧) જે સર્જકો પૂર્વે, કોઈ કાળે આફ્રિકામાં જઈ વસ્યા હતા અને રાજકીય પરિસ્થિતિ બદલાતાં, યુરોપ-અમેરિકા જઈને પુનર્વસવાટ કર્યો હતો – એ સર્જકોનાં, માદરે વતન તેમ જ આફ્રિકા-વસવાટનાં સ્મરણો-સંવેદનોને નિરૂપતું સાહિત્ય.

(૨) વિદેશવાસી થયા પછી ય, મોટે ભાગે પોતાનાં દેશ-પ્રદેશ અને સમાજ-સંસ્કૃતિની અવિસ્મૃત પરંપરામાં શ્વસતા રહીને વતન-ઝુરાપાને જીવતાં સર્જકોનાં સ્મરણ-સંવેદનોને નિરૂપતું સાહિત્ય.

(૩) સ્વદેશ છોડીને વિદેશ વસી, સ્થિર થવા ચાહતા અને એ માટેની મજબૂત મથામણ કરતાં કરતાં વસવાટી ભૂમિ અને તેની સંસ્કૃતિનો પ્રભાવ ઝીલી-સ્વીકારીને, એ પ્રક્રિયાની પીડા અને આનંદથી સમૃદ્ધ થયેલા સર્જકનાં સંવેદનોને નિરૂપતું સાહિત્ય.

(૪) વસવાટી દેશ-પ્રદેશની આબોહવા, એના પરિવેશમાં પગ ખોડીને ઊભેલા અને સ્વદેશ-વિદેશની સાંસ્કૃતિક-સાહિત્યિક પરંપરામાં આદાનપ્રદાનથી સમૃદ્ધ થયેલા સર્જકોનાં સંવેદનોને નિરૂપતું સાહિત્ય.

આ નોંધના આધારે ડાયસ્પોરિક સાહિત્યની એક વ્યાખ્યા બાંધવાનો પ્રયત્ન કરી શકાય તેમ છે : એક ભૂમિ અને/અથવા સંસ્કૃતિમાં જન્મ અને ઉછેર પામીને બીજી ભૂમિ અને/અથવા સંસ્કૃતિમાં સ્થિર થયેલા કે સ્થિર થવા મથતાં સર્જકના સંવેદનતંત્રમાં બે ભૂમિ અને/અથવા સંસ્કૃતિઓના અવનવા મિશ્રણ થકી સર્જાતી ઊથલપાથલ એટલે ડાયસ્પોરિક સાહિત્ય. જો કે સંપાદકોએ તો માત્ર એટલું જ કહ્યું છે કે તેઓએ આ ચાર પ્રકારની રચનાઓને આ સંપાદનમાં શામેલ કરી છે, તેઓએ ક્યાં ય ડાયસ્પોરિક સાહિત્યને વ્યાખ્યાયિત કરવાનો પ્રયત્ન નથી કર્યો. પણ ડાયસ્પોરિક ન લાગે તેવી દીપક બારડોલીકરની વાર્તા 'કાગળનો કટકો' અને મનેશચન્દ્ર કંસારાની 'ખરે...ખરનાં આંસુ' આ સંપાદનમાં તેઓએ શામેલ કરી છે કારણ કે એ સર્જકો પણ સંસ્કૃતિઓના અવનવા મિશ્રણથી તેમના સંવેદનતંત્રમાં થતી ઊથલપાથલને વાચા આપતું નોંધનીય સર્જન કરતાં રહે છે. માટે એવું જરૂર અનુભવી શકાય કે સંપાદકોને પણ વધતે-ઓછે અંશે ડાયસ્પોરિક સાહિત્યની આ જ વ્યાખ્યા અભિપ્રેત હશે.

આ સંપાદનમાં વીસ વાર્તાઓને જગ્યા મળી છે: શાંતશીલા ગજ્જરની 'અનુબંધ', વલ્લભ નાંઢાની 'ઈલિંગ રોડ પર ચોરી', ઈબ્રાહિમ રાઠોડ 'ખય્યામ'ની 'ઉફીટી', જયંત મહેતાની 'એક ઉંદરની વાત', પ્રીતિ સેનગુપ્તાની 'એક જ મિનિટ', રમણભાઈ ડી. પટેલની 'એકલતા વેરણ થઈ', હરનિશ જાનીની 'એલ. રંગમ્', મુસાજી હાફેસજી 'દીપક બારડોલીકર'ની 'કાગળનો કટકો', આનંદ રાવની 'કૂંપળ ફૂટી', મનેશચન્દ્ર કંસારાની 'ખરે...ખરનાં આંસુ', યોગેશ પટેલની 'ગાંડું પંખી', ડાહ્યાભાઈ પટેલની 'ત્યાગ', કુસુમ પોપટની 'ત્રણ મોસંબી, એક કોબીનો દડો', પન્ના નાયકની 'ફ્લૅમિંગો', ભદ્રા વડગામાની 'મારા અતિપ્રિય ગૌતમ', વિનય કવિની 'મૃગતૃષ્ણા', બળવંત નાયકની 'લાઈવ ક્યૂ', અહમદ લુણાત 'ગુલ'ની 'લૉટરીની ટિકિટ', ભાનુશંકર વ્યાસની 'હું ક્યાં માનું છું 'યુથનેસિયા'માં?' અને રોહિત પંડ્યાની 'હું બાલુભાઈ...'. તેમાંથી જે બહુ ગમી તે વાર્તાઓની થોડીક વાત કરીશ.

સૌથી વધારે ગમી હોય તો આનંદ રાવની 'કૂંપળ ફૂટી'. 'ઘરમાં વગર પૈસે વૈતરું કરવા માટે સામાજિક વિધિસર ઢસડી લાવવામાં આવેલું પાત્ર'ની જેમ રાખવામાં આવેલાં ચમ્પા બાને જ્યારે અમેરિકામાં એન્ડી નામનો વૃદ્ધ સજ્જન ખરેખર એક સ્ત્રીની જેમ ટ્રીટ કરે છે ત્યારે સંબંધની એક લાગણીસભર ઋજુ કૂંપળ ફૂટે છે. આખી વાત એ બાના પુત્રના મોઢેથી કહેવાઈ છે માટે એ દૃષ્ટિકોણ વાતને વધારે રોચક બનાવે છે.

બ્રિટનના સિદ્ધહસ્ત વાર્તાકાર વલ્લભ નાંઢાની 'ઈલિંગ રોડ ઉપર ચોરી' માર્મિક વાર્તા છે, જેમા લેખકે ઈલિંગ રોડનું વાસ્તવિક વાતાવરણ, અહીં વસેલા ગુજરાતીઓમાં બહુધા બોલાતી કાઠિયાવાડી લઢણવાળી ભાષા અને પતિ-પત્નીની 'તુ-તુ-મે-મે' બહુ વાસ્તવિક રીતે ઝીલી છે. સ્થૂળની સાથે સાથે સૂક્ષ્મ પ્રકારની ચોરી શીર્ષકને સાર્થક કરે છે અને 'ગિરધરલાલના હાથનો ઉત્સવ' જેવી લેખકની લેખનશૈલી આપણા હોઠને મરકાવી જાય છે.

'ખય્યામ'ની 'ઉફીટી'માં જકડી રાખે તેવો વાર્તારસ છે. બાળપણમાં હરીશ નાયક કે યશવંત મહેતાની જે સાહસકથાઓ વાંચી હતી તેની આ વાર્તાએ યાદ અપાવી દીધી. (એમ પણ થયું કે આ વાર્તાનું એક કિશોર સાહસકથામાં રૂપાંતર પણ થઈ શકે તેટલો સશક્ત વાર્તારસ છે.) આફ્રિકાના મલાવી પ્રદેશમાંની આ વાર્તા હોઈ ત્યાંની સ્થાનિક ભાષાનો શબ્દોનો પણ ભરપૂર ઉપયોગ કરેલો છે.

'ગુજરાત સાહિત્ય અકાદમી' તરફથી વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના 'હાસ્ય વ્યંગ્ય' વિભાગમાં પ્રથમ પારિતોષિક મેળવનાર હરનિશ જાનીની પાત્રતા વિશે જેને લેશમાત્ર પણ સંશય હોય તેમણે તેમની 'એલ. રંગમ્' વાંચવી. અમદાવાદની પોળમાંથી ભગવાનની કૃપાથી અમેરિકા પહોંચી ગયેલા કથાનાયક જેનિટરનું કામ સ્વીકારે છે. જેનિટરના કામની નાની-નાની વિગતોનું હાસ્યસભર વર્ણન અને કથાનો રમૂજી અંત કોઈને પણ ગમે તેવો છે. એક ગમી ગયેલો સંવાદ: 'ભગવાન પાસે કાંઈ પણ માગતાં પહેલાં વિચારવું. ભગવાન ભૂલથી આપણી માગણી મંજૂર કરી દે તો! હું રોજ પ્રાર્થના કરતો, 'હે ભગવાન! મને અમેરિકા મોકલ! ... અરે! લોકોનાં જાજરૂ ધોઈશ, પણ તું મને અમદાવાદની પોળમાંથી બહાર કાઢ!' ... ભગવાને મારી અરજી મંજૂર કરી દીધી. હવે અમેરિકામાં ટૉઈલેટ સાફ કરું છું.' આ પણ ગમે તેવો સંવાદ છે : 'અમેરિકામાં કોઈ 'લેડીઝ' બાથરૂમ નહોતો જોયો. અમેરિકન છોકરીની વાત બાજુએ રહી, હું તો લેડીઝ-રૂમના જ પ્રેમમાં પડ્યો.'

જરા પણ ડાયસ્પોરિક ન લાગે તેવી મનેશચન્દ્ર કંસારાની 'ખરે...ખરનાં આંસુ'માં કંકુ કુંભાર, તેની પત્ની જંકુ અને તેમના ખર ખંકુની વાત છે. વાર્તાની શરૂઆતમાં આવતો 'ગધેડાં સસ્તન પ્રાણી છે .....' વાળો ગધેડાનો ટૂંકો પરિચય

માણવા જેવો છે. પછી કુંભારના જીવનની નાની વિગતો સાથે વાર્તા આગળ વધે છે. તેમાં ઉફરાંટો, હાંજાગગડ, વ્રીડા જેવા શબ્દો લેખકની ભાષાને તદ્દન નોન-ડાયસ્પોરિક ઓપ આપે છે. કંકુ અને જંકુની માટલા સાથેના નાચની પળો આ સંપાદને સ્મૃતિમાં આપેલી અવિસ્મરણીય પળોમાંની એક છે. વાર્તાનો અપેક્ષિત અંત કુંભાર દંપતીની સાથે-સાથે વાચકોને પણ વ્યથિત કરી નાખે તેવો છે.

કુસુમ પોપટની 'ત્રણ મોસંબી, એક કોબીનો દડો' ફરી એકવાર આફ્રિકન વાતાવરણને આ પુસ્તકમાં લઈ આવે છે. અને સાથે-સાથે એ પણ અહેસાસ કરાવે છે કે માનવ જીવનના મૂળભૂત સંવેગો તો સમાન જ રહેવાના પછી તે આફ્રિકા હોય કે ભારત કે દુનિયાનો કોઈ પણ ખૂણો.

આ પુસ્તકનો અંત રોહિત પંડ્યાની 'હું બાલુભાઈ ....' જેવી સશક્ત વાર્તાથી આવે છે. પરદેશમાં જઈ વસેલ કોઈ પણ વ્યક્તિ પોતાને જાતને બાલુભાઈમાં જોઈ શકશે. ગુજરાતી માઈગ્રન્ટની તમામ લાક્ષણિકતાઓનો સંગમ એટલે બાલુભાઈ. પુસ્તકની છેલ્લી વાર્તાનો છેલ્લો ફકરો ઘણા માટે દીવાદાંડીની ગરજ સારે તેમ છે : 'આજથી લગભગ ત્રીસેક વરસ પહેલાં બાલુભાઈ પોતાનું ગામ છોડીને અમેરિકા આવ્યા ત્યારે ડૉલરનો ભાવ પાંચ રૂપિયા હતો અને ત્યારે તેમણે નક્કી કર્યું હતું કે પાંચેક વરસ રહીને તનતોડ મહેનત કરીને લાખ-બે-લાખ રૂપિયા બનાવીને પાછા ઇન્ડિયા જતા રહેવું. અમેરિકામાં તેમને અલીબાબાની ગુફા મળી ગઈ. ડૉલરનો ભાવ હવે આજે લગભગ ૪૫ રૂપિયા થઈ ગયો. લાખ-બે-લાખ નહીં પણ લાખ્ખો રૂપિયા બચાવ્યા છે. ગુફાનો દરવાજો બંધ છે. બાલુભાઈ મંત્ર ભૂલી ગયા છે અને ગુફાનો દરવાજો ખૂલતો નથી.'

સંપાદકોને એક પ્રશ્ન પૂછવો છે : આજના ઇન્ટરનેટ, મોબાઈલ અને જેટ-પ્લેનના જમાનામાં વિદેશ વસવાટની વ્યાખ્યા બદલાઈ છે. પહેલાં વહાણમાં બેસી વિદેશ જનાર વ્યક્તિના ખબર ચાર-છ મહિને મળતાં અને તે ભાગ્યે જ પાછો આવતો અને આવે તો પણ વર્ષો બાદ. આજે ચિત્ર અલગ છે. દેશ-વિદેશ વચ્ચે જીવંત સંપર્ક શક્ય છે અને પ્રશાસન દ્વારા સતત બદલાતા જતાં નિયમોને કારણે એક એવો મોટો વર્ગ છે કે જે બે-ચાર-પાંચ કે દસ વર્ષ રહીને ભારત પાછો જતો રહે છે. તેમને બંને સંસ્કૃતિનો અનુભવ થાય છે. તેઓ જ્યારે ભારતમાં બેઠા-બેઠા તેમની વાર્તા માંડે, તો તેને ડાયસ્પોરિક વાર્તા કહી શકાય? આ પ્રશ્નનો જવાબ કદાચ ડાયસ્પોરિક સાહિત્યને વ્યાખ્યા સ્પષ્ટ કરવામાં મદદરૂપ બને.

સંપાદકનું કાર્ય શબરી જેવું હોય છે અને આ શબરીકાર્યમાં બંને સંપાદકોએ ખૂબ જ મહેનત કરીને આ પુસ્તકને માણવા જેવું બનાવ્યું છે. માટે બીજો પ્રશ્ન એ કે આવું જ બીજું પુસ્તક ક્યારે મળશે?

e.mail : chiragthakkar.jay@gmail.com

ટાગોરને સાર્ધ શતાબ્દીએ સલામ

• પ્રકાશ ન. શાહ

'ગીતાંજલિ'ના આ નોબેલ વિજેતા કવિ કોઈ કુદરતમાં ખોવાઈ જતા મરમી કે સૌંદર્યલુબ્ધ શબ્દસેવી માત્ર નહોતા : એક તબક્કે તેઓ 'સિવિલ લિબર્ટીઝ યુનિયન'ના પ્રમુખ પણ હતા, એ ભૂલવા જેવું નથી...

અમથો અમથો વેબવિહાર કરતો હતો ત્યાં ઇંગ્લેન્ડના સુપ્રતિષ્ઠ ઉદારમતવાદી પત્ર "ગાર્ડિયન"નો મોમેળો થઈ ગયો. જોઉં છું તો રવીન્દ્રનાથની સાર્ધ શતાબ્દી નિમિત્તે તંત્રીસ્થાનેથી કરેલી ટિપ્પણી! અને એણે ભાઈબંધ "લંડન ટાઈમ્સ"ને પણ છોડ્યું નથી. ટાઈમ્સની સાહિત્યિક પૂર્તિ(ટીએલએસ)માં વચ્ચે એ મતલબનું છાસિયું વાંચવા મળ્યું હતું કે ટાગોરને આજકાલ વાંચે છે કોણ, વળી. પણ "ગાર્ડિયને" ટીએલએસને ટપાર્યું છે કે આપણે આવું ગોથું ખાઈ બેસીએ છીએ એનું કારણ એ છે કે ચોક્કસ સંજોગોમાં 'ગીતાંજલિ'ના પ્રવેશ સાથે આપણે ટાગોરને કોઈ મરમી(મિસ્ટિક)ના ખાનામાં માત્ર ખતવી નાખ્યા છે. પણ, નાનાવિધ પ્રવૃત્તિમાં પડેલી આ કેવી એક ઊર્જસ્વી પ્રતિભા હતી એ ઓળખ એની ઓઠે લપાઈ ગઈ છે.

ઓળખવામાં ગરબડ ગોથાં તો જાતભાતનાં છે ભૈ! "ગાર્ડિયન"ની ટકોરનો ધ્વનિ પકડી મેં ખાસ કોઈ નકશા વગર જરી પીછો કીધો તે કોલિમ્બયા એન્સાઈક્લોપીડિયાની તરોતાજા આવૃત્તિ(૨૦૧૧)માં જોયું કે અધિકરણ 'ટાગોર, સર રવીન્દ્રનાથ' એ મથાળે છે, અને ઝડપથી ફરી વળ્યો તો ખબર પડી કે શીર્ષસ્તરેથી 'સર'ની બાંગ પોકારતી આ નોંધમાં ક્યાં ય એવો ઉલ્લેખ નથી કે જલિયાંવાલા અત્યાચારને પગલે રવીન્દ્રનાથે સરનો ખિતાબ (નાઈટ હુડ) ફગાવી દીધો હતો.

વિદેશી હકૂમત અને ગુલામીના માહોલ વચાળે કશી પણ કુંઠા વગર આપણે ત્યાં જે પ્રતિભાઓ બહાર આવી એમાં રવીન્દ્રનાથ મોખરે હતા. સંસ્થાનવાદ અને શાહીવાદનો એમનો વિરોધ એમને પશ્ચિમ કનેથી શીખવા જેવું શીખતા રોકી શક્યો નહોતો. નાઈટ હુડને દો ટૂક અભિવ્યક્તિ સાથે પરત કરી શકતા રવીન્દ્રનાથની દેશપ્રીતિ, રાષ્ટ્રવાદમાં રહેલાં ભયસ્થાનોને પણ પ્રીછી શકતી હતી. એ અર્થમાં એમનો પરચક્રવિરોધ વિશ્વમાનવતામાં રોપાયેલો હતો.

અલબત્ત, જેમ ગાંધીનો સંસ્થાનવાદવિરોધ નહીં પચાવી શકવાને કારણે પશ્ચિમને એમની શાંતિચાહના પ્રીછતાં વિલંબ થયો તેમ બ્રિટિશ રાજને ય ટાગોર બાબતે હાડમાંથી કશીક મુશ્કેલી સતત રહી હશે, તેમ સાર્ધ શતાબ્દી અવસરે પશ્ચિમ બંગાળે દફતર ભંડારમાંથી જે બધી ટાગોર-સામગ્રી પ્રદર્શિત કરી એની વિગતો જોતાં સમજાય છે. 'સામ્યવાદીઓ સાથેની નિકટતા'થી માંડીને શાંતિનિકેતન 'એક આતંકવાદી અડ્ડો' હોવાની શક્યતાઓ પર ત્યારે સરકારબહાદુરની ગુપ્તચરસેવાએ કામ કર્યું હતું. મુદ્દે, આ ઓજસ્વી એટલી જ ઊર્જસ્વી વ્યક્તિતા જે રીતે વહેરાઆંતરા વગર અને નિર્ભીકપણે પોતાનો વિવેક વાપરી શકતી હતી એ ત્યારના સત્તા-પ્રતિષ્ઠાનને સોરવાય એવી વાત જ નહોતી.

નાઈટ હુડ છોડ્યું એનાયે પહેલાં રવીન્દ્રનાથે એની બેસન્ટ સામે બ્રિટિશ સરકારની જુલમી કારવાઈનો વિરોધ કર્યો હતો અને ૧૯૧૫ના 'ડિફેન્સ ઓફ ઇન્ડિયા એક્ટ'ને પડકાર્યો હતો. ઇતિહાસકાર રમેશચંદ્ર મઝુમદારનું માર્મિક અવલોકન છે કે સ્વાતંત્ર્ય પછીયે અમલી પ્રતિબંધક ધારાઓ અગર 'ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટ' જેવી અઘોષિત કટોકટી-જોગવાઈઓ ૧૯૧૫ના આ કાયદાના કુળની જ છે. મઝુમદારનું આ અવલોકન નોંધું છું ત્યારે રવીન્દ્રનાથે પરાધીન ભારતમાં એક તબક્કે 'સિવિલ લિબર્ટીઝ યુનિયન'ની અધ્યક્ષતા સંભાળી હતી એની સાર્થકતા સમજાય છે.

ગીતાંજલિકારને એમની સમગ્રતામાં જોવા કરીએ ત્યારે જેમ વિશ્વમાનવતામાં રોપાયેલી સ્વતંત્રતા માટેનો પ્રાગતિક ઉન્મેષ આપણું ધ્યાન ખેંચે છે, તેમ નવા અને ન્યાયી સમાજ માટેની મથામણમાં નાગરિક સ્વાધીનતાના સ્થાન અને ભૂમિકા વિશેની એમની સચિંત એટલે જ સક્રિય નિસબત પણ સમજાઈ રહે છે.

કવિને આપણે પ્રકૃતિના ચાહક તરીકે જોયા છે. જીવન અને કુદરતની ખુલ્લી કિતાબનો હું છાત્ર છું એવી એમની ઉક્તિ અતિજાણીતી છે. પણ વાત માત્ર એટલી તો નથી. શેક્સ્પિયરના 'ટૅમ્પેસ્ટ' અને કાલિદાસના 'શાકુન્તલ' વચ્ચેની એમની સુચિંતિત એટલી જ સહૃદય સરખામણીથી રસિક જનો સુપેરે પરિચિત છે. પ્રકૃતિ પર રોફ જમાવવા મથતો આધુનિક અભિગમ અને પ્રકૃતિને સંવાદી જીવનની રીતે જોતી પરંપરાગત ભૂમિકા, આ બેને એમણે પ્રસ્તુત સમીક્ષામાં સામસામે મૂકી આપ્યાં છે. પણ વાત માત્ર આટલી જ નથી, એ એમનો ૧૯૨૨નો નિબંધ 'રા.બરી ઓફ સોઈલ' (બાંગલા શીર્ષક ભોળાભાઈ પટેલ જાણે) વાંચતાં સમજાય છે.

ધરતીમાતા કને એનાં સઘળાં બાળુડાંની સહજ જરૂરત સારુ પૂરતું છે - પણ સત્તા ને સંપત્તિના લોભે ચાલતી લૂટ તે ક્યાં સુધી વેંઢારી શકવાની હતી, એમણે પૂછ્યું છે. વનશ્રી અને વનસ્પતિ તેમ વનચરોની આખી એક અપરૂપ સૃષ્ટિનો મહિમા કરતે કરતે એ જાણે કે ૨૦૧૨ની પર્યાવરણચિંતા પર આંગળી મૂકી છે કે કુદરતમાંથી આ બધું જૈવિક વૈવિધ્ય નષ્ટ થશે તો સમાજ અને દેશના સ્તરે પણ વૈવિધ્ય ક્યાંથી જળવાવાનું છે. જળજમીનજંગલનું સરિયામ શોષણ (અને કોર્પોરેટ સાંઠગાંઠ સાથે એમાં રાચતું આધુનિક શાસન) એમના આ

ધર્મનિરપેક્ષતા

• વિમલા ઠકાર

પ્રશ્ન : સેક્યુલારિઝમ શબ્દથી ક્યા મૂલ્યોનું સૂચન થાય છે? જીવનની અધ્યાત્મદૃષ્ટિ અને ધર્મનિરપેક્ષતાનું સહઅસ્તિત્વ શક્ય છે ખરું? ધર્મનિરપેક્ષતા આપણા રાષ્ટ્રનો પાયો બની શકે?

ઉત્તર: જો પ્રશ્ન પ્રતિક્રિયામુક્ત હોત તો એટલું જ પૂછવામાં આવત કે 'ધર્મનિરપેક્ષતા'નો અર્થ શો છે? તેનાથી ક્યા મૂલ્યોનું સૂચન થાય છે? ચિત્તની પ્રતિક્રિયાઓ જિજ્ઞાસા સાથે મળી જાય છે ત્યારે ચિત્ર ધૂંધળું બની જાય છે, તેથી પ્રશ્નનો મૂળ આશય નબળો પડી જાય છે. જિજ્ઞાસાને શુદ્ધ રાખવા માટે તેને પ્રતિક્રિયામુક્ત રાખવી ખૂબ જરૂરી છે. પ્રતિક્રિયા અને જિજ્ઞાસા ગુણાત્મક રીતે અલગ છે. પ્રતિક્રિયા થવી સ્વાભાવિક છે, પરંતુ પ્રતિક્રિયાના આધાર પર જિજ્ઞાસાનું સમાધાન થઈ શક્તું નથી આ શબ્દનો પ્રયોગ કોણ, કેવી રીતે કરે છે તેની સાથે આપણને શું સંબંધ? આપણે તો ધર્મનિરપેક્ષતા શબ્દનો અર્થ જાણવો છે. તેનાં મૂલ્યો શું છે? તે જિજ્ઞાસાનું શુદ્ધ સ્વરૂપ રહેશે. જિજ્ઞાસા બહુ પવિત્ર વસ્તુ છે, પરંતુ તેમાં જ્યારે પ્રતિક્રિયા ભળી જાય છે ત્યારે તે જિજ્ઞાસાને મલિન કરે છે. જિજ્ઞાસા પ્રતિક્રિયાઓના સંતોષ યા નિવારણ માટે નથી હોતી. તે દ્વારા પ્રતિક્રિયા સહજ રીતે શાંત થઈ જાય તો બહુ સારી વાત છે, પણ એવું થતું નથી. તેથી અધ્યાત્મસાધક માટે જિજ્ઞાસામાં પ્રતિક્રિયાનું મિશ્રણ ખતરનાક છે. અકારણ તે અંતરાય લાવશે.

હવે આપણે પ્રશ્નને જોઈએ. મારો તો રાજનૈતિક - આર્થિક - સામાજિક કે ધાર્મિક કોઈ સંપ્રદાય નથી. હું તો જીવનના પ્રેમમાં છું. જીવન જીવવાના કાર્યમાં પૂરી સમર્પિત છું; જે જીવનકર્મ ચારેબાજુના સંબંધો સાથે જોડાયેલું છે.

સેક્યુલારિઝમ રાજ્યશાસ્ત્રનો શબ્દ છે. પ્રશાસનનું માળખું કેવું હોય ? સરકાર રાજ્યસંસ્થાને ચલાવે છે. મતદાતાઓ સરકાર બનાવે છે. લોકસભા-વિધાનસભામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં જે પક્ષની બહુમતિ હોય તે પક્ષના સર્વમાન્ય કે અધિકમાન્ય વ્યક્તિને નેતા બનાવીને સરકારની રચના થાય છે. રાજ્યસંસ્થા અને સરકાર અથવા પ્રશાસનતંત્રનું અંતર ધ્યાનમાં રાખવું જોઈએ. સરકાર જ રાજ્ય નથી, રાજ્ય સરકારમાં સીમિત નથી. આપણે પશ્ચિમના દેશોની પ્રશાસનિક પદ્ધતિઓ અને રાજ્યશાસ્ત્ર અપનાવેલ છે. તેઓની લોકતંત્રની જે સંકલ્પના તથા આપણા પ્રાચીન ઇતિહાસમાં ગણરાજ્યની જે સંકલ્પના હતી તેમાં મૂળભૂત ભેદ છે. આજે તેમાં ઉતરવું જરૂરી નથી.

સેક્યુલારિઝમનો અર્થ એ છે કે રાજ્યસંસ્થા ધર્મનિરપેક્ષ રહે. કેટલાક દેશોએ રાજ્યસંસ્થા અને પ્રશાસનતંત્રમાં ધર્મનિરપેક્ષતાનો સ્વીકાર નથી કર્યો. તે સાંપ્રદાયિક રાજ્યો છે. તેમાં રાજ્યસંસ્થા કોઈ વિશિષ્ટ ધર્મ-સંપ્રદાયનો સ્વીકાર કરે છે અને પરંપરાગત નિયમ-કાનૂનને રાજ્યની નીતિઓમાં અને પ્રશાસનમાં સર્વોપરી માન્યતા આપવામાં આવે છે. નેપાળ આજ સુધી હિન્દુ રાજ્ય હતું. પાકિસ્તાન તથા આરબ દેશોમાં ઈસ્લામી રાજ્ય છે. રાજ્ય અને રાષ્ટ્ર અલગ ચીજ છે. હવે એ વિચારવાનો સમય આવી ગયો છે કે ભારત એક રાષ્ટ્ર રહેશે કે અલગ-અલગ રાજ્યનો સમૂહ રહેશે? ભારતીય રાજ્યસંસ્થા નિરપેક્ષતાને અપનાવે છે કે પછી દરેક રાજ્ય પોતાને અભિષ્ટ સાંપ્રદાયિક ધર્મ અનુસાર ચાલશે? આ અંગે રાષ્ટ્રીય સ્તરે, વિશ્વવિદ્યાલયોમાં તથા સાર્વજનિક સંસ્થા-સંગઠનો દ્વારા પરિસંવાદ-ચર્ચા-ગોષ્ઠિઓનું આયોજન થવું જોઈએ. જે કોઈ વિશિષ્ટ ધર્મ-સંપ્રદાય યા રાજનૈતિક દળમાં બંધાયેલા નથી એવા સ્વતંત્ર બુદ્ધિશીલ વિચારકો - મનીષીઓ તથા યુવકોએ મળીને વસ્તુગત (objective) ચર્ચા કરવી જોઈએ. તેમાંથી એક જનમત તૈયાર થશે. કોઈના પર કોઈ ચીજ લાદી શકાતી નથી. છેલ્લાં કેટલાક વર્ષોથી જે ચીજો લાદવાની કોશિશ થઈ છે તેની સામે જનતા અવાજ ઉઠાવવા લાગી છે તે સૌભાગ્યની બાબત છે. ભારત હવે રાજનૈતિક પરિપક્વતા તરફ ગતિ કરી રહ્યું છે. જનતાની પ્રતિક્રિયાઓમાં જે ક્રોધ, કટુતા, અસંતોષ પ્રગટ થઈ રહ્યા છે તે બતાવે છે કે તેના પર ઘણું બધું થોપવામાં આવ્યું છે.

રાજ્ય ધર્મનિરપેક્ષ હોય તેનો અર્થ એ છે કે રાજ્યવ્યવસ્થા કોઈ ધર્મ-સંપ્રદાય પ્રતિ પક્ષપાત કરશે નહીં. આપણા દેશમાં આ ધર્મનિરપેક્ષતાની વાત શા માટે વિચારવામાં આવી? જ્યારે આ દેશનું બંધારણ ઘડાઈ રહ્યું હતું ત્યારે કાકા કાલેલકર, દાદા ધર્માધિકારી, શંકરરાવ દેવ, અમારા પરિવારની કેટલીક વ્યક્તિઓ આ પરિષદની સભ્ય હતી. આ પરિષદમાં જે ચિંતન થઈ રહ્યું હતું તેને નજીકથી જોવાનો અને સાંભળવાનો અવસર

જન્મ : ૧૫-૦૪-૧૯૨૧ (રામનવમી) દેહવિલય : ૧૧-૦૩-૨૦૦૯

નિર્મલ જીવન દર્શન

સરિતાનો પટ પહેલાં બનાવીને પછી સરિતા પ્રવાહીત કરાતી નથી. આવા પટને નહેર canal કહી શકાય. ઝરણું પર્વત શિલાઓ ભેદે છેદે વહેતું જાય અને પટ બનાવતું જાય. ઝરણું સરિતામાં રૂપાંતરિત થાય. પણ તેનું યોજનાબદ્ધ કાલક્રમબદ્ધ Timetable હોતું નથી.

હૃદયની સહેજ પ્રેરણાને અનુસરતું જીવન સરિતાની જેમ હોય છે તેમાં વળી શુદ્ધ બુદ્ધિનો સંગાથ મળે તો હૃદયપ્રેરણા હશે તો જીવનનો રંગ ઔર ખિલે ! મહેક ન્યારો બને ! ઐશ્વર્ય વધે !

નિર્મલ-જીવને વૈશ્વીક સમગ્રતાને બાથ ભરી છે. તેનું અધ્યાત્મ સર્વ સમાવેશક છે. તેમાં વિભાગોની વ્યવસ્થા હોવા છતાં વિભાજન નથી. મોર્ચો એક જ છે અને તે આત્મલક્ષી દૃષ્ટિ અને વૃત્તિથી જીવવાનો મોર્ચો છે.

બાહર સ્પર્શે છે પરમાત્માની સત્તા. ભીતર ભીંજવે છે આત્માનો આનંદ. જીવન છે. દર્શન પણ છે. પણ તે પારિજાતક વૃક્ષના થડની આસપાસ ઝરેલાં પુષ્પોની જેમ ! બોરસલીના વૃક્ષથી ઝરનારાં પુષ્પોની જેમ ! હવામાં સુગંધ પ્રસારીને પોતે વિસર્જિત થનારું જીવન-દર્શન!

ભવિષ્યમાં પ્રગટનારા દર્શનોનો માર્ગ અવરોધનારું, સિદ્ધાન્તોની ચોરવટમાં મળેલું. પ્રતિવાદનના શીશામાં કેદ થયેલું જીવન દર્શન નહિ.

સાગરમાં વિલીન થનારી સરિતાનાં નામઠામ ધોવાઈ જાય છે તેમ વિમલ દર્શન હશે કદાચ !

(અનુસંધાન પાનાં 22 પરથી)

૧૯૨૨ના શકવર્તી નિબંધના ઉજાસમાં સાફ દેખાઈ આવે છે ... કેમ જાણે, વંદના શિવા કે એવું કોઈ અભ્યાસી ઝુંબેશકાર કવિના ગદ્ય રૂપે પ્રગટ થવા ન કરતું હોય!

વીસમી સદીની બે વિશ્વ પ્રતિભાઓ, ગાંધી અને ટાગોર, એકવીસમી સદીમાં કેમ વધુ પ્રસ્તુત લાગે છે, સમજાયું?

'અજાણ્યા'ની ઓળખ :

૧૯૨૨નો એમનો અદ્ભૂત નિબંધ 'રાબરી ઓફ સોઈલ' તો શાસન અને કોર્પોરેટ સાઠગાંઠથી લૂંટાતી ધરતી સામેની જદ્દોજહદનો ઢંઢેરો છે.

(સૌજન્ય : "દિવ્ય ભાસ્કર", 07.05.2012)

e.mail : prakash.nirikshak@gmail.com

મળેલો. ત્યારે વિચારવામાં આવેલું કે આ દેશમાં હજારો વર્ષોથી અનેક ધર્મ-સંપ્રદાયોના, અનેક સંસ્કૃતિઓના, અનેક વંશોના, અનેક ભાષાઓના લોકો એક સાથે રહ્યા છે. અહીં બધાનું સહઅસ્તિત્વ-સહજીવન રહ્યું છે. એવા બહુભાષી, બહુજાતીય, બહુસાંપ્રદાયિક, બહુસાંસ્કૃતિક દેશમાં લોકતાંત્રિક વ્યવસ્થાવાળું શાસન કઈ રીતે ચાલશે? એ પ્રશ્ન હતો. એટલા માટે વિચારવામાં આવ્યું કે બધાં પ્રત્યે સમાન આદરભાવ રાખવાવાળી શાસનવ્યવસ્થા રહેશે. જનતામાં વ્યક્તિ જે ધર્મ-સંપ્રદાય-જાતિ-વંશ-ભાષા વગેરેની હોય તે પોતાનું જીવન તે ધારા અનુસાર પોતપોતાની વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક, ધાર્મિક જીવન જીવશે, તેઓના પોતપોતાના શ્રદ્ધાના માધ્યમો મંદિર-મસ્જિદ-ગુરુદ્વારા-ચર્ચ રહેશે. જ્યાં સુધી માનવીને આવા અલગ પ્રતીકોની જરૂર લાગશે ત્યાં સુધી તે રહેશે. જ્યારે માનવજાતિનું માનસ આ બહારના પ્રભેદો, સંગઠિત ધર્મ-સંપ્રદાયથી ઉપર ઊઠીને વિશુદ્ધ અધ્યાત્મની સાધના કરવા લાગશે ત્યારે આ અલગ સંગઠન-સંપ્રદાય-ભેદ સ્વયં અસંગત બની જશે. વિનોબાજીએ ૧૯૫૭માં કહેલું, ‘સંગઠિત ધર્મોના દિવસો ભરાઈ ચૂક્યા છે. હવે અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વયનો યુગ ક્ષિતિજ પર ડોકાઈ રહ્યો છે.’

ધર્મનિરપેક્ષતાનો અર્થ એ છે કે શાસન સંભાળનાર વ્યક્તિ સ્વયં તથા શાસનની નીતિ, રીતિ, વ્યવસ્થા, પદ્ધતિ કોઈ એક ધર્મ-સંપ્રદાય માટે પક્ષપાત રાખનારી નહીં હોય, પરંતુ બધાં પ્રતિ સમાન આદર રાખનારી હશે. કોઈ વિશિષ્ટ ધર્મ પ્રમાણે તે નહીં ચાલે. જો કે અત્યાર સુધી તેવું થયું નથી. શાસકવર્ગ તરફથી એવું આચરણ થયું નથી. જો શાસનને ધર્મનિરપેક્ષ બનાવવાનું વિચારેલ છે તો બંધારણમાં અલગ અલગ ધર્મો માટે અલગ નીતિઓ રહેવી જોઈએ નહીં. જો શાસનને ધર્મનિરપેક્ષ બનાવવું હોય તો તેનું પ્રતિબિંબ કાનૂનમાં ઊઠવું જોઈએ. તો યુનિફોર્મ સિવિલ કોડ બની ગયો હોત !

ભારતમાં ખરેખર ધર્મનિરપેક્ષ રાજ્યવ્યવસ્થા સ્થાપિત કરી હોત તો સાર્વજનિક આવાસો પર જાતિ-પ્રજાતિ-ધર્મ સંપ્રદાયનાં નામ જોડેલા ન હોત! મહાવિદ્યાલય-વિશ્વવિદ્યાલયોનાં નામો પણ ધર્મભેદનું સૂચન કરતાં ન હોત! દા.ત. બનારસ હિન્દુ યુનિવર્સિટી, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી. શિક્ષણક્ષેત્રમાં આવા ધર્મભેદ સૂચવતા વિશેષણ લગાડવાની જરૂર શી છે? ધર્મનિરપેક્ષતા શબ્દ ખૂબ ક્રાંતિકારી વૃત્તિ તથા જીવનપદ્ધતિ સૂચવતો શબ્દ છે. જેનો આશય એ છે કે વ્યક્તિની ધાર્મિક-સાંપ્રદાયિક-જાતિગત-વંશગત-સાંસ્કૃતિક-ક્ષેત્રગત-ભાષાગત વગેરે વિશિષ્ટતાઓ વ્યક્તિજીવનમાં ખીલતી રહે, પરંતુ કાનૂન અને શાસન વ્યવસ્થામાં આ ભેદોની કોઈ દખલ ન હોય. પણ આવું કોને જોઈએ છે? આપણે તો વધુ ને વધુ ભેદો વધારવા છે. કાયમ રાખવા છે, તેને મૂડી બનાવીને ધન અને સત્તા પ્રાપ્ત કરવાના દાવપેચ ખેલવા છે. 'જનતાની સેવા'ના નામે આપણા અંગત સ્વાર્થો માટે ધર્મ-સંસ્કૃતિ-માનવતા અને બધાં માનવીય મૂલ્યોની બાજી લગાવવામાં કોઈ સંકોચ થતો નથી. એટલા માટે સાર્વજનિક સંસ્થાઓ-મકાનો-છાત્રાલયો વગેરે પર ધર્મ-સંપ્રદાય-જાતિ-પ્રજાતિ વગેરેનાં નામ જોડવામાં આવે છે. આમ થતું હોવા છતાં આપણે કહીએ છીએ કે ભારતની રાજ્યવ્યવસ્થા ધર્મનિરપેક્ષ છે. આ તે શબ્દનો દ્રોહ છે. રાજનીતિના નામે ધર્મ-સંપ્રદાયોનું, જાતિ-પ્રજાતિઓનું શોષણ થયું છે.

ધર્મનિરપેક્ષ રાજ્યવ્યવસ્થામાં શિક્ષણ અને સાર્વજનિક સંસ્થાઓને સાંપ્રદાયિક તથા જાતિ વગેરે ભેદભાવથી મુક્ત કરવાની જવાબદારી શાસનની છે, પરંતુ તે નથી કર્યું. બલ્કે રાજનીતિના નામે નાની નાની અસ્મિતાઓને ભડકાવી છે. રાજનીતિએ દ્રોહ કર્યો છે; શાસકવર્ગે, સત્તારૂઢ તથા સત્તાલોલુપ રાજકીય પક્ષોએ-પક્ષના પ્રતિનિધિઓએ ધર્મનિરપેક્ષતા પ્રતિ દ્રોહ કર્યો છે. તેઓએ ક્ષુદ્ર અસ્મિતાઓ, બહુસંખ્યક, અલ્પસંખ્યકની ચેતના જગાડીને દ્રોહ કર્યો છે.

સંખ્યાની ચેતના જગાડવી અને તેને માટે ધાર્મિક-વંશીય-ક્ષેત્રિય-ભાષાગત અલગ અસ્મિતાઓ જગાડવી અને પછી તેનો રાજનીતિમાં ઉપયોગ કરવો એ પશ્ચિમના દિમાગની ઉપજ છે, જે આપણે અપનાવેલ છે. દુનિયાભરમાં આ રીતે શોષણ થાય છે. ભારતમાં આવા ભેદો સર્વાધિક હોવાને કારણે સર્વાધિક શોષણ પણ થયું છે.

ભારતરાષ્ટ્ર તો અસંખ્ય સંસ્કૃતિઓનું સંગમસ્થાન છે. બધાં અહીં રહેતા આવ્યા છે, રહેવાના છે. તેઓના સહજીવન માટે રાજ્યવ્યવસ્થા ધર્મનિરપેક્ષ રહે તે જરૂરી હતું, પરંતુ તેનું પાલન કોઈ રાજકીય પક્ષોએ કર્યું નથી. રાષ્ટ્રના મુખ્ય પદાધિકારીઓ (રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મુખ્યમંત્રી, ગવર્નર વગેરે) હોદ્દા પર હોવાને લીધે સાંપ્રદાયિક સમારંભોમાં હાજરી આપે તે ધર્મનિરપેક્ષતા માટે પ્રતિકૂળ છે. વ્યક્તિને સંબંધે આપ ક્યાંય પણ જાવ.

ધર્મનિરપેક્ષતા માનવતાનું મૂલ્ય છે. શાસન-વ્યવસ્થામાં માનવતા લાવવા માટેનો તે માર્ગ છે. શાસન અને કાનૂને વ્યક્તિનિરપેક્ષ અને ધર્મનિરપેક્ષ જ રહેવું જોઈએ. તેમ જો ન હોય તો ત્યાં કાનૂન નથી અને શાસન પણ નથી. પ્રશ્નકર્તાએ પૂછ્યું છે કે આધ્યાત્મિક દૃષ્ટિ અને ધર્મનિરપેક્ષતાનું સહઅસ્તિત્વ શક્ય છે? તે વિશે કહેવું છે કે શા માટે સાથે ન રહી શકે? આપ સારામાં સારા હિન્દુ અને મુસ્લિમ વગેરે રહી શકો છો. હું મારી જાતને વૈદિક કહું છું. વૈદિક દર્શનોમાં મારી શ્રદ્ધા છે. તે દર્શનોમાં વિશ્વની સમસ્યાઓનું નિરાકરણ કરવાની શક્તિ છે. તમને જે ધર્મસિદ્ધાંત યા સાંપ્રદાયિક દર્શનમાં શ્રદ્ધા હોય તેને વ્યક્તિગત જીવનમાં અપનાવો, પરંતુ જ્યારે તમે ઘરની બહાર નીકળો અને ભારતના નાગરિકના નાતે વ્યવહાર કરો છો ત્યારે તે રાષ્ટ્રીય ચેતના અને રાષ્ટ્રના એક ઘટક તરીકે, એક નાગરિકના સ્તરે તે વ્યવહાર થવો જોઈએ. પોતાના ઘરમાં, મઠ-મંદિર, મસ્જિદમાં આપ હિન્દુ યા મુસ્લિમ હશો, પરંતુ બહાર આવતાં જ તમે ભારતીય હશો અને દેશની બહાર જાઓ છો ત્યારે ફક્ત માનવી, વિશુદ્ધ માનવ હશો. કોઈ સરકારી ઓફિસમાં કે કાર્યાલયમાં બેઠા છો ત્યારે તમે હિન્દુ-મુસલમાન-ખ્રિસ્તી નહીં રહો, રાષ્ટ્રના નાગરિક હશો, ભારતીય માનવ હશો. ત્યાં તમે માનવને નાતે બેસશો. માનવીય મૂલ્યોની વાત તમે કરશો. એટલે ધાર્મિક શ્રદ્ધા અથવા ધર્મનિરપેક્ષતાનો માનવતા, રાષ્ટ્રીયતા સાથે કે આધ્યાત્મિક દૃષ્ટિએ કોઈ વિરોધ નથી.

(સદ્‌ભાવ : “બિરાદર”, 15 એપ્રિલ 2012)

– ગુફ્તગૂ

ગુજરાતી હોવું એટલે … …

• પાર્થ નાણાવટી

ગુજરાતી જન્મે પણ હોઈ શકાય ને કર્મથી પણ હોઈ શકાય. ગુજરાતની ભૌગોલિક સીમાની અંદર અને બહાર રહેતા, ગુજરાતી બોલતા, ખાતા, પીતા, લખતા, વાંચતા કે જીવતા લોકોનો, ધકધક કરતો, મસમોટો સમુદાય ,એટલે ગુજરાત …

ગુજરાત અમેરિકામાં પણ છે અને આફ્રિકામાં પણ, ગુજરાત કોરિયામાં હોય ને ઓસ્ટ્રેલિયામાં પણ … ખોરાક ને ભાષા … બે મૂળભૂત બાબતો માનવીનું કોઈ પ્રદેશ સાથે સંકળાવું નક્કી કરે છે … ગુજરાત સ્થાપના દિવસે, ગુજરાતી હોવા પરના થોડા મારા વિચારો …

ગુજરાત એ મારા માટે કોઈ પ્રદેશ નથી … ગુજરાત એ મારા માટે એક મનોદશા છે … સ્ટેટસ ઓફ માઈન્ડ …. ભાષા ગર્ભનાળમાંથી જન્મતી હોય છે, કદાચ ખોરાકમાંથી, પાણીમાંથી … ગુજરાતી એ મારા માટે માતૃભાષાથી વધીને સ્વ-ભાષા બની ગઈ છે … વિચારવાની ભાષા, વ્યક્ત થવાની ભાષા … રડવાનીની ભાષા કે ઝઘડવાની ભાષા …

વેપાર કરવો, પૈસા કમાવવા, પરદેશ જવું, દાંડિયા રમવા, ખમણ ઢોકળાં ને ગાંઠિયા જલેબીની મહેફિલો કરવી … આ ગુજરાતીઓની ખાસિયતોની પેલે પાર ગુજરાતીઓની એક બીજી પણ ઓળખ છે … વિજ્ઞાન, કળા, સાહિત્ય, રાજનીતિ, સિનેમા. આવા અનેક ક્ષેત્રોમાં પણ ગુજરાતીઓ છવાયેલા રહ્યા છે … અમેરિકામાં ત્રીજી પેઢીનાં ગુજરાતી બાળકો, કદાચ ગુજરાતી બોલી શકતા નથી, પણ એ ગુજરાતી મનોદશા જીનેટિક હોવાના કારણે એમને હજી પણ મૂર્ખ બનાવવા અઘરા છે …

ખાનદાની, ખુદ્દારી, ખુમારી ... ગુજરાતીની ઓળખ છે. પારસીઓથી માંડીને મદ્રાસીઓ સુધીનાંઓને ગુજરાતે સમાવ્યા છે ને ગુજરાત પોતે આના કરતાં અનેક ગણું વધારે ફેલાયું છે ... વિક્રમ સારાભાઈ, પ્રણવ મિસ્ત્રી, પરેશ રાવલ, સરદાર પટેલ ને ગાંધી, મલ્લિકા, કેતન મહેતા, સંજય છેલ, ને આવા હજારો નામ ફેંકાય છે ક્ષિતિજ પર ...

નરસિંહ મહેતાથી લઈને મનોજ ખંડેરિયા ... અંબાણી, કે અદાણી નીરમા કે કેડીલા, હીરા ને શેર બજાર, ઉતરાણ ને નવરાત્રી, ગિરનાર ને સોમનાથ ... કયું એવું ક્ષેત્ર કે તહેવાર કે કુદરતી સૌન્દર્ય કે ઉદ્યોગ છે જે ગુજરાત પાસે નથી ... કયો એવો દેશ બાકી છે જ્યાં ગુજરાતી જઈને વસ્યો નથી ... અને એટલે જ ગુજરાત મારા માટે સ્ટેટસ ઓફ માઈન્ડ છે ... ૨૦૧૨નો ગુજરાતી .... વ્યક્તિ પૂજામાંથી બહાર આવે, થોડો વધારે ફોકસ્ડ બને.. થોડો વધારે ગ્લોબલ થાય ... જૂની પરમ્પરા સાથે ઉમેરાય નવી વિચારધારા ... પર્યાવરણ પ્રત્યે સભાન થાય, થોડો આધુનિક બને એવી છૂપી ખ્વાહિશ ...

ગુજરાતી હોવું એટલે સવાયા ભારતીય હોવું, અમેરિકા, આફ્રિકા કે ઓસ્ટ્રેલિયાની નાગરિકતા ભલેને કાગળ પર હોય, પણ જબાન પર 'આપણા મલકના માયાળુ માનવી' ને આંખોમાં 'કસુંબીનો રંગ' ભરી અમે દેશ દેશાવરમાં વસ્યા છીએ. ગુજરાતીમાં અઢળક લખ્યું છે, ભજવ્યું છે, વાંચ્યું છે ... વહેંચ્યું છે.

રાજ્યની ભૌગોલિક સીમાની બહાર કદાચ સંજોગો કે નિયતિને કારણે વસતા હઈશું, પણ તોફાનોની ચિંતા અમને પણ સતાવે છે, ઉત્તરાયણના દિવસે અમારા ભૂરા આકાશ તરફ નજર કરી અમે પણ અમને પણ કોઈક અગાસી કે ધાબા પર હોકારા પડકાર કરતા તમારી વચ્ચે કલ્પી લઈએ છીએ. અમે હજી પણ યુ-ટ્યુબ પર ગુજરાતી ડાયરો કે નાટક કે પુરુષોત્તમ ઉપાધ્યાયની સર્ચ કરીને અમારી સાંજોને તમારી સાંજોની નજીક લાવવાનો પ્રયાસ કરી લઈએ છીએ..

વતનમાં ન થયેલા વરસાદની સાથે કોઈ લેવા દેવા ન હોવા છતાં, અમે એ તિરાડ પડેલી જમીનની વેદના છૂટી છવાઈ અનુભવી લઈએ છીએ ... અમારી ખિદમતમાં મેળાને, સાતમ આઠમના વેકેશન નથી, પણ રાખડીની સાથે આવેલો કાગળ અમને, એક કાચી ક્ષણ માટે પણ, એ ઉત્સવભર્યા માહોલ સાથે જોડી દે છે ...

પ્રસંગોપાત ગુજરાતની સરજમીન પર જ્યારે આ પામર કદમો પડે છે ત્યારે .. એક રોમાંચ ચિત્તને હલબલાવી મુકે છે. અમે અમારાં બાળકોને ખોડિયાર માતાની દેરી, કે બાધા કે બાબરી કે ગોરોના વ્રત વિષે, જેટલું બને એટલું જ્ઞાન આપવાનો પ્રયત્ન જરૂર કરીએ છીએ ....

ગુજરાતી હોવું એ, તમારી જેમ, અમારી માટે પણ ગૌરવની બાબત હતી અને છે ... રહેશે ... ભાષા અને જમીનનો સંબંધ છે આપણો ... અમારી સાથે અમે લઈ ગયા'તા એ નાનકડા ગુજરાતના હિસ્સાઓમાં ... ને એની અબરખી યાદોમાં તમે પણ હતા ... ગુજરાત સ્થાપના દિન મુબારક હો ....

e.mail : parthbn@gmail.com

(સૌજન્ય : 'સૂર સંવાદ' નામે ગુજરાતી રેડિયો, ઓસ્ટ્રેલિયા, 29 એપ્રિલ 2012)

(૨)

'... દરેકને એના ભાવે સાહેબ મળે !'

• મેહુલ મકવાણા

વાંચવા જેવી ચોપડીઓ ઘરમાં ખાસ કંઈ રહેતી નહિ, પણ વાંચવાનું ગમતું એમ કહી શકાય ખરું. ઘરમાં "સ્વમાન"ના બે-ચાર અંક હતા જૂના એવું હજુયે યાદ છે. એ સિવાય કોઈક મહેતાની એક-બે નોવેલ હતી. ખબર નહિ કેમ, પણ એ હતી ખરી. એમાં અમુક સેક્સી વર્ણનો મને ગમેલા ને બેચાર વખત વાંચેલા. એ સિવાય અમારે મન ચોપડી એટલે જે ધોરણમાં ભણતા હોઈએ તેની ચોપડી એ એક જ અર્થ રહેતો. બુક અને ભૂખ વચ્ચે આ લખવામાં બેસે છે, એવો પ્રાસ કદી ન બેસતો. ગુજરાતી અને હિન્દીની ચોપડીઓ હું મારા પછીના ધોરણની પણ વાંચી નાખતો. સરકારી પ્રાથમિક પત્યું ત્યાં સુધીમાં કશુંયએ મેં વાંચ્યું હતું એવું કેમે ય યાદ નથી આવતું. પછી મોટી નિશાળમાં (જે સ્વભાવે તો સરકારી જ હતી) ગયો. ત્યાં પુસ્તકાલય તો હતું, પણ પુસ્તકપ્રેમ નહોતો. 'આપણે ભરવાડ, પટેલ કે ઠાકોર નથી, તે આપણાથી લાયબ્રેરીમાં જવાય કે નહિ'. એવો મુંઝારો પણ ખરો. ચોખ્ખી ના નહોતી, અને સીધી હા પણ નહોતી. લગભગ દસમાંમાં આવ્યો, ત્યારે એના કમાડ ઉઘડ્યા હશે, એમ ધારું છુ. એના સંચાલક અમારા આચાર્યશ્રીનાં ધર્મપત્ની એટલે એમની પાછી એક અલગ ધાક. ૮ કબાટ હતા પણ એ કાયમ વાસેલા જ દેખાતા. બે'ન ન હોય એવું હજારો વખત બનતું, અને જો હોય તો જાણે સમગ્ર કબાટનું જ્ઞાન એ ભેગું કરીને બેઠાં હોય, એમ વિદ્યાર્થીઓ માટે પુસ્તક પસંદગીનું ભગીરથ કાર્ય એ જ કરતાં. પુસ્તક પસંદ કરીને આપવાની એમની કળા બહુ જ સરળ રહેતી. તમે જે સમયે ગયા હો, એ સમયે એમની પાસે જમા થયેલાં જે પુસ્તકો ટેબલ પર પડ્યાં હોય એ પૈકી કોઈપણ એ તમને આપે. ખરી સમસ્યા ત્યારે થતી જયારે મારા પપ્પાએ મને કહ્યું હોય કે ફલાણી ચોપડી લાવજે વાંચવા અને હું બાય ફોર્સ ઢીકણી કે પૂંછડી ચોપડી લઈ આવું. હશે ! આમ છતાં 'સૌરાષ્ટ્રની રસધાર' જેવું સારું ને બીજી અમુક તમુક બકવાસ પણ વંચાયું.

બારમું પતાવીને કોલેજ આવ્યો ત્યાં સુધી મારી સ્કૂલ સિવાય કોઈ પુસ્તકાલય મેં જોયું નહોતું. જો એ ઘરે હોય તો એમ.જે. અને વિદ્યાપીઠનાં પુસ્તકાલયો બહુ મોટાં છે, એવું મારા પપ્પા કહેતા. મને જોઈતો એ વળાંક મને કોલેજમાં મળ્યો. મારી કોલેજના સંજય ભાવે સાહેબે બીજા અનેકની જેમ મને પણ સમજણપૂર્વક વાંચતો કર્યો. સમજણપૂર્વક એટલા માટે લખ્યું કે શું વાંચવું, એની સમજણ ત્યાં સુધી નહોતી જ નહોતી. મારા ઘરે આવનારું પહેલું મેગેઝિન "નયામાર્ગ" હતું, જેનું વાર્ષિક લવાજમ ભાવે સાહેબે ભેટ તરીકે ભર્યું હતું. નાટક, નાનાં-મોટાં સામાજિક કાર્યો, નર્મદ-મેઘાણી લાયબ્રેરીની દોસ્તી અને અનેક મિત્રોને લીધે બુક નામનું ગાડું એ કાળમાં દોડ્યું, જબરદસ્ત. નારોલ ચોકડીથી આગળની દુનિયાનો પરિચય મળવાની શરૂઆત થઈ. કોલેજ અને પછી વિદ્યાપીઠના અધૂરા એમ.એ. દરમ્યાનના પાંચ વર્ષમાં મેં ઘણું વાંચ્યું. મહેન્દ્રભાઈ(મેઘાણી)એ વાંચી સંભળાવ્યું હોય એ તો જાણે વર્ણવી ન શકાય એવો લ્હાવો. વાંચવાનું સાલું ટફ, પણ એટલું જ પડ્યું. હું મૂળે ઈમોશનલ માણસ, એટલે મને વાંચતા વાંચતા લાગી બૌ આવે. જોસેફ મેકવાન, સ્વામી આનંદ અને વેન ગોધ મેં ૨૨ નંબરની બસમાં રોતા રોતા વાંચ્યાં .. વિન્સેન્ટ તો જાણે કે ૬ મહિના સાથે રહ્યો. બોરીનાઝ આવતાં આવતાં તો એવો પતી ગયેલો કે એક પાનું વાંચું ને મૂકી દઉં. ગોર્કીની ધ મધર અને દુખિયારા વખતે પણ એ જ હાલ લગભગ. ટૂંકમાં, ભાવે સાહેબે આપેલો બુક્સનો બુકે દિવસે દિવસે વધુ ને વધુ મઘમઘવા માંડ્યો. આજે હું કંઈ સોલીડ વાચક કે મોટો પુસ્તકપ્રેમી નથી, પણ જે થોડું ઘણું વંચાયું અને એના લીધે કોઈ વિશેષ નાગાઈ કર્યા વગર આ એક જિંદગી જીવી જવાય, એટલું સત્વ આવ્યું, તે સંજય શ્રીપાદ ભાવે, નાટક અને મારા દોસ્તો થકી.

આ લખતાં લખતાં અગાઉ હજારો વખત આવી ચુક્યો છે એવો વિચાર ફરી આવ્યો. બારમું ધોરણ પતાવ્યા પછી કામ ફુલ્લ ટાઈમ અને કોલેજ પાર્ટ ટાઈમ રાખી હોત, તો હું આજે શું હોત ? ધીરેન મને નાટકમાં ન લઈ ગયો હોત, તો હું આજે શું હોત ? બીજી કોઈક કોલેજમાં હોત, તો હું આજે શું હોત ? અને સંજય ભાવે ન હોત, તો આજે હું શું હોત ? શું વાંચતો હોત ?

ભૂખ અને બુકનો પ્રાસમાં મેળવી આપી, આ સુખ કરી આપવા બદલ ભાવે સાહેબને થેંક યુ તો ના જ કહેવાયને ! કહો તો સાહેબ મારે નહિ, પણ વહાલની અભિવ્યક્તિમાં ગાળ તો ભાંડે જ, અલબત્ત.

કોઈ ઈશ્વરીય પ્રાર્થના નહિ કરવાનો નિયમ હાલ પૂરતો હડસેલી, વિશ્વ પુસ્તક દિને એક જ પ્રાથના કે દરેકને એના ભાવે સાહેબ મળે !

(સૌજન્ય : મેહુલ મકવાણાના 'ફેઈસબુક' પરેથી, 23 એપ્રિલ 2012)

એતાનશ્રી –

ઘેરાવને વિખેરી આગળ વધીએ

• એપ્રિલ 2012નો અદ્દભુત અંક વાંચવાની ખૂબ મજા પડી. ધન્યવાદ.

એક પશ્ચાતવિચાર [after thoughts!] આવ્યો હતો. જોઝફ લિલિવેલ્ડના પુસ્તક અને ખાસ તો ગાંધી-કટાક્ષો પર પાનાં ભરી ભરીને બચાવ અને વિશ્લેષણ લખી અને વાંચીને આપણે શું જતાવીએ છીએ ? લિલિવેલ્ડને

ગાંધી કે બીજા કોઈ પણ વિશે સ્વતંત્રતાથી લખવાની સગવડ છે તેમ આપણને આપણા સ્વતંત્ર વિચારો અને અભિપ્રાયો રાખવાની સગવડ છે. લેખકના જણાવ્યા પ્રમાણે લિલિવેલ્ડે તેમના એક પણ પત્રનો પ્રત્યુત્તર આપ્યો નથી, કારણ પાશ્ચાત્ય સ્વતંત્રતાના આ અભિગમ પ્રમાણે તેઓ કાર્યરત લાગે છે. આપણે પણ હવે લિલિવેલ્ડના ઘરની બહાર જમાવેલા આ ઘેરાવને વિખેરી આગળ વધીએ તો કેમ ?

- ચેતન શાહ

e.mail : chetan.gshah@gmail.com

2012ની સાલ સાહિત્યકારો માટે સારી નથી

• "ઓપિનિયન"નો એપ્રિલ અંક જોઈવાંચી ગયો. રાજી થયો. પ્રકાશન ક્ષેત્રે તમે "ગુજરાત સમાચાર" લંડનની સેવાની નોંધ લીધી છે અને "ગુજરાત સમાચારે" પણ તમારી પ્રકાશન ક્ષેત્રે કરેલી સેવાઓની નોંધ લીધી છે. આવા સરવૈયાથી સમાજને પ્રકાશકોનો પરિચય થાય છે. ધન્યવાદ.

આ અંકમાં કિશોર દેસાઈ છવાયેલા જોવા મળે છે. સુરેશ દલાલનું "ગુર્જરી" પ્રત્યેનું વલણ અને વર્તન અસહ્ય દેખાયું. સુરેશભાઈને મોટા ગજાના સાહિત્યકારનો સ્ટેમ્પ લાગ્યા પછી, તેઓએ કિશોરભાઈ દેસાઈના "ગુર્જરી"ને ફરફરિયું કહ્યું એ તેમને માટે શરમજનક છે. તેમને મોંએથી આવા ઉદ્ગારો નીકળે તે તેમને શોભે તેમ નથી. "ગુર્જરી"એ કાંઠું કાઢ્યું છે એમ તેનું કામ બોલે છે. જેમની પાસે એ સાંભળવા કાન જ ન હોય તો ભલા બીજા શું કરે ? પૂછો અમેરિકા વસતા ગુજરાતીઓ અને કલમવીરોને કે "ગુર્જરી"એ અમેરિકામાં ગુજરાતી ભાષાને જીવંત રાખવા કશું કર્યું છે કે નહીં ? (હંસાબહેન તેમ જ પરિવારને ધન્યવાદ હજો.)

ગુજરાતમાં વસતા સાહિત્યકારોને પરદેશમાં સાહિત્ય ક્ષેત્રે જે કામ થાય છે તે જોવા તેમની આંખોએ 'થ્રી ડી'[3D]નાં ચશ્માં અથવા બિલોરી કાચનાં ચશ્માં ચઢાવવાની જરૂર છે.

આ જુઓને, આજકાલ "નિરીક્ષક"માં ગુણવંત શાહનાં ગુણગાન સંભળાઈ રહ્યાં છે. લાગે છે તો એવું કે 2012ની સાલ સાહિત્યકારો માટે સારી નથી. હોળી પછી, સાહિત્યકારો એક બીજા પર રંગોની પિચકારીઓ મારતાં જોવા મળે છે. તમાશો જોનારાઓ માટે આ વર્ષ ઉત્તમ નીવડે તો નવાઈ નહીં !

- રમણભાઈ ડી. પટેલ

e.mail : ramanlal_d_patel@hotmail.co.uk

એક જ કૉલમ જો બને તો વાચકો સરળતાથી સ્ક્રોલ કરી વાંચી શકે

• "ઓપિનિયન" નિયમિત વાંચું છું. નમૂનેદાર લેખો વાંચ્યાં વિના રહેવાય પણ કેમ !

પ્રિન્ટ થતાં મેગેઝિનોમાં બે કૉલમ સાહજિક છે. આપણાં આ ઈ–મેગેઝિનમાં આ રીત હોવી જરૂરી નથી. વળી, બે કૉલમ હોવાથી વાંચતી વખતે એક સરખું સ્ક્રોલ કરી શકાતું નથી; લેખની કન્ટીન્યુઈટી માટે સ્ક્રોલ કરી ચડ–ઊતર કરવી પડે છે. જો એક જ કૉલમ રાખવી શક્ય બને તો વાચકો વાંચતા જાય અને સ્ક્રોલ કરી નીચે ઊતરતા જાય. વિચારજો.

કુશળ હશો.

- રમેશ બાપાલાલ શાહ

e.mail : shahrameshb@gmail.com

આનંદ + અભિનંદન + આભાર

• "ઓપિનિયન"નો એપ્રિલ ૨૦૧૨નો અંક મોકલવા બદલ આભાર તેમ જ અભિનંદન. "ગુર્જરી ડાઈજેસ્ટ" વિશેના લેખો, કિશોરભાઈ દેસાઈના લેખો તેમ જ અન્ય કૃતિઓ, સમાચાર સમૃદ્ધ તેમ જ સુંદર. અભિનંદન. આ રીતે "ઓપિનિયન" નિયમિત મોકલવા બદલ આભાર. લેખક તેમ જ વાંચક તરીકે ઘણાં વર્ષોથી "ઓપિનિયન" સાથે જોડાયેલો છું એનો આનંદ ને એનું ગૌરવ છે. ખૂબ જ સુંદર રચનાત્મક, બળૂકી કૃતિઓ પ્રસિદ્ધ કરવા માટે અભિનંદન.

- દુર્ગેશ ઓઝા

ઈ-મેઈલ -durgeshoza@yahoo.co.in

અબ્દુલભાઈ અબ્બાસીની કોઈ સગડ કાઢી આપે કે ?

• મને ભારે આનંદ થયો, હકીકતે તો મોટું આશ્ચર્ય થયું કે તમે મારું સૂચન સ્વીકારીને 'કવ્વાલી'ના ઢાળમાં ગવાયેલું 'વૈષ્ણવ જન તો …' "ઓપિનિયન"ના સૌ વાચકોને વહેંચી આપ્યું. મારી ટૂંકી નોંધને ય તમે સમાવી લીધી તેથી પણ હું આભારી છું. આ પદને સંગીતના આ પ્રકારમાં સાંભળવાને કારણે લોકોને જુદા જુદા મતમતાંતરો રહેવાના. મોટા ભાગના અભિપ્રાયો વિધેયક હશે તેની મને ખાતરી છે.

આ તબક્કે મને મારા જિગરજાન બાળમિત્ર સાંભરી આવે છે. તેનું નામ અબ્દુલ સમદ અબ્બાસી. દેશનું કરુણ વિભાજન થયું તેને કારણે પોતાના માવતર સાથે તેમને કરાંચી રહેવા જવાનું થયું. તે પરિવાર અને અમારો પરિવાર અત્યંત નજીકના મિત્રો હતા. એક મુસ્લિમ પરિવાર હતો અને બીજો જૈન પરિવાર હતો. અબ્દુલ કરાંચીમાં જ હતો તેમ છેલ્લે મને વાવડ મળેલા. તેમનો પરિવાર તો ક્વચિત ત્યાં જ હોવાનો. મારી માન્યતા મુજબ "ઓપિનિયન"ના કેટલાક વાચકો કરાંચીમાં હોવા જોઈએ. પાકિસ્તાનમાં અન્યત્ર પણ હશે. તમારા કોઈ વાચક અમારા આ અબ્દુલ સમદ અબ્બાસીના પરિચયમાં પણ હોય; કોઈક જો મને તેમની અને તેમના કુટુંબીઓની જો ભાળ કાઢી આપે તો હું ભારે ઋણી રહું. મુંબઈના એક ઉપનગર ઘાટકોપરમાં તેઓ વિભાજન પહેલાં વસતા હતા. તે અરબી નસ્સલના છે. હું તેમની જોડે ફેર સંબંધ કેળવવા ચાહું છું. આવી જે કોઈ વિગત માહિતી હોય તે મને નીચે આપી ઈ.મૈલ આઈડી વાટે જણાવી શકાય. કરાંચી સાથે જેમને જેમને સંબંધ હોય તેવા તેવા દરેક વાચકને આ બાબત મને સહાય કરવા આથી અરજ કરું છું.

સાઠ વર્ષ જેવડા આ સમય-પટમાં છૂટા પડી ગયેલા આ બે પારિવારિક મિત્રોને "ઓપિનિયન" વાટે જો ભેગા કરી શકાય તેવી હું સહૃદય પ્રાર્થના કરું છું.

- રજનીકાન્ત જે. મહેતા

e.mail : rajnilamehta@gmail.com

અનુસંધાને મથાળાની અને પાન ક્રમાંકની વિગત મૂકવી જોઈએ

• મારો લેખ આમેજ કરવા બદલ આભારી છું. મારી એક ટિપ્પણી છે, જે અંગે કદાચ તમારું ધ્યાન ન પણ ગયું હોય. લેખ બીજા પાન પર અનુસંધાને જતો હોય તો તેની વિગત ન હોવાથી ખોળવાની મુશકેલી આવે છે. તેના અનુસંધાન ઉપર પાન ક્રમાંક, મથાળાની વિગત મૂકવાની પ્રથા અપનાવવા જેવી છે. હા, તેના ટાઈપ થોડા નાના હોય તો વાંધો નહીં.

- ચીમન પટેલ 'ચમન'

e.mail : chiman_patel@hotmail.com

મોહક અને વિલક્ષણ

• 'વૈષ્ણવજન તો તેને રે કહીએ …'ની આ સંગીતરચના ખરેખર મોહક તેમ જ વિલક્ષણ રહી. અને પૈસા વિનાના માણસની વિગતમાહિતીથી તાજૂબી થઈ. વળી, સાથે 'પડોસણ' ફિલ્મ પણ હતી. જોવાની મજા પડી ગઈ. માનશો ? તે ફિલ્મ બની ત્યારથી અત્યાર સુધી પચાસેક વાર તે જોઈ લીધી હશે ! કિશોરકુમાર અને મેહમૂદનું કામ અફલાતૂન છે.

- હેમન્તકુમાર જાની

e.mail : hafus@hotmail.co.uk

બાવાના બેઉ બગડ્યા

• તમારી ભલામણથી 'વૈશ્નણવજન …' કવ્વાલી 'યુટ્યુબ' ઉપર સાંભળી અને અમે સૌ નિરાશ થયા. સોરી, વિપુલભાઈ, કૈંક નવું કરવાનો પ્રયત્ન આવકાર્ય છે, પણ અહીં તે તદ્દન નબળો નીવડ્યો. રજૂઆત સાવ સામાન્ય.

આટલી અદ્ભુત રચનાને મારી મચડીને કવ્વાલીમાં ઢાળવાનો પ્રયાસ સાવ જ બાલિશ લાગ્યો. ઉચ્ચારો ખોટા અને છંદની ગરબડ. સમગ્ર ગાન દરમ્યાન કવ્વાલીનો લાક્ષણિક માહોલ જ ઊભો ના થયો. ના તો ભજન બન્યું કે ના તો સૂફી રચના બની. બાવાના બેઉ બગડ્યા.

- યોગેન ભટ્ટ

e.mail : yhbhatt@yahoo.com

એ ભજન અવર્ણનીય માણ્યું

• મને ગુજરાતીમાં લખવાનું ગમે છે. જો કે હું એક જ ઈ-ઉવાળી સાદી જોડણી વાપરું છું, જે બધા લોકો હજુ પસંદ કરતા નથી. "ઓપિનિયન" સાર્થ જોડણીમાં નીકળતું હોવા છતાં, તમને આ સાદી જોડણીમાં ખાસ વાંધો નથી એવો મારો ખ્યાલ છે. તમારું "ઓપિનિયન" મને લંડનસ્થિત મારા મિત્ર કેશવભાઈ પટેલ દ્વારા મળે છે. એ બદલ એમનો તથા તમારો પણ ખૂબ ખૂબ આભાર.

તમારો ઢગલાબંધ પણ નમ્રતાથી આભાર માનવા માટે હું આ લખું છું, અને તે 'વૈષ્ણવજન તો તેને કહીએ' એ ભજનની કવ્વાલીની લીન્ક તમે મોકલી તે બદલ. ખરેખર મેં એ ભજન અવર્ણનીય રીતે માણ્યું. તમારા મિત્ર અને ગુજરાતીના લેખક રજનીકાંત જે. મહેતાની જેમ અશ્રુભીની આંખે. ફરીથી આ બદલ તમારો ખૂબ ખૂબ આભાર.

- ગાંડાભાઈ વલ્લભ

e.mail : gandabhaiv@gmail.com

ચોમેરથી રત્નો એકઠા કરો છો

• તમે ચોમેરથી રત્નો એકઠા કરી વહેંચો છો. કવ્વાલી સરસ હતી. આવું પણ બની શકે તેની કલ્પના નહોતી !

- પરેશ વૈદ્ય

e.mail : prvaidya@gmail.com

બતા તેરી રઝા ક્યા હૈ ?

• તમારું સામયિક અને તેમાંના લેખો મને ગમ્યાં છે. 'સ્વ' અંગેના લેખે 'ખુદી'પણાની યાદ આપી, અને સાથે મુહમ્મદ ઈકબાલ સાંભરી આવ્યા :

ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદીર સે પહેલે
ખુદા ખુદ બંદે સે પૂછે : બતા તેરી રઝા ક્યા હૈ?

તમારા આ પ્રયત્નો અને રવાનગીને સલામ કહું છું. આભાર.

- જબીર મન્સૂરી

e.mail : jabirmansuri@yahoo.co.in

સરસ રસપ્રદ સંપાદન

• આ વેળાનો અંક સરસ સંપાદિત થયો છે. તે રસપ્રદ પણ છે. પૈસા તજી દેનાર પેલા માણસની વાત વિલક્ષણ છે ! 'વૈષ્ણવજન …'ની કવ્વાલી વેધક છે ! આ બધી લીન્ક આપવા માટે આભારી છું. વરસો પહેલાં 'પડોસણ' જોયું હતું, હવે ફરી વાર નિરાંતે જોતાં આનંદ થશે.

- ઉષા ઠક્કર

e.mail : ushathakkar@yahoo.com

(અનુસંધાન છેલ્લા પાન પરેથી)

હવે લેખકને આ વ્રતનાં મળેલાં ફળ ગણાવું છું :

1. સર્વપ્રથમ તો એ દંપતીને પરસ્પર પ્રેમ વધ્યો. પોતાની મર્યાદાઓ છુપાવવાની વૃત્તિ ઘટી અને અવરની મર્યાદા સ્વીકારતાં આવડ્યું
2. એમના વર્ષના ચાર માસ ઉત્સાહથી ભરપૂર જવા લાગ્યા. બાળકો, માવતર અને મિત્રો એમને 'સ્કોર' પૂછતા રહેતા હોવાથી આખો ચાતુર્માસ વ્રતમાંથી ઉત્સવ બની ગયો.
3. દંપતીની ઈશ્વર પર શ્રદ્ધા વધી. માનતાઓ માનીને ઈશ્વરને લાલચ આપવાની કે બાધા રાખીને બ્લૅકમેઈલ કરવાની છોકરમત ગઈ. સારપ અને શક્તિ સાથે સંભવે છે તેવું જ્ઞાન થયું અને એમના આસપાસના સમાજમાં ફેલાયું.
4. એ દંપતી નિયમિત રીતે શરીરસાધનામાં લાગ્યું. અઠવાડિયે ત્રણ કલાક જીમમાં સાથે જવા લાગ્યું. તે કારણે પતિનું બ્લડપ્રેશર ૧૩૫/૯૫માંથી ઘટીને ફરીથી ૧૨૪/૮૪, વગર ઔષધે થઈ ગયું – અને હજુ નીચું જવાનું ચાલુ છે. શરીરના જકડાયેલા સાંધા ચાલુ થયા. પત્નીનું વજન ઘટ્યું અને હજુ ઘટવાનું ચાલુ છે.
5. એમના પાસપોર્ટ-વિસાના પ્રશ્નો હલ થયા.
6. એમના ખાતાં અને રોકાણોની વ્યવસ્થા સુધરી. નવાં રોકાણોનાં કારણે આજે એમને અનેકગણો લાભ થયેલો છે.
7. એમનાં બાળકો પર નિયમિત ધ્યાન અપાતાં બાળકો ભણતરમાં તેજસ્વી થયાં.
8. એમના વિશાળ કૌટુંબિક વટવૃક્ષનાં તમામ સદસ્યોને નિયમિત રીતે ફોન થવા લાગ્યા. સરવાળે સદ્‌ગુણી કુળવધૂઓ અને જમાઈઓ મળતાં સમસ્ત કુળને લાભ થયો.
9. એમના બાગમાં બેવડી સંખ્યામાં ફૂલો અને ફૂલોના પ્રકારો વધ્યા.
10. એમના ઘરમાંથી આશરે સો કિલોગ્રામ કચરાનો નિકાલ થયો. વધુમાં, એ લોકો નવી વસ્તુઓ લેતાં પહેલાં વિચારવા લાગ્યા કે જૂના ભંગારનો નિકાલ શી રીતે કરીશું. આથી ફેંગ-શુઈ સુધરતાં બુદ્ધો, બોધિસત્ત્વો, ચીન અને જપાનના દેવતાઓની કૃપા થઈ અને ઘરમાં ઘર કરી ગયેલ એલર્જીના મંદવાડે વિદાય લીધી. એલર્જીની દવાઓ ન ખાવી પડતી હોવાથી સૌનાં ચિત્ત આનંદમાં રહેવા લાગ્યાં અને લક્ષ્મી, આરોગ્ય અને સરસ્વતીમાં વધારો થયો.
11. એક વાર ચાલુ થયેલી સાત્ત્વિક ઊર્જા અખંડ વહેવા લાગી. હવે એ કુટુંબ થાકતું નથી, ચિડાતું નથી. પ્રસન્નતાનું ઝરણું કલકલ વહે છે.

રોજ રાવણ મરે અને વિજયાદશમી ઉજવાતી હોય, તેવું વાતાવરણ હરિની પ્રત્યક્ષ કૃપા નથી તો બીજું શું છે?

હે ભક્તો, આપને ફરીથી પ્રશ્ન થશે કે આ વ્રત બીજા કોઈએ કર્યું અને સફળ થયા?

હે ભક્તો, બીજા વર્ષથી આ વ્રત લેખકના દિલ્હી વાસી અને મૂળ પ્રયાગના એવા એક મિત્રે કર્યું એમને પણ અનેક પ્રકારના લાભો થયા જાણ્યા છે. આ અસુરો વ્યક્તિગત હોવાથી લેખકે એમને વિગતે પૂછ્યું નથી.

ચાતુર્માસ વ્રતની ફળશ્રુતિ :

મહત્તમ ફળ માટે વરસોવરસ આ વ્રત કરવું.

જે આ વ્રતને સમજ્યા વિના પણ યોગ્ય વિધિથી કરશે તેને હરિ પ્રસન્ન થશે. જે આ વ્રતને સમજીને કરશે તેનાં તો કુળ તરશે.

આ વ્રત કરનારાના પુરાણા કર્મોનાં બંધનોનો નાશ થાય છે. આ વ્રત આખા પરિવારના બધાં સદસ્યો સાથે મળીને કરે તો અપાર લાભ મળે છે અને પિતૃપીડા ઘટે છે.

આ વ્રત કરવાથી નારાયણ શીઘ્ર પ્રસન્ન થાય છે અને તાત્કાલિક ફળ આપે છે. આ વ્રતને અંતે સંતોષરૂપી અમૃતફળ પણ મળે છે. આ વ્રત કરવા મનુષ્ય માત્ર સ્વતંત્ર છે. આ વ્રત કરનાર સ્ત્રી કે પુરુષ કે બાળક અર્જુન, હનુમાન, ગરુડ, જટાયુ, છત્રપતિ શિવાજી મહારાજ અને મહાત્મા ગાંધીની ગતિને પામે છે. આ વ્રત કરનાર મોક્ષને માર્ગે આગળ વધે છે અને એની આસપાસનો સમાજ સુખી થાય છે.

આ ચાતુર્માસ વ્રત કરેથી ભક્ત આરાધનામાં ટીનએઈજ ભક્તિનું એક પગલું આગળ વધશે. એ પોતાનું પોતે કરતો થશે અને હરિને વહાલો થશે. એનો એને પરચો પણ મળશે. જો આ વ્રતની યાદીમાં બીજાંનું ભલું કરવાનાં કામ અટકેલાં હશે અને કરવામાં આવશે તો ભક્ત ઉત્તમોત્તમ ગતિને પામશે.

કળિકાળમાં સર્વસ્વ આપનારું આ વ્રત માત્ર પાલકને જ નહીં, એના સમસ્ત સમાજને લાભ કરનારું છે. આ વ્રતને જે કોઈ કરશે તેને મોક્ષની અનુભૂતિ થશે. જે આ વ્રત કરાવશે તેને પૃથ્વી પર સ્વર્ગની અનુભૂતિ થશે. જે આ વ્રતનું કીર્તનગાન કરશે તે કળિકાળને અંત કરવામાં હરિનું સાધન બનશે. જે આ વ્રતને સાંભળશે તેના અજ્ઞાન તિમિરમાં ઘટાડો આવશે.

જે સમાજના જેટલા લોકો આ વ્રતનું જેટલું પાલન કરશે, જેટલા સાચા હૃદયથી પાલન કરશે તેટલો તે સમાજ સબળ બનશે. તેટલો તે સમાજના શત્રુઓનો પરાભવ થશે. એ સમાજ નિરોગી, આનંદિત અને સમૃદ્ધ બનશે.

જેવાં લેખકનાં ઠર્યાં તેવાં સૌનાં ઠરજો!

(સદ્‌ભાવ : http://gadyarachanaa.wordpress.com/2012/05/07/)

કળિયુગમાં અમોઘ તેવો ચાતુર્માસ વ્રતનો વિધિ

• 'પ્રમથ'

[લેખક લગભગ નાસ્તિક છે, પણ ચાતુર્માસ વ્રત કરે છે. ખરેખર તો, છેલ્લાં બે વર્ષથી લેખક અને લેખકની પત્ની (એમની રીતે) ચાતુર્માસ વ્રત કરે છે. એનું એમને બહુ સુંદર ફળ મળે છે. આજે સમય છે, એને ઇન્ટરનેટ પર વહેંચવાનો, જેથી એમનાં ઠર્યાં છે એવાં સૌનાં ઠરો! … ઉનાળો ઘેરાતો જાય છે અને હમણાં દેવપોઢી અગિયારસ આવીને ઊભી રહેશે. પછી તમારી પાસે આ વ્રતની તૈયારી કરવાનો સમય નહીં રહે - માટે આજથી જ તૈયારી કરવા અને કરાવવા માંડો એવી સર્વે જનોને લેખકની હાર્દિક વિનંતી છે.]

•

ચાતુર્માસ વ્રતનો મહિમા :

હિન્દુ, જૈન, મુસલમાન, ખ્રિસ્તી – બધાં કરી શકે તેવું આ કળિયુગનું વ્રત છે. દેવીઓ અને સજ્જનો, પ્રભુના ભક્તો, સત્યરૂપી ઈશ્વર એક છે અને જુદાં જુદાં નામે ઓળખાય છે. છતાં, ગુજરાતી જાણનાર મોટા ભાગનો વર્ગ હિન્દુ છે આથી આ વ્રતને હિન્દુ રીતે સમજાવાશે.

આ વ્રત આબાલવૃદ્ધ કોઈ પણ કરી શકે છે. આ વ્રત દેવપોઢી અગિયારસથી માંડીને દેવઊઠી અગિયારસ સુધી કરવાનું રહે છે.

ચાતુર્માસ વ્રતનો હેતુ :

આ ચાતુર્માસ વ્રત નારાયણને વહાલા થવા કરવામાં આવે છે.

ચાતુર્માસ વ્રતનું રહસ્ય :

ભાગવત જીવ અને ઈશ્વર વચ્ચે બે સંબંધ બતાવે છે : એક બિલાડીનાં બચ્ચાં જેવો અને બીજો વાંદરીના બચ્ચાં જેવો. બિલાડીનાં બચ્ચાં બિલાડીને સંપૂર્ણ શરણે હોય છે. એની ચિંતા બિલાડી કરે છે. એને મોંમાં લઈને ફરે છે. આવા શરણાગત ભક્તોની યાદીમાં આપને ધ્રુવ, દ્રૌપદી, ગજેન્દ્ર અને શબરીનું સ્મરણ થશે. વાંદરીનાં બચ્ચાં વાંદરીને સ્વપ્રયત્ને વળગેલાં હોય છે. એ વાંદરીથી ન છૂટી જાય તેની ચિંતા કરતાં હોય છે. આવા લોકોને ભાગવત જ્ઞાની કહે છે. આપને એ યાદીમાં ગાંધીજી, શિવાજી, હનુમાન, જટાયુ ને ગરુડનું સ્મરણ થશે.

ભાગવત કહે છે કે બિલાડીનાં બચ્ચાં જેવી ભક્તિ શ્રેષ્ઠ છે. લેખકના વિનમ્ર મતે એ ખોટી વાત છે. લેખક તો 'ટીનએઇજ ભક્તિ'ને માનનારો છે. જેમ ટીનએઇજની દીકરી માને રસોઈમાં મદદ કરે, તેમ ભક્તે (કે કર્મઠે કે જ્ઞાનીએ) પોતાના હાથપગ ચલાવીને ઈશ્વરને મદદ કરવી જોઈએ. જેમ ટીનએઇજનો દીકરો બાપને નામું લખાવે કે ડેલીએથી કૂતરાં હાંકી કાઢે તેમ ઈશ્વરને મદદ કરવી જોઈએ. દુનિયામાં દુઃખો જોઈને નથી લાગતું કે ઈશ્વરને શિવાજી અને ગાંધીજીની અને હનુમાનની વધુ અને શબરીની ઓછી જરૂર છે? આખો સોમાલિયા શબરીની જેમ અન્નદેવતાની પ્રતીક્ષા કરે છે. ત્યાં કોઈ ગરુડ બનીને અન્ન પહોંચાડનારો છે? છે કોઈ રણછોડદાસજી બાપુનો વારસદાર?

ચાતુર્માસ વ્રતની સમજણ :

હા, તો ભક્તો, ફરીથી આવીએ રચનાત્મક ચાતુર્માસ વ્રત પર. હરિનું કામ છે અસુરોનો નાશ કરવાનું. હરિનો વહાલો ભક્ત અસુરોનો નાશ કરે તો હરિ પ્રસન્ન થાય.

એનો અર્થ કોઈ પર લાકડી લઈને તૂટી નથી પડવાનું! આજકાલ તો ગુજરાતમાં બીજા ધર્મના લોકોને જીવતા બાળવાથી હરિ રાજી થાય એવો ભ્રમ પણ ફેલાયેલો છે. બીજા ધર્મના લોકો સામી લેઇનમાં કે બીજી ગલીમાંથી પસાર થતાં ટ્રાફિક જેવા છે. અસુરો રસ્તામાં પડેલા ખાડા જેવા છે. આ તફાવત બરાબર સમજી લો. ખાડા બન્ને બાજુનાને નડે છે. જેમ કે ગુટખા !

ફરીથી, ચાતુર્માસ વ્રત પર આવીએ. કયા અસુરોને મારીએ તો પોલિસ કેઇસ ન થાય અને હરિ રાજી થાય? આપણા વ્યક્તિગત અસુરોનો નાશ કરીએ તો. આપણા વ્યક્તિગત અસુરો ક્યા? જેની આપણને બીક લાગે છે તે, ચીતરી ચડે છે તે કે જેનાથી આપણે ભાગીએ છીએ તે.

ચાતુર્માસ વ્રતનો વિધિ :

1. ઉપનિષદ્ કહે છે : અભિ: – ન ડર! નબળી ઇચ્છા શક્તિનો માણસ જગતને પણ પામી નથી શકતો તો જગદીશને તો શું પામશે? માટે – જાતની સામે ઊભા રહીને તમે જેટલાં કામ ટાળતા હો અથવા કરવા ઇચ્છતા હો અને કરતા ન હો તેની યાદી બનાવો. એ પછી તમારી સ્મૃતિ ખાલી થઈ જવી જોઈએ. યાદ રાખજો કે ચાતુર્માસ વ્રતના જેટલા દિવસ છે તેથી લાંબી યાદી ન થવી જોઈએ. જો યાદી લાંબી વધે તો નજીવાં કામ કાઢતાં જવાનાં પણ ૧૨૦ (અને વચ્ચે અધિક માસ આવે તો ૧૫૦)થી વધુ કામો યાદીમાં ન હોવાં જોઈએ.
2. અચાનક માનો કે દેવઊઠી અગિયારસે વિષ્ણુ પ્રગટ થાય અને વરદાન માગવા કહે તો તમારી પાસે યાદી લખેલી હોવી જોઈએ ને? એ યાદીને ત્રણ ભાગમાં વહેંચો – તમારે કરવા માટે, તમારા જીવનસાથીને કરવા માટે અને બન્નેએ ભેગા મળીને કરવાનાં કામ માટે. આ યાદી લખી નાખો.
3. આ અસુરો તમારા શત્રુઓ છે. એઓ સતત નજરમાં રહેવા જોઈએ. એ યાદીને ફ્રિજ પર લગાડી દો.
4. કોઈ યુદ્ધ સારાં શસ્ત્રો વિના જીતી શકાતું નથી. આથી એક સારી લાલ પેન ફ્રિજ પર બાંધી દો.
5. હવે રામનું નામ લઈ યુદ્ધે ચડો. રોજનું એક કામ પતાવો. ક્રમ મહત્ત્વનો નથી. જો કામ લાંબું હોય તો હનુમાન કે શનિની જેમ એની પાછળ પડો અને ટૂકડે ટૂકડે એ અસુરનો સંહાર કરો.
6. નારાયણને રોજ ખુશી સમાચાર પહોંચાડો કે તમારા જીવનમાંથી એક અસુર આજે અંત પામ્યો. તામસિકતા પર વિજય તે ઈશ્વરની કીર્તિ છે. એ કામ પર યાદીમાં એન્ટ્રી હોય ત્યાં લાલ લીટો મારી દો.
7. કોઈ પણ ભક્તિ ઈશ્વરના કીર્તન વિના અધૂરી છે. સર્વપિતૃ અમાવસ્યા પર ચૈતન્ય મહાપ્રભુની જેમ આ ચાતુર્માસ વ્રતનું કીર્તન કરો. મિત્રો, સંબંધીઓ અને પાડોશીઓ સાથે મળીને આ વ્રતને કારણે આપના જીવનમાં આવેલા ફેરફારોનો ક્યાસ કાઢો અને બીજાને આ વ્રત આવતા વરસે પાળવાની પ્રેરણા આપો. બધાં ધક્કો મારીશું તો કળિકાળ વહેલો જશે.
8. જો તમારો પોતાનો વાંક ન હોય તો કામ ન પતે તો અકળાઓ નહીં. ઈશ્વરની યોજના કંઈ જુદી હશે. એને શરણે જાઓ. યાદીમાં બીજાં ઘણાં કામ હશે તેના પર ધ્યાન કેન્દ્રિત કરો.
9. અતિ લોભ તે નાશનું મૂળ છે. એક વાર અસુરસંહારનો આનંદ મળ્યો પછી અટકવું અઘરું છે. આ કઠિન વ્રતને કરેલા પરિવારે તે મકરસંક્રાંતિ સુધી બાકીના અસુરોની યાદી હાથમાં ન લેવી. આ બહુ અઘરી શરત છે પણ પાળવી જરૂર છે, નહીં તો આવતા ચાતુર્માસનું પુણ્ય નહીં મળે.

ચાતુર્માસ વ્રતની કથા :

હે ભક્તો, આપ પૂછશો કે આ વ્રત પાળ્યેથી કોઈને લાભ થયો?

હે ભક્તો, આ લેખક લગભગ નાસ્તિક છે. લાભ ન થતો હોય તો કામ ન કરવું તેવો રાજસિક પ્રકૃતિનો એ વ્યક્તિ છે. એમાં પણ એ આધુનિક વિજ્ઞાન ભણેલો અને પશ્ચિમની સંસ્કૃતિનો સ્વાદ ચાખેલી કળિયુગી વ્યક્તિ છે. વગર પ્રયોગે એ માને તેમ નથી. છતાં પણ એને આ વ્રતના પાલનથી અપરંપાર લાભ થયો છે.

એણે બે વર્ષ સુધી એની સુલક્ષણા પતિવ્રતા પત્ની સાથે આ વ્રત કર્યું. પહેલે વરસે એમણે ૧૨૦માંથી ૯૭ અસુરો સંહાર્યા તો બીજે વરસે કળિ ઘટી ગયો અને માત્ર ૪૭ અસુરો જ આવી લાગ્યા. બીજે વરસે એમણે ફરીથી પ્રહાર કર્યો તો તેમાંથી પણ ૪૨ અસુરોનો નાશ થયો.

એમની પાપબુદ્ધિમાં ઘટાડો આવ્યો તેથી તેમને સમજાયું કે બાકીના અસુરો તે અસુરો નથી – એ તો એમનો અહંકાર છે. એ તો એમણે અભિમાનથી માની લીધું હતું કે એમને કોઈ ભોગ ભોગવવા છે – પણ વાસ્તવમાં એની આવશ્યકતા જ નહોતી!

(અનુસંધાન પાન 27 પરે)

પ્રકાશક : Vipool Kalyani, 'Holly Cottage', 13 Ferring Close, HARROW, Middlesex HA2 0AR [U.K.] · [26.05.2012]